પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY


# અબતક ®

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

**સુવિચાર**

ઢગલો પુસ્તક વાંચીને બે લીટી પણ નથી લખી શકાતી પણ એક કડવો અનુભવ આખી પુસ્તક લખાવી શકે છે...

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૩-૩-૨૦૨૬, સોમવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૧૩




Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

# યુદ્ધની આગની હોમાતું શેરબજારઃ રૂપિયો ૯૩.૯૭ની નીચલી સપાટીએ

## અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન યુદ્ધ તેમજ ક્રૂડ ઓઈલના ભાવ વધારાની અસરથી ગ્લોબલ માર્કેટ સહિત ભારતીય શેરબજારમાં કડાકો



## સેન્સેક્સમાં ૧૪૫૦ અને નિફ્ટીમાં ૪૯૦ પોઈન્ટથી વધુનો કડાકો

**અબતક, રાજકોટ**

ઈરાન અને ઈઝરાયલ - અમેરિકા વચ્ચેનું યુદ્ધ ક્યારે પુરૂં થશે તેના કોઈ જ સંકેતો મળતા નથી. યુદ્ધ દિનપ્રતિદિન વધુ વિનાશક બની રહ્યું છે. જેના કારણે ભારતીય શેરબજાર પડીને પાદર થઈ ગયું છે. આજે ઉઘડતા સપ્તાહે મુંબઈ શેરબજારના બંને આગેવાન ઈન્ડેક્સમાં અકલ્પનીય કડાકો બોલી ગયો હતો. સેન્સેક્સમાં ૧૫૦૦થી વધુ અને નિફ્ટીમાં ૫૦૦થી વધુનો કડાકો જોવા મળ્યો હતો. રૂપિયો આજે ડોલર સામે ૯૩.૯૭ની સપાટી સુધી સરકી ગયો હતો. સોના અને ચાંદીના ભાવમાં પણ તોતીંગ ઘટાડો જોવા મળ્યો હતો. યુદ્ધના કારણે રોકાણકારોના અબજો રૂપિયાનું ધોવાણ થઈ ગયું છે. જો હજુ યુદ્ધ લાંબુ ચાલશે તો બજાર હજુ પણ તૂટે તેવી શક્યતા હાલ દેખાઈ રહી છે.

આજે સપ્તાહના પ્રથમ ટ્રેડીંગ સેશનમાં ભારતીય (અનુ. આઠમા પાને)

### ટોપ ૧૦ પૈકીની ૫ મોટી કંપનીના માર્કેટ કેપમાં ૧ લાખ કરોડનું ગાબડું

ગયા અઠવાડિયે શેરબજારમાં જોવા મળેલા ઉતાર-ચઢાવ વચ્ચે દેશની ટોપ-૧૦ કંપનીઓમાંથી પાંચ કંપનીઓએ ભારે નુકસાન વેઠવું પડ્યું છે. આ પાંચ કંપનીઓનું કમ્બાઈન્ડ માર્કેટ કેપ રૂ.૧.૦૨ લાખ કરોડ ઘટી ગયું છે. પાછલા સપ્તાહે સેન્સેક્સમાં ૩૦.૯૬ અંક અને નિફ્ટીમાં ૩૬.૬ અંકનો નજીવો ઘટાડો નોંધાયો હતો.માર્કેટ વેલ્યુમાં ઘટાડામાં એચડીએફસી બેંક સૌથી આગળ છે. બેંકની વેલ્યુ એક જ ઝાટકે રૂ.૫૬,૧૨૪.૪૮ કરોડ ઘટીને રૂ.૧૨,૦૧,૨૬૭.૨૮ કરોડ પર આવી ગઈ છે. આ ઉપરાંત એફએમસીજી જાયન્ટ હિન્દુસ્તાન યુનિલિવરની માર્કેટ વેલ્યુમાં પણ રૂ.૧૮,૦૦૯.૬૨ કરોડનો ઘટાડો થયો છે. આ કડાકા વચ્ચે પણ ૫ કંપનીઓએ નફો નોંધાવ્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની માર્કેટ વેલ્યુ રૂ.૪૫,૯૪૨.૭૫ કરોડના ઉછાળા સાથે રૂ.૧૯,૧૪,૨૩૫.૯૨ કરોડ પર પહોંચી ગઈ છે. ભારતી એરટેલની વેલ્યુ રૂ.૨૪,૪૬૨.૦૩ કરોડ વધી છે. આ સિવાય એસબીઆઈ માર્કેટ કેપમાં રૂ.૧૦,૭૦૭ કરોડ, એલઆઈસીમાં રૂ.૨,૬૨૪ કરોડ અને ઈન્ફોસિસમાં રૂ.૨,૪૭૩ કરોડનો વધારો જોવા મળ્યો છે.

### બુલિયન બજારમાં પણ મંદીની સુનામીઃ સોના - ચાંદીના ભાવમાં જબ્બરો ઘટાડો




યુદ્ધના કારણે સલામત મનાતા સોના અને ચાંદીના ભાવમાં પણ કડાકા બોલી રહ્યા છે. આજે સોનાના ભાવમાં ૧૪૯૦૦ જ્યારે ચાંદીના ભાવમાં ૨૭૧૦૦નો ઘટાડો જોવા મળ્યો હતો. એમસીએક્સ પર આજે એક તબક્કે સોનાના ભાવ રૂ.૧૪૯૦૦ ઘટીને રૂ.૧૨૯૫૯૫ સુધી સરકી ગયા હતા. જ્યારે ચાંદીએ પણ આજે બે લાખની સપાટી તોડી હતી. ચાંદીના ભાવ ૨૭૦૦૦ રૂપિયા તૂટીને ૧૯૯૬૪૦એ પહોંચી ગયા હતા. આ લખાઈ રહ્યું છે ત્યારે વાયદા બજારમાં સોનાના ભાવમાં ૧૦૪૦૦નો ઘટાડો જોવા મળી રહ્યો છે. પ્રતિ ૧૦ ગ્રામ સોનાના ભાવ ૧૩૪૧૦૦ અને ચાંદીના ભાવ ૧૭૭૦૦ના ઘટાડા સાથે ૨૦૯૧૦૦ બોલાઈ રહ્યા છે.

યુદ્ધના કારણે વૈશ્વિક બજારમાં ચાલી રહેલી ભારે ઉથલપાથલની સીધી અસર ભારતીય કોમોડિટી માર્કેટ પર જોવા મળી રહી છે. આજે સોમવારે વાયદા બજાર ખુલતાં સોના અને ચાંદીના ભાવમાં અણધાર્યો અને મોટો ઘટાડો નોંધાયો છે, જેના કારણે બજારમાં ફાળકો પડ્યો છે. ખાસ કરીને મિડલ ઈસ્ટના તણાવ વચ્ચે આર્થિક અનિશ્ચિતતાને કારણે કિંમતોમાં આ મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે.

નિષ્ણાંતોના મતે, આંતરરાષ્ટ્રીય સ્તરે ડોલરની મજબૂતી અને યુદ્ધની સ્થિતિ વચ્ચે પ્રોફિટ બુકિંગને કારણે કિંમતોમાં આ તીવ્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. સામાન્ય ગ્રાહકો માટે આ ખરીદીની તક હોઈ શકે છે, પરંતુ રોકાણકારો માટે આ આંચકા સમાન સમાચાર છે.

# ઈંધણ ભડકે બળ્યુંઃ પાકિસ્તાનમાં ૨૦૦ ટકા તો શ્રીલંકામાં ૨૫ ટકાનો ભાવ વધારો!

## યુધ્ધના કારણે પડોશી દેશોની આર્થિક સ્થિતિ કથળીઃ શ્રીલંકામાં ૪ દિવસનું વર્ક-વિક લાગુ કરાયું





મિડલ ઈસ્ટમાં ઈરાન, અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અને હોર્મુઝ સંકટને કારણે પાકિસ્તાન અને શ્રીલંકાની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. પાકિસ્તાનમાં શાહબાઝ શરીફ સરકારે આર્થિક તંગી અને વૈશ્વિક તેલ સંકટ વચ્ચે મોટો નિર્ણય લેતા લક્ઝરી વાહનોમાં વપરાતા હાઈ-ઓક્ટેન ઈંધણ પરના ટેક્સમાં સીધો ૨૦૦ ટકાનો વધારો ઝીંકી દીધો છે. વડાપ્રધાન શાહબાઝ શરીફની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં હાઈ-ઓક્ટેન ઈંધણ પરનો ટેક્સ ૧૦૦ રૂપિયાથી વધારીને ૩૦૦ રૂપિયા પ્રતિ લિટર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એટલે કે હવે લક્ઝરી વાહન માલિકોએ પ્રતિ લિટર ૨૦૦ રૂપિયા વધુ ચૂકવવા પડશે. (અનુ. આઠમા પાને)

# યુદ્ધ આરપારનું બન્યું! અમેરિકા અને ઈરાનની સામસામી ધમકીઓ

## ટ્રમ્પે ઈરાનને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા માટે ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપ્યું, સામે ઈરાને ગલ્ફ દેશોમાં અમેરિકાના સૈન્ય મથકો પર હુમલાની ધમકી આપી

ટ્રમ્પે ઈરાનને હોર્મુઝ સ્ટેઈટ્સ ખોલવા માટે ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે પરંતુ ઈરાન તેથી જરા પણ ડર્યું નથી. ઉલટાની અમેરિકા ઈઝરાયલને સામી ધમકી આપી છે. ઈઝરાયલી સૈન્યના પ્રમુખોએ ચેતવણી આપી છે ઈરાનનું ફ્યુએલ અને એનર્જી પ્લાંટ ઉપર કોઈ પણ હુમલો કરાશે તો તેના જવાબમાં સંપૂર્ણ ગલ્ફ વિસ્તારમાં રહેતાં અમેરિકા અને તેમના સાથી દેશોના એનર્જી પ્લાંટ, આઈટી નેટવર્ક અને ડીસેલિનેશન સુવિધાઓ ઉપર મિસાઈલ્સ વરસાવશે. આટલું જ નહીં પરંતુ ઈરાને યુદ્ધ વિરામ પણ સ્વીકારવાનો ઈનકાર કરી દીધો છે. ઈરાનના વિદેશમંત્રી અરાઘચીએ જાપાનની ન્યૂઝ એજન્સી ક્યોડો ન્યુઝને આપેલા ઈન્ટરવ્યુમાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે ઈરાન કોઈ પણ યુદ્ધ વિરામ સ્વીકારશે નહીં. તે ગત વર્ષે થયેલી પરિસ્થિતિ ફરી ઊભી થવા દેવા માગતું નથી. ઈરાન યુદ્ધનો સંપૂર્ણ વ્યાપક અને સ્થાયી અંત ઈચ્છે છે. તે એક માત્ર સ્વીકાર્ય સમાધાન છે. યુદ્ધનો સંપૂર્ણ અને કાયમી અંતઃ સાથે નુકસાનની ભરપાઈ થવી જોઈએ અને ફરી હુમલા ન થાય તેની ગેરેન્ટી મળવી જોઈએ.તે સર્વવિદિત છે કે અમેરિકા એ ઈરાનને પરમાણુ સમજૂતી માટે ત્રણ તક આપી છે. પરંતુ ત્રણે વખત મીટીંગ અસફળ રહી. તેથી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના દિવસે ઈઝરાયલ અમેરિકાએ સાથે મળી ઈરાન પર હુમલો કર્યો. તેમણે ઈરાનની સેનાનાં મથકોને નિશાન બનાવ્યાં. ઈરાનના



સુપ્રીમ વડા યાયાતોલ્લા અલિ ખોમેનેઈને ખતમ કરી નાખ્યા. ઈરાનનાં તેલનાં સ્થાનો પર હુમલા કરી રીફાઈનરીઓને નુકસાન કરી તેની ઉત્પાદન ક્ષમતા પ્રભાવિત કરી ઈરાનને સક્કડ઼ ઘા માર્યો છે.તેની વળતી કાર્યવાહીમાં ઈરાને મિસાઈલ ડ્રોન એટેક શરૂ કર્યા. અમેરિકાની તે દેશોમાંની ૨૨,૦૦૦ કરોડની ડીફેન્સ સીસ્ટમ ખતમ કરી નાખી. સાથે હોર્મુઝ સ્ટેઈટસ અમેરિકા અને ઈઝરાયલ માટે બંધ કરી તે ખોલવા માટે અમેરિકાએ ઈરાનને ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે. ઈરાન તે ખોલવા માટે શરતો મુકે છે. અમેરિકાને અને ઈઝરાયલને તે શર્તો સ્વીકાર્ય નથી. તેવામાં ઈરાને ૪,૦૦૦ કીમી દૂર ડીયાગોગાર્શિયાના હિન્દ મહાસાગરમાં રહેલાં અમેરિકા (અનુ. આઠમા પાને)

# ભારતીય સેનાની તાકાતમાં મોટો વધારોઃ સરહદ પર વધુ એક પિનાકા રેજિમેન્ટ તૈનાત થશે

## પાકિસ્તાન અને ચીન બોર્ડર પર વધતા સુરક્ષા ખતરાને પગલે લેવાયો નિર્ણયઃ વર્ષના અંત સુધીમાં આ ૮મી રેજિમેન્ટ પણ ઓપરેશનલ થશે




**અબતક, નવી દિલ્હી**

પશ્ચિમી અને ઉત્તરીય સરહદો પર, ખાસ કરીને પાકિસ્તાન અને ચીન તરફથી વધતા સુરક્ષા ખતરાને ધ્યાનમાં રાખીને ભારતીય સેનાએ પોતાની તાકાતમાં મોટો વધારો કર્યો છે. ગયા વર્ષે પાકિસ્તાન સાથે થયેલા સંઘર્ષ બાદ ભારતીય સેનાએ વધુ એક પિનાકા રોકેટ લોન્ચર રેજિમેન્ટનો ઉમેરો કર્યો છે. આ નવી રેજિમેન્ટ કાર્યરત થવાની સાથે જ હવે ભારતીય સેના પાસે પાકિસ્તાન અને ચીન બોર્ડર પર તૈનાત પિનાકા રેજિમેન્ટની કુલ સંખ્યા ૭ થઈ ગઈ છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, સેના દ્વારા ૮મી રેજિમેન્ટ માટે અડધાથી વધુ ઉપકરણો પ્રાપ્ત કરી લેવામાં આવ્યા છે અને ૨૦૨૬ના અંત સુધીમાં આ રેજિમેન્ટ પણ ઓપરેશનલ થઈ જશે તેવી અપેક્ષા છે. આ ઉપરાંત, આવતા વર્ષે વધુ બે રેજિમેન્ટને કાર્યરત કરવાની તૈયારીઓ ચાલી રહી છે. જેની સાથે દેશની સરહદો પર તૈનાત પિનાકા રેજિમેન્ટની કુલ સંખ્યા વધીને ૧૦ થઈ જશે. સેનાએ લાંબા ગાળાના આયોજન હેઠળ ૨૨ પિનાકા રેજિમેન્ટ ઉભી કરવાનું લક્ષ્ય રાખ્યું છે, જેમાં નવી અને લાંબા અંતરની ગાઈડેડ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે.

આ પ્રોજેક્ટના ઈતિહાસ પર નજર કરીએ તો, ઓગસ્ટ ૨૦૨૦માં ભારતીય સેનાએ છ પિનાકા રેજિમેન્ટના સપ્લાય માટે દેશની અગ્રણી કંપનીઓ સાથે કરાર કર્યા (અનુ. આઠમા પાને)

# નરેન્દ્ર મોદીએ ૮,૯૩૧ દિવસ સરકારના વડા બનીને ઈતિહાસ રચ્યો

## ત્રણ વખત ગુજરાતના મુખ્યમંત્રી અને ત્રણ વખત વડાપ્રધાન, ૨૪ વર્ષ કરતાં વધુ સમય એક પણ રજા લીધા વગર દેશ સેવા કરીઃ અમિત શાહ



**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરકારી તંત્રના વડા તરીકે ૮,૯૩૧ દિવસ હોદ્દા સંભાળી ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો છે. દેશમાં સરકારના વડા તરીકે સૌથી વધુ લાંબા સમય સુધી કાર્યરત રહેવાનો રેકોર્ડ નરેન્દ્ર મોદીના નામે થયો છે. ગુજરાતના મુખ્યમંત્રી અને બાદમાં દેશના વડાપ્રધાનપદે સરકારના વડા તરીકે તેમનું ૨૫મું વર્ષ ચાલી રહ્યું છે. ટોચના કેન્દ્રીય મંત્રીઓએ આ પ્રસંગે વડાપ્રધાનની ઊંડી નિષ્ઠા અને દેશ પ્રથમની ભાવનાને બિરદાવતાં કહ્યું હતું કે, મોદીએ ગરીબોને અધિકાર આપવાની સાથે વૈશ્વિક મંચ પર દેશની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું હતું કે, દેશ તથા દેશવાસીઓ માટે શુદ્ધ સમર્પણ એ મોદીનો મુદ્રાલેખ છે. ગુજરાતના મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન તરીકે તેમનું જીવન અવિરત સેવાનો પર્યાય રહ્યું છે. અમિત શાહ, જે પી નડ્ડા, પીયૂષ ગોયલ, અશ્વિની વૈષ્ણવ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને આ પ્રસંગે અભિનંદન આપતા કહ્યું હતું કે, મોદી યુગ દરમિયાન વિકાસના નવા માનકો સ્થાપિત થવાથી ભારતનું અભૂતપૂર્વ રૂપાંતર થઈ રહ્યું છે. દાયકાઓની અવિરત સેવા થકી મોદીએ જાતે જ પોતાના યુગનું નિર્માણ કર્યું છે. આ નવા ભારતને જીવનપર્યંત પ્રયાસોની જરૂર હતી અને મોદીએ તે કર્યું છે. છેલ્લા ૨૪ વર્ષથી તેઓ એક પણ રજા લીધા વગર દેશ તથા દેશવાસીઓની સેવા કરી રહ્યા છે, જે તેમના (અનુ. આઠમા પાને)

# ભારત એકજૂટ બનીને વર્તમાન પરિસ્થિતિનો સામનો કરેઃ પ્રધાનમંત્રી

## દસ કરોડ ભારતીયો ખાડી દેશોમાં રહે છે, યુધ્ધ શરૂ થયું ત્યારથી અસરગ્રસ્ત દરેક શહેરમાં ભરતીયોને સહાય પુરી પડાઈ

**અબતક, રાજકોટ**

પશ્ચિમ એશિયામાં સંઘર્ષની પરિસ્થિતિ પર પીએમ મોદીએ તેમનું પહેલીવાર સંબોધન કર્યુ. મોદીએ કહ્યું- હું આ ગૃહમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને ભારત પર તેની અસર અંગે ચર્ચા કરવા આવ્યો છું. ત્યાંની પરિસ્થિતિ હાલમાં ચિંતાજનક છે. લોકસભામાં ૨૫ મિનિટના ભાષણમાં તેમણે કહ્યું કે, ઈરાન-ઈઝરાયલ યુદ્ધની અસરો લાંબા સમય સુધી રહી શકે છે. આપણે કોરોના સંકટની જેમ તૈયાર રહેવું પડશે. જોકે, ભારતની ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે અમે વૈકલ્પિક ઉકેલો પણ શોધી રહ્યા છીએ.તણાવનો અંત આવવો જોઈએ. વાતચીત જ એકમાત્ર ઉકેલ છે.નાગરિકો અને પાવર પ્લાન્ટ પર હુમલા અસ્વીકાર્ય છે. મોદીએ કહ્યું હોર્મુઝ સ્ટ્રેટને બંધ કરવાનું સ્વીકાર્ય નથી.પીએમએ કહ્યું, સરકાર દેશમાં (અનુ. આઠમા પાને)

### આપણી પાસે ગેસ અને અન્નનો જથ્થો પૂરતો, ભવિષ્માં તેલ સંકટને રોકવા માટે ભારત પાસે પુરતો પ્લાન

હાલની પરિસ્થિતિમા દેશના કોઈ પણ નાગરિક અફવાઓને પ્રોત્સાહન ન આપે કે ન ફેલાવે. આપની પાસે ગેસ અને અન્નો પૂરતો જથો છે. કોઈ પણ દેશવાસીઓ અછતનો ભય ના રાખે. તમામ ને પ્રાથમિક ચીજવસતું મેળવવા માટે હેરાન નહીં થવૂં પડે.પી એમ મોદીએ સમજાવ્યું, ''ભારતમાં ભવિષ્યમાં તેલ સંકટને રોકવા માટે, અમે નવા દેશોમાંથી તેલ ખરીદી રહ્યા છીએ. રેલવે, ઈલેક્ટ્રિક વાહનોનું વીજળીકરણ અને વૈકલ્પિક ઉર્જા પર કામ સુરક્ષિત ભવિષ્ય સુનિશ્ચિત કરશે.હવે અડધી ઉર્જા નવીનીકરણીય ઉર્જામાંથી મળી રહી છે.૨૫૦ ગીગાવોટ વીજળી નવા સ્ત્રોતોમાંથી આવી રહી છે. ૪૦ લાખ રૂફટોપ સોલાર પેનલ લગાવવામાં આવી છે. પરમાણુ ઉર્જા ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

### મેં પશ્ચિમ એશિયાના મોટાભાગના રાષ્ટ્રાધ્યક્ષો સાથે ફોન પર વાત કરીઃ નરેન્દ્ર મોદી

પીએમ મોદીએ કહ્યું, ભારતની સંસદ આ સંકટ અંગે વિશ્વને સર્વસંમતિથી અને એકીકૃત અવાજ પહોંચાડે તે જરૂરી છે. યુદ્ધ શરૂ થયું ત્યારથી, અસરગ્રસ્ત વિસ્તારોમાં દરેક ભારતીયને જરૂરી સહાય પૂરી પાડવામાં આવી છે. પશ્ચિમ એશિયાના મોટાભાગના રાષ્ટ્રાધ્યક્ષો સાથે વ્યક્તિગત રીતે બે રાઉન્ડ ફોન પર વાત કરી છે. બધાએ ભારતીયોની સુરક્ષાની સંપૂર્ણ ખાતરી આપી છે. કમનસીબે, આ સમય દરમિયાન કેટલાક લોકોના દુઃખદ મૃત્યુ થયા છે અને અન્ય ઘાયલ થયા છે. આ મુશ્કેલ પરિસ્થિતિઓમાં, પરિવારોને સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

### પશ્ચિમ એશિયામાંથી ૩.૭૫ લાખ ભારતીયો સુરક્ષિત રીતે પરત ફર્યા

કમનસીબે, કેટલાક લોકો મૃત્યુ પામ્યા છે અને અન્ય ઘાયલ થયા છે. તેમના પરિવારોનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે. સહાય પૂરી પાડવામાં આવી રહી છે. અમારા મિશન ત્યાં રહેતા ભારતીયોને જરૂરી સહાય પૂરી પાડી રહ્યા છે. ભારત અને અન્ય દેશોમાં ૨૪૭૭ હેલ્પલાઈન કાર્યરત છે, જે દ્વારા મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડે છે. આ સંકટ દરમિયાન ભારતીયોની સલામતી અમારા માટે સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે. હાલમાં ૩ લાખ ૭૫ હજાર ભારતીયો સુરક્ષિત રીતે દેશમાં પાછા ફર્યા છે. હજારો લોકો ફક્ત ઈરાનથી જ સુરક્ષિત રીતે પાછા ફર્યા છે. તેમાંથી ૭૦૦ થી વધુ યુવાન મેડિકલના વિદ્યાર્થીઓ છે.

## નાગરિકો અને પાવર પ્લાન્ટ પર હુમલા અસ્વીકાર્ય, હોર્મુઝ સ્ટ્રેટને બંધ કરવાનું સ્વીકાર્ય નથીઃ પીએમ

## પૃથ્વીનો સંદેશ: હવામાનને સમજો, જીવન બચાવો

# આજનું અવલોકન, આવતીકાલનું રક્ષણ: આજે વિશ્વ હવામાન દિવસ

### પૃથ્વી નિરીક્ષણ અને હવામાન આગાહી માત્ર વૈજ્ઞાનિક કાર્ય નથી, પરંતુ માનવ જીવન, કૃષિ, અર્થતંત્ર અને આપત્તિ નિવારણ માટે અનિવાર્ય છે: અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ હવામાન આગાહીને વધુ ચોક્કસ બનાવવા માટે ઉપયોગી

હવામાન કેવું રહેશે ? આ એક સામાન્ય પ્રશ્ન છે, આજના યુગમાં બધા લોકો પૂછતા હોય છે. આજે વિશ્વ હવામાન દિવસ છે, ત્યારે આપણે જ પૃથ્વીનું કુદરતી વાતાવરણ બગાડ્યું છે અને આપણે જ તેને હવે પાછું મૂળ સ્થિતિમાં લાવવાનું છે. હરિયાળી અને સુંદર વાતાવરણવાળી પૃથ્વી આપણે ભાવિ પેઢીને આપવાની છે.

**નોલેજ કોર્નર**




**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

૨૩ માર્ચ ૧૯૫૦ના રોજ વિશ્વ હવામાન સંસ્થાની સ્થાપનાની યાદમાં ૧૯૫૧માં વિશ્વ હવામાન વિજ્ઞાન દિવસની સ્થાપના કરવામાં આવી હતી. આજનો દિવસ પૃથ્વીનું નિરીક્ષણ, હવામાન આગાહી અને આપત્તિ પૂર્વ ચેતવણી સિસ્ટમને મજબૂત બનાવવાની મહત્વતા પર ભાર મૂકે છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે ચોક્કસ પૃથ્વી નિરીક્ષણ અને હવામાન આગાહી માત્ર વૈજ્ઞાનિક કાર્ય નથી, પરંતુ માનવ જીવન, કૃષિ, અર્થતંત્ર અને આપત્તિ નિવારણ માટે અનિવાર્ય છે.

આ સંસ્થા દર વર્ષે વિશ્વ હવામાન દિવસ માટે એક સૂત્ર જાહેર કરે છે અને આ દિવસ વિશ્વના તમામ સભ્ય દેશોમાં ઉજવવામાં આવે છે. આ વર્ષની ઉજવણી થીમ ‘‘આજનું અવલોકન, આવતીકાલનું રક્ષણ‘‘ છે, જે વિશ્વસનીય આગાહી અને સ્થિતિસ્થાપકતા નિર્માણ પ્રદાન કરવા માટે વાતાવરણ, મહાસાગરો, ક્રાયોસ્ફિયર અને બાયોસ્ફિયરનું સતત, ઉચ્ચ ગુણવત્તાવાળા અવલોકન કરવાના મહત્વ પર ભાર મૂકે છે. તે પૂર, દુષ્કાળ, ગરમીના મોજા અને તોફાન જેવી આત્યંતિક ઘટનાઓની આગાહીમાં સુધારો કરવા માટે કૃત્રિમ બુદ્ધિ-આધારિત વિશ્લેષણ, ઉપગ્રહ નેટવર્ક અને વધુ વ્યાપક ગ્રાઉન્ડ સેન્સર જેવી નવીન તકનીકોને સમર્થન આપીને મોનિટરિંગ નેટવર્કની ખામીઓનો સામનો કરે છે. આજની ઉજવણીનો હેતુ અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ સાથે હવામાન આગાહી વધુ ચોક્કસ બનાવવા માટે અને આપત્તિ પૂર્વ ચેતવણીમાં પૂર, વાવાઝોડા, દુષ્કાળ જેવી કુદરતી આપત્તિઓ સામે તૈયારી કરવી અને ક્લાઈમેટ રિઝિલિયન્સમાં કૃષિ, જાહેર સુરક્ષા અને વિકાસ ક્ષેત્રોમાં સ્થિરતા વધારવાનો છે.

વૈશ્વિક મહત્વમાં કેરિબિયન અને અન્ય પ્રદેશોમાં વાવાઝોડા, પૂર અને દુષ્કાળ જેવી આપત્તિઓ વધુ તીવ્ર બની રહી છે. ભારત જેવા દેશો માટે મોનસૂન આગાહી, પાણી સંચાલન અને કૃષિ માટે ચોક્કસ હવામાન માહિતી અત્યંત જરૂરી બને છે. વિશ્વ હવામાન ઓર્ગેનાઈઝેશન દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. આ દિવસનો મુખ્ય હેતુ હવામાન, પર્યાવરણ અને માનવ જીવન વચ્ચેના સંબંધ વિશે જાગૃતિ લાવવાનો છે. હવામાનની સાચી માહિતી ખેડૂતો, આપત્તિ વ્યવસ્થાપન અને દૈનિક જીવન માટે ખૂબ મહત્વપૂર્ણ છે.ક્લાઈમેટ ચેન્જ આજની સૌથી મોટી વૈશ્વિક સમસ્યાઓમાંની એક છે. પૃથ્વીનું તાપમાન વધવું, અનિયમિત વરસાદ, ગરમીની લહેરો, પૂર અને દુષ્કાળ જેવી પરિસ્થિતિઓ તેનો ભાગ છે. તેનું મુખ્ય કારણ માનવ પ્રવૃત્તિઓ જેમ કે ઉદ્યોગોનું પ્રદૂષણ, વૃક્ષોનો નાશ અને ગ્રીનહાઉસ ગેસનું વધતું પ્રમાણ છે. આ સમસ્યાનો ઉકેલ માટે વૃક્ષારોપણ, ઊર્જાનો સંયમિત ઉપયોગ અને પર્યાવરણ પ્રત્યે જવાબદારીપૂર્ણ વર્તન ખૂબ જરૂરી છે.આ દિવસ લોકોને હવામાનમાં થતા ફેરફારો, પ્રાકૃતિક આપત્તિઓ અને ટકાઉ વિકાસ વિશે જાગૃત કરે છે, જેથી માનવીય દુઃખ ઘટાડી શકાય. દર વર્ષે એક નવું સૂત્ર જાહેર થાય છે જે વર્તમાન પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ દિવસ પૃથ્વી પરના પર્યાવરણમાં આવતા પરિવર્તનો અને માનવજીવન પર તેની ગંભીર અસરો વિશે ચેતવણી આપે છે. આજનો દિવસ મુખ્યત્વે આ ખતરાઓ તરફ આપણું ધ્યાન દોરે છે.આબોહવા પરિવર્તન, વધતું તાપમાન: પૃથ્વીનું સરેરાશ તાપમાન સતત વધી રહ્યું છે, જે ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર છે.અત્યંત આત્યંતિક હવામાનમાં ગરમીના મોજા, દુષ્કાળ અને જંગલોમાં લાગતી આગ જેવી ઘટનાઓની તીવ્રતા અને આવૃત્તિમાં વધારો થયો છે. કુદરતી આફતોનું જોખમમાં પૂર અને અતિવૃષ્ટિ અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધવાને કારણે ભારે વરસાદ અને વિનાશક પૂરની ઘટનાઓ વધી રહી છે. ચક્રવાતોમાં સમુદ્રનું તાપમાન વધવાને કારણે વાવાઝોડા અને ચક્રવાતો વધુ શક્તિશાળી બની રહ્યા છે, જેનાથી તટીય વિસ્તારોમાં ભારે નુકસાન થવાની સંભાવના રહે છે. સમુદ્ર અને જળ સ્તર વધારામાં ગ્લેશિયર્સ અને ધ્રુવીય બરફ પીગળવાને કારણે સમુદ્રનું જળસ્તર વધી રહ્યું છે, જે નીચાણવાળા દરિયાકાંઠાના વિસ્તારો માટે મોટો ખતરો છે. સમુદ્રનું વધતું તાપમાન દરિયાઈ જીવસૃષ્ટિ અને પર્યાવરણીય સંતુલન ખોરવે છે. સામાજિક અને આર્થિક અસરોમાં ખોરાક અને જળ સુરક્ષા સાથે હવામાનની અનિયમિતતા ખેતીવાડીને સીધી અસર કરે છે, જે ખોરાકની અછત અને પીવાના પાણીની સમસ્યાઓ નોતરે છે.




કુદરતી આફતોને કારણે લાખો લોકોએ પોતાનું ઘરબાર છોડીને સ્થળાંતર કરવું પડે છે, જે એક મોટી માનવીય કટોકટી છે. WMO ના મૂળ ૧૮૭૩ માં સ્થાપિત આંતરરાષ્ટ્રીય હવામાન સંગઠનમાં છે, જેની સ્થાપના સરહદો પાર હવામાન અવલોકનો શેર કરવા માટે કરવામાં આવી હતી. એવી દુનિયામાં જ્યાં વાતાવરણ કોઈ સીમા જાણતું નથી, આ પ્રારંભિક સહયોગે આજની વૈશ્વિક નિરીક્ષણ અને આગાહી પ્રણાલીઓ માટે પાયો નાખ્યો હતો. દૈનિક આગાહીથી લઈને ભારે હવામાનની પ્રારંભિક ચેતવણીઓ સુધી, આ સેવાઓ કૃષિ, ઉડ્ડયન, ઊર્જા, આપત્તિ જોખમ વ્યવસ્થાપન અને અન્ય ઘણા ક્ષેત્રોને ટેકો આપે છે.આજના યુગમાં હવામાનની આગાહી માટે અદ્યતન ડોપ્લર રડાર, INSAT અને AI ના ઉન્નત મોડેલ જેવા ઉપગ્રહોનો ઉપયોગ કરીને, IMD દ્વારા અવલોકનો ૧.૪ અબજથી વધુ લોકોને ચક્રવાત, પૂર અને ગરમીના મોજા સામે રક્ષણ આપી શકે છે, જે આ વિસ્તારમાં સામાન્ય છે. દરેક આગાહી ઉપગ્રહો, હવામાન ફુગ્ગાઓ, સમુદ્રી બોય, વિમાન અને હજારો ગ્રાઉન્ડ સ્ટેશનોના વિશાળ વૈશ્વિક નેટવર્ક પર આધાર રાખે છે જે વાતાવરણીય પરિસ્થિતિઓને સતત રેકોર્ડ કરે છે. આ અવલોકનો હવામાન અને આબોહવા બુદ્ધિનો આધાર બનાવે છે, જે સચોટ આગાહીઓ અને સમયસર ચેતવણીઓને સક્ષમ બનાવે છે. જેમ જેમ આબોહવા પરિવર્તન આત્યંતિક હવામાનની આવર્તન અને તીવ્રતામાં વધારો કરે છે, તેમ વિશ્વસનીય, સુલભ માહિતીની જરૂરિયાત ક્યારેય વધી નથી. એક ટૂંકી ચેતવણી પણ જીવન બચાવી શકે છે અને નુકસાન ઘટાડી શકે છે. પૃથ્વીની પરિક્રમા કરતા ઉપગ્રહોથી લઈને વાતાવરણમાં છોડવામાં આવતા હવામાનશાસ્ત્રીય ફુગ્ગાઓ, સમુદ્રના બોય અને મોજાઓ પર સવારી કરતા જહાજો, દૂરના સ્ટેશનો સુધી, હવામાનશાસ્ત્રીય અવલોકનો આપણા રોજિંદા દિનચર્યાઓથી લઈને અબજો ડોલરના નિર્ણયો સુધી બધું જ તેના આધાર રાખે છે.

### હવામાન બદલાય છે, હવે બદલાવનો સમય આપણો

આકાશના સંકેતો, માનવ માટે ચેતવણી રૂપ છે. આજના યુગમાં હવામાનની જાગૃતિ કુદરત સાથેનું સંતુલન છે. વૈશ્વિક ક્લાઈમેટની કાળજી જ આવતીકાલની સુરક્ષા ગણાય છે. આપણી પ્રકૃતિ બોલે જ છે, પણ આપણે સાંભળતા જ નથી. આ સંસ્થા ૧૯૧ દેશોનું સંગઠન છે, જે વાતાવરણ, મહાસાગરો અને કુદરતી આફતોની માહિતી આપે છે. આ દિવસ માત્ર ખતરાઓની વાત નથી કરતો, પરંતુ ‘‘પૂર્વ ચેતવણી અને પૂર્વ તૈયારી‘‘ પર ભાર મૂકે છે. આધુનિક ટેકનોલોજી અને સચોટ ડેટા દ્વારા આપણે કુદરતી આફતોની આગાહી કરી શકીએ છીએ અને જાન-માલનું નુકસાન ઘટાડી શકીએ છીએ.

**દુષ્કાળ, ગરમીના મોજા અને તોફાન જેવી ઘટનાઓની આગાહીમાં સુધારો કરવા માટે કૃત્રિમ બુદ્ધિ-આધારિત વિશ્લેષણ, ઉપગ્રહ નેટવર્ક અને વધુ વ્યાપક ગ્રાઉન્ડ સેન્સર જેવી નવીન તકનીકોને સમર્થન આપીને મોનિટરિંગ નેટવર્કની ખામીઓનો સામનો કરે છે**

# ટીબી મુક્ત ભારત’ના સંકલ્પ સાથે રાજકોટ અને પડધરીમાં સેવાયજ્ઞ: જરૂરિયાતમંદ દર્દીઓને અપાશે પોષણ કીટ

### વિશ્વ ટીબી દિવસ-૨૦૨૬ નિમિત્તે રોટરી ક્લબ ઓફ રાજકોટ ગ્રેટર અને સત્યમ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા વિશેષ આયોજન

**અબતક, રાજકોટ**

વિશ્વ ટીબી દિવસ-૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ‘ટીબી મુક્ત ભારત’ અભિયાનને સાકાર કરવાના ઉમદા હેતુથી રાજકોટ શહેર અને જિલ્લામાં વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ટીબીના રોગ સામે લડવા માટે દવાની સાથે પૌષ્ટિક આહાર અત્યંત અનિવાર્ય હોવાથી, જરૂરિયાતમંદ દર્દીઓને પોષણ કીટ પૂરી પાડીને તેમના સ્વાસ્થ્યમાં સુધારો લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ અભિયાન અંતર્ગત સત્યમ ફાઉન્ડેશન ટ્રસ્ટ, રાજકોટ દ્વારા આગામી ૨૩ માર્ચ, ૨૦૨૬ના રોજ પડધરી સરકારી હોસ્પિટલ ખાતે ટીબીના જરૂરિયાતમંદ દર્દીઓને પોષણ આહાર કીટ વિતરણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ત્યારબાદ, ૨૪ માર્ચના રોજ રોટરી ક્લબ ઓફ રાજકોટ ગ્રેટર દ્વારા જિલ્લા ક્ષય કેન્દ્ર, રાજકોટ ખાતે પણ ટીબીના દર્દીઓને પોષણ કીટ આપીને મદદરૂપ થવાનો સેવાયજ્ઞ યોજાશે.

બંને સંસ્થાઓ દ્વારા જનતાને અપીલ કરવામાં આવી છે કે, આ સેવાકીય પ્રવૃત્તિમાં આપશ્રી પણ પોષણ આહાર કીટ આપીને ટીબી મુકત ભારતના અભિયાનમાં સહભાગી થઈ શકો છો. આ પ્રકારના સહયોગથી ટીબીના દર્દીઓને આર્થિક અને શારીરિક રીતે મોટું પીઠબળ પ્રાપ્ત થશે.

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

### રીબડા સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાપીઠના મેદાનમાં જંગની જમાવટ

**અબતક, રાજકોટ**

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા સૌરાષ્ટ્ર વિભાગ એક અને બે દ્વારા આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ અને માતૃશક્તિ સ્પોર્ટ્સ ૨૬ નો શુભારંભ એસજીવીપી ગુરુકુળ રીબડા ખાતે કરવામાં આવ્યો હતો.

ઉદઘાટન માં જિલ્લા પ્રમુખ સંજયભાઈ હુંબલ આ કાર્યક્રમને ગૌરવ રૂપ જણાવ્યું હતું. મહામંત્રી સાગરભાઈ પોપટે કાર્યક્રમ રૂપરેખા આપી હતી અને સંગઠન દ્વારા નાની નાની બાબતોને ધ્યાનમાં રાખીને સમગ્ર સૌરાષ્ટ્રમાં થયેલ સંકલન અને એક મહિનાની મહેનતથી યોજાયેલ એસ પી એલ ટુર્નામેન્ટ ડિપ્રેશન સા કરી હતી આ કાર્યક્રમમાં દેવાયતભાઈ ભોળા હિતેશભાઈ ગોપાણી એ સંગઠનની કાર્યપ્રણાલી માર્ગદર્શન આપ્યું હતું આશિષભાઈ વેકરીયા દ્વારા કેન્દ્રીય રમત ગમત મંત્રી મનસુખભાઈ માંડવીયા નો સંદેશ નું પઠન કર્યું હતું.

ગુરુકુળના ધર્મ વત્સલદાસજી એ શિક્ષણ અને સંસ્કાર બંનેને આજના સમાજની મુખ્ય માંગ ગણાવી બાળકને માત્ર શિક્ષણ નહીં પરંતુ સર્વાંગી વિકાસ થાય એ માટે સંસ્કાર પણ મળવા જોઈએ હિતેશભાઈ ભંડેરીએ આભાર વિધિ કરી હતી.

ટુર્નામેન્ટના પ્રથમ દિવસે સાત મેચો અને છ માતૃશક્તિ સ્પોર્ટ ઈવેન્ટ યોજાય હતી, જેમાં ટેકનીકલ માર્ગદર્શનમાં આશિષભાઈ ગોલવાડા, અમ્પાયરિંગ અરવિંદસિંહ ઝાલા અને ટુર્નામેન્ટ નું સ્કોરિંગ હિતેશભાઈ જોટાણીયા એ કરી કાર્યક્રમનો કન્વીનીગ શૈલેષભાઈ ભીમાણીદ્વારા કરવામાં આવ્યું હતું.

એસ પી એલ ના પ્રારંભ અવસરે જિલ્લાના તમામ આઠ ધારાસભ્યો, ત્રણ સાંસદો ,કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખભાઈ માંડવીયાએ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

આ કાર્યક્રમમાં ગુરુકુળના ડિરેક્ટર ધર્મવત્સલ દાસજી ,ઋષિકેશ સ્વામી, મહાસંઘના સંગઠન મંત્રી હિતેશભાઈ ગોપાણી, દેવાયતભાઈ ભોળા ,હિતેશભાઈ કણઝરીયા, તરુણભાઈ વ્યાસ ,રાખીબેન રાઠોડ ,જનકભાઈ સાંબવા ,ઉદ્યોગપતિ દિલીપભાઈ મુગરા, રાજદિપસિંહ જાડેજા ,ડો કિશોરભાઈ ભેસાણીયા ,મનસુખભાઈ વેકરીયા ,હર્ષદભાઈ પારઘી, ભરતભાઈ મધુડા વિપુલભાઈ પાંચાણી, અજયભાઈ મોદી ભગવતી બિલ્ડર, રવિભાઈ પટેલ લેપવીંગ બ્રાન્ડ ડેક, દિલીપભાઈ રામાણી ઉદય નસીબ ફાઈનાન્સ ના જોશી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રજા વિનાનું રાજ-થાક વિનાની સેવા નરેન્દ્રભાઈના ૨૫ વર્ષના શાસનને બિરદાવતા રાજુભાઈ ધ્રુવ

### વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૮૯૩૧ દિવસના અવિશ્રામી શાસનનો રચ્યો ઐતિહાસિક કીર્તિમાન

**અબતક, રાજકોટ**

ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રજા વિના સતત ૮૯૩૧ દિવસ સુધી શાસન કરવાનો અભૂતપૂર્વ વિક્રમ સ્થાપ્યો છે, તે બદલ રાજુભાઈ ધ્રુવે તેમને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા છે. વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૪ સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૧૩ વર્ષ અને ત્યારબાદ ૨૦૧૪ થી અત્યાર સુધી વડાપ્રધાન તરીકે ૧૨ વર્ષ મળીને કુલ ૨૫ વર્ષના આ લાંબા શાસનકાળમાં તેમણે એક પણ દિવસનો વિરામ લીધા વિના રાષ્ટ્રને સમર્પિત જીવન જીવ્યું છે. રાજુભાઈ ધ્રુવે જણાવ્યું હતું કે આ કીર્તિમાન ૧૪૦ કરોડ દેશવાસીઓના અતૂટ વિશ્વાસનું પરિણામ છે અને ભારતીય રાજકારણના ઈતિહાસમાં આ દિવસ સુવર્ણ અક્ષરે લખાશે.



નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત આજે આંતરરાષ્ટ્રીય સ્તરે સન્માનજનક સ્થાન ધરાવે છે. તેમણે ગુજરાતમાં વિકાસના નવા મોડેલ સ્થાપ્યા બાદ દેશભરમાં છેવાડાના માનવી સુધી લાભ પહોંચે તેવી અનેક ક્રાંતિકારી યોજનાઓ અમલી બનાવી છે. જેમાં ગરીબ પરિવારો માટે ’પ્રધાનમંત્રી આવાસ યોજના’, મહિલાઓ માટે ’ઉજ્જવલા યોજના’, ૧૦ કરોડ પરિવારોને આરોગ્ય કવચ આપતી ’આયુષ્માન ભારત યોજના’, અને ખેડૂતો માટે ’કિસાન સન્માન નિધિ’ જેવી યોજનાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ’એક રાષ્ટ્ર, એક અન્નપત્રિકા’ અને ’નળથી જળ’ જેવી યોજનાઓ દ્વારા સામાન્ય નાગરિકોના જીવનસ્તરમાં સકારાત્મક પરિવર્તન લાવીને તેમણે સાચા અર્થમાં ’લોકનાયક’ તરીકેની છાપ ઊભી કરી છે. રાજુભાઈ ધ્રુવે વડાપ્રધાનના પુરુષાર્થને બિરદાવતા કહ્યું કે, પ્રખર રાષ્ટ્રભકિત અને સ્થિર શાસન આપનાર નરેન્દ્રભાઈ મોદી ’ન ભૂતો ન ભવિષ્યતિ’ સમાન નેતા છે. તેમના સબળ નેતૃત્વ હેઠળ આજે ભારતની સરહદો સુરક્ષિત છે અને કોઈ પણ દુશ્મન દેશ ભારત સામે આંખ ઉઠાવવાની હિંમત કરી શકતો નથી. વિદેશી મૂડીરોકાણને પ્રોત્સાહન આપીને ભારતને આર્થિક મહાસત્તા બનાવવાની દિશામાં તેમના પ્રયત્નો પ્રશંસનીય છે. એક પ્રભાવશાળી સંગઠનકારથી લઈને વિશ્વના સર્વાધિક લોકપ્રિય નેતા સુધીની તેમની આ સફર પ્રત્યેક ભારતીય અને વિશેષ કરીને ગુજરાતીઓ માટે અત્યંત ગૌરવની ક્ષણ છે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૪.૩.૨૦૨૬ મંગળવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર સુદ છઠ, રોહિણી નક્ષત્ર, પ્રીતિ યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ વૃષભ (બ,વ,ઉ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** આર્થિક બાબતો માં સારું રહે, બેન્ક બેલેન્સ વધારી શકો, નાણાકીય લેવડ દેવડમાં લાભ થાય પરંતુ યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બનશે.

**વૃષભ (બ,વ,ઉ) :** સવારથી તમારા મનમાં અનેક નવા કાર્યની સૂચિ આવી શકે છે અને તમે તમારા પ્રયત્નથી તમામ કાર્ય સારી રીતે પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ રહે.

**મિથુન (ક,છ,ઘ) :** ગોચર ગ્રહો મુજબ જોઈએ તો બારમે ચંદ્રમા મનને થોડું દ્વિધામાં રાખે છે વળી ખર્ચ પર અંકુશ રાખવો હિતાવહ છે, આવક જાવક નો હિસાબ રાખવો જરૂરી બને.

**કર્ક (ડ,હ) :** થોડા સમયથી તમને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હશો પરંતુ હવે ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ લાભદાયક રહે.

**સિંહ (મ,ટ) :** જે મિત્રો વ્યવસાય બાબતે પરેશાન થાય છે તેમને રસ્તો મળતો જોવા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો અવસર આવી શકે છે. દિવસ લાભદાયક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** આજના દિવસે તમારે મન પાસેથી ઘણું કામ લેવાનું રહેશે, પોઝિટિવ વિચારો થી ખુબ લાભ મળે, આગળ વધવાની તક મળે.

**તુલા (ર,ત) :** પ્રણયમાર્ગે ચાલનારા માટે સારા સમાચાર આવી શકે, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, દિવસ ખુશનુમા વીતે .

**વૃશ્ચિક (ન,ય ) :** નવા અભ્યાસ કે જ્ઞાનને લગતી બાબતોમાં સારું રહે, ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રો માટે સારી તક આવે,પ્રગતિ થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** અંગત વ્યક્તિ સાથે મતભેદ થઈ શકે છે વળી હિતશત્રુઓથી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે.

**મકર (ખ,જ) :** વિદ્યાર્થીવર્ગને ઉચ્ચ અભ્યાસમાં સફળતા અપાવતો શુભ દિન. યાદશક્તિ અને એકાગ્રતા વધારવા માટે ધ્યાન કરવું જરૂરી બનશે.

**કુંભ (ગ,સ,શ) :** આજના દિવસે તમારા રસના વિષયો માં આગળ વધી શકો વળી નવી વસ્તુની ખરીદી થાય,દિવસ આનંદમાં પસાર થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** આજના દિવસે તમે બનાવેલા સબંધો તમને કામ લાગશે, ભાઈ ભાંડુ સુખ સારું રહે, અંગત મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૩-૦૩-૨૦૨૬ સોમવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ફક્ત પુરુષો માટે)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (બોમ્બે સ્ટાઈલ પાઉંભાજી) +(કચ્છી દાબેલી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સંજય દેસાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (બૈરાઓનો બાહુબલી)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડ૫ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૪-૦૩-૨૦૨૬ મંગળવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૪-૩ -૨૦૨૬ મંગળવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ચૈત્ર શુદ છઠ સુર્ય છઠ
**નક્ષત્ર** રોહિણી
**યોગ** પ્રીતિ **કરણ:** ગર
**સુર્યોદય** ૬.૪૮ **સુર્યાસ્ત:** ૬.૫૯
**ચંદ્ર રાશી** વૃષભ
**રાશિ અક્ષર** બ.વ.ઉ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૨ થી ૧.૨૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૮૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧ | | | | ૨ | |
| | ૨ | | ૩ | ૬ | | | ૫ | |
| ૮ | | | | | | ૪ | | ૬ |
| | ૧ | | | | ૮ | | | ૪ |
| | | | | ૩ | ૭ | | | |
| ૭ | ૪ | | | | | | | |
| ૧ | | | ૮ | ૯ | | | | |
| ૨ | ૯ | | | | | | ૩ | ૭ |
| | | | ૬ | | | ૯ | | ૫ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૯ | ૮ | ૨ | ૫ | ૭ | ૩ | ૪ |
| ૪ | ૨ | ૩ | ૧ | ૭ | ૯ | ૫ | ૬ | ૮ |
| ૮ | ૫ | ૭ | ૬ | ૪ | ૩ | ૧ | ૯ | ૨ |
| ૬ | ૭ | ૧ | ૯ | ૫ | ૮ | ૨ | ૪ | ૩ |
| ૩ | ૮ | ૫ | ૪ | ૧ | ૨ | ૯ | ૭ | ૬ |
| ૯ | ૪ | ૨ | ૭ | ૩ | ૬ | ૮ | ૧ | ૫ |
| ૭ | ૩ | ૬ | ૫ | ૮ | ૧ | ૪ | ૨ | ૯ |
| ૨ | ૧ | ૮ | ૩ | ૯ | ૪ | ૬ | ૫ | ૭ |
| ૫ | ૯ | ૪ | ૨ | ૬ | ૭ | ૩ | ૮ | ૧ |

# ભીના અને સુક્કા કચરા માટે અલગ-અલગ ડસ્ટબીન રાખો: હોકર્સ ઝોનના ધંધાર્થીઓને કમિશનરની તાકીદ

## સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ પણ બંધ કરવા સૂચના આપી: હોકર્સ ઝોનમાં સફાઈ વધારવા અધિકારીઓને આદેશ આપતા તુષાર સુમેરા







**અબતક, રાજકોટ**

ભીના અને સુક્કા કચરા માટે અલગ-અલગ ડસ્ટબીન રાખવા હોકર્સ ઝોનના ધંધાર્થીઓને મ્યુનિ.કમિશનર તુષાર સુમેરા દ્વારા સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ પણ બંધ કરવા તાકીદ કરાય છે.

સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૬ અન્વયે શહેરમાં સ્વચ્છતા વ્યવસ્થા વધુ સુદ્રઢ બને તેમજ જાહેર સ્થળોએ પબ્લિકની અવર-જવર વધુ હોઈ તેમજ પબ્લિકની સુવિધાઓમાં વધારો થાય તે હેતુસર મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ આજે વિવિધ હોકર્સ ઝોન તેમજ ફૂલ બજારની સ્થળ પર મુલાકાત લઈ વિસ્તૃત નિરીક્ષણ કર્યું હતું. હોકર્સ ઝોનમાં સફાઈ વ્યવસ્થા, પબ્લિક ટોઈલેટ અને યુરિનલની સ્થિતિ, કચરાનું સેગ્રિગેશન, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ, કંપોસ્ટ પિટની કામગીરી, નાગરિકો અને વેપારીઓના અભિપ્રાય તેમજ ફૂલ બજારના થડાની હાલત અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

મ્યુનિસિપલ કમિશનરે લક્ષ્મીનગર હોકર્સ ઝોન, અંબિકા ટાઉનશીપ હોકર્સ ઝોન, પુષ્કરધામ મેઈન રોડ હોકર્સ ઝોન, સાધુવાસવાણી મેઈન રોડ હોકર્સ ઝોન અને રામનાથપરા સ્મશાન પાસેના ફૂલ બજારની મુલાકાત લીધી હતી.

મ્યુનિસિપલ કમિશનરે હોકર્સ ઝોનમાં નિયમિત સફાઈ થાય છે કે નહીં તેની સ્થળ પર ચકાસણી કરી હતી. સફાઈ કામગીરી કેટલા વખત થાય છે, કચરો એકત્રિત કરવા માટે વાહનો કેટલા વખત આવે છે, કચરો સમયસર ઉપાડવામાં આવે છે કે નહીં, તેમજ સ્થળ પર કચરો એકત્રિત ન થાય તે અંગે અધિકારીઓ પાસેથી માહિતી મેળવી હતી. કમિશનરે હોકર્સ ઝોનમાં સફાઈની આવર્તનતા વધારવા અને સતત દેખરેખ રાખવા સૂચનાઓ આપી હતી.

ભીનો અને સૂકો કચરો અલગ અલગ રાખી સેગ્રિગેશન કરવાની વ્યવસ્થા અંગે ખાસ ભાર મુકવામાં આવ્યો હતો. હોકર્સ ઝોનમાં વેપારીઓ દ્વારા કચરાનું અલગ સંગ્રહ થાય તે માટે પૂરતી ડસ્ટબિન વ્યવસ્થા ગોઠવવા તથા નિયમિત મોનીટરિંગ કરવા જણાવ્યું હતું. કમિશનરે વેપારીઓને પણ ભીનો અને સૂકો કચરો અલગ રાખી મહાનગરપાલિકાને સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ અંગે પણ સ્થળ પર તપાસ કરવામાં આવી હતી. હોકર્સ ઝોનમાં પ્લાસ્ટિકની થેલીઓ, કપ, પ્લેટ અથવા અન્ય સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ થાય છે કે નહીં તેની ચકાસણી કરી વેપારીઓને પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા તેમજ વિકલ્પરૂપે કાગળ, કપડાં અથવા પુનઃઉપયોગી સામગ્રીનો ઉપયોગ કરવા સૂચનાઓ આપવામાં આવી હતી.

મ્યુનિસિપલ કમિશનરે પબ્લિક

(અનુ. આઠમા પાને)

પવિત્રતા કા હૃદયકુંજ મેં ઐસા પુષ્પ ખીલા, જિસકી સુગંધ સે જીવન મેં સુખ હી સુખ મિલા...

# ભારત વિશ્વગુરૂ બનશે જ તે બ્રહ્માકુમારીઝનું વિઝન: રાજયોગી મૃત્યુંજયભાઈજી

## બ્રહ્માકુમારીઝ દ્વારા સેવા, સમર્પણ અને આધ્યાત્મિક ઉર્જાથી ઝળહળતો સેવારત્નોનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો




**અબતક, રાજકોટ**

બ્રહ્માકુમારીઝ રિટ્રીટ સેન્ટર, હેપ્પી વિલેજ ખાતે બુધવારે સમર્પિત સેવા રત્નોના સન્માનનો પવિત્ર અને ભાવવિભોર કરી દેતો સમારોહ દિવ્યતા અને ઉમંગ સાથે ઉજવાયો હતો. નવદશકોત્સવના પાવન અવસરે યોજાયેલા આ કાર્યક્રમમાં સેવા, સમર્પણ અને સંસ્કારની અનોખી સુગંધ સમગ્ર વાતાવરણમાં પ્રસરી ગઈ હતી.

કાર્યક્રમની શરૂઆત પરમાત્માના પવિત્ર આહવાનથી થઈ હતી. પ્રભુ તુમ કો સમર્પિત કરતે હે જેવી ભાવનાત્મક અભિવ્યક્તિએ ઉપસ્થિત સૌના હૃદયને સ્પર્શી લીધા હતા. બ્રહ્માકુમારીઝ અંજુબેને હાર્દિક સ્વાગત મધુર શબ્દો સાથે સૌનું આત્મિય આવકાર કર્યું હતું.

મંચ પર બ્રહ્માકુમારીઝ ગુજરાતના ડાયરેક્ટર ભારતીદીદીજી , રાજયોગી બ્રહ્માકુમાર મૃત્યુંજયભાઈ, બ્રહ્માકુમારી સરલાદીદી, અમદાવાદના બ્રહ્માકુમારી નેહા દીદી, બ્રહ્માકુમારી ચંદ્રિકાબેન અને બ્રહ્માકુમારી અમરબેનની દિવ્ય ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ તેજસ્વિતા આપી હતી. માસ્ટર હનુમંત અને ગણેશ સ્વરૂપા જેવી ઊર્જાસભર થીમ દ્વારા જીવનમાં શક્તિ, બુદ્ધિ અને સેવા ભાવના પ્રત્યે પ્રેરણા આપવામાં આવી હતી.

ભારતીદીદીજી, ચંદ્રિકાદીદી, મૃત્યુંજયભાઈ, દીપકભાઈ વિરકે અને અમિતભાઈ લાઠીગરા દ્વારા કરવામાં આવેલ દીપ પ્રજ્વલનથી જાણે જ્ઞાન અને પ્રકાશનો દિવ્ય સંદેશ સમગ્ર માહોલમાં પ્રસરી ગયો હતો.જયેશભાઈ સોરઠીયા, દલસુખભાઈ બોડા (બેંક અગ્રણી) સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં ગુજરાતના આશરે ૧૦૮ સમર્પિત ભાઈઓ તપસ્વી રાજને સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુજરાતની સેવાને સેલ્યુટ, ગુજર ગઈ રાત, આયા સવેરા- જેવા હકારાત્મક શબ્દો થી સજેલી આ

(અનુ. આઠમા પાને)



### સ્વ પરિવર્તનથી વિશ્વ પરિવર્તન: ભારતી દીદી

શરૂઆતમાં જ્યારે હું અહીં આવી ત્યારે લોકો પૂછતા કે અહીં ફક્ત બહેનો જ કેમ છે? પરંતુ હું ગર્વ સાથે કહી શકું છું કે આ ઈશ્વરીય વિશ્વવિદ્યાલયમાં હજારો સમર્પિત ભાઈઓ પણ છે, જેઓ રાત-દિવસ સેવામાં પરોવાયેલા છે. ભલે તેઓ અહીં ઓછી સંખ્યામાં દેખાતા હોય, પરંતુ સમગ્ર વિશ્વમાં આ કુમારો પોતાનું જીવન પ્રભુના સંદેશ ફેલાવવામાં સમર્પિત કરી રહ્યા છે. ભલે કોઈ ગરીબ હોય કે ધનવાન, ભણેલા હોય કે અભણ, બાપદાદાએ દરેકને સમાન ગણીને પોતાની ગોદમાં બેસાડ્યા છે. હું તમામ બહેનો અને ગુજરાત વતી આ 'હનુમાન સમાન' વીર ભાઈઓનો હૃદયપૂર્વક આભાર માનું છું અને અભિનંદન આપું છું.'' આજના સમયમાં આપણે જોઈએ છીએ કે દરેક વ્યક્તિ કોઈને કોઈ માનસિક તણાવ કે ચિંતામાં જીવી રહી છે. પરંતુ પરમાત્મા પિતા આપણને શીખવે છે કે મનને સ્થિર રાખવું એ જ સાચી શક્તિ છે. જ્યારે આપણે સવારે વહેલા ઉઠીને અમૃતવેલાએ તે પરમપિતા પરમાત્માની યાદમાં બેસીએ છીએ, ત્યારે આપણને અદભૂત શાંતિનો અનુભવ થાય છે. આ શાંતિ જ આપણને આખા દિવસના કામકાજમાં શક્તિ આપે છે. આપણે ફક્ત આપણા વિચારો પર કાબૂ મેળવવાનો છે. જો આપણા વિચારો શુદ્ધ અને સકારાત્મક હશે, તો આપણું જીવન આપોઆપ સુખમય બની જશે. એટલે જ કહેવાય છે કે, 'સ્વ પરિવર્તનથી વિશ્વ પરિવર્તન'. આપણે પોતે બદલાઈશું તો આખું વિશ્વ આપણને બદલાયેલું લાગશે.''

# 30 વર્ષના વારસા સાથે 'બેસ્ટ ટૂર્સ એન્ડ ફોરેક્સ' હવે નવા રંગરૂપ સાથે સેવામાં

## રાજકીય અને સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં નૂતન ઉદ્ઘાટન: ગ્રાહકોને ગ્લોબલ ટૂરિઝમનો અહેસાસ કરાવવા વત્સલ કારિયાનો નવો અભિગમ

BEST®



તસવીર: શૈલેષ વાડોલિયા



**અબતક, રાજકોટ**

રાજકોટની સુપ્રસિદ્ધ અને પ્રવાસન ક્ષેત્રે દાયકાઓથી અવિરત સેવા આપતી ટ્રાવેલ એજન્સી 'બેસ્ટ ટૂર્સ એન્ડ ફોરેક્સ' દ્વારા આજે તેમના ૩૦ વર્ષના ગૌરવશાળી પ્રવાસને એક નવી ઊંચાઈએ પહોંચાડવામાં આવ્યો છે. રાજકોટના મધ્યમાં આવેલી આ જાણીતી સંસ્થાની ઓફિસનું સંપૂર્ણ રિનોવેશન અને અપગ્રેડેશન કરી, આજે શહેરના નામાંકિત અગ્રણીઓની ગરિમામય ઉપસ્થિતિમાં ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

છેલ્લા ત્રણ દાયકાથી પ્રવાસન અને ફોરેક્સ (વિદેશી મુદ્રા) ક્ષેત્રે રાજકોટવાસીઓનો અતૂટ વિશ્વાસ સંપાદન કરનાર 'બેસ્ટ ટૂર્સ એન્ડ ફોરેક્સ' હવે સંપૂર્ણપણે નવા અને અત્યાધુનિક લુક સાથે સજ્જ થઈ છે. આ પ્રસંગે શહેરના રાજકીય અને સામાજિક અગ્રણીઓ રમેશભાઈ ટિલાળા, નરેશભાઈ, પરેશભાઈ ગજેરા અને ભરતભાઈ બોઘરા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ મહાનુભાવોના હસ્તે રિબન કાપીને નવરચિત ઓફિસને જાહેર જનતા માટે ખુલ્લી મૂકવામાં આવી હતી.

આધુનિક ટેકનોલોજી અને પ્રવાસીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલી આ ઓફિસ દ્વારા હવે પ્રવાસીઓને વિશ્વભરના અવનવા અને આકર્ષક સ્થળોની સફર વધુ સરળ અને યાદગાર બનશે. ૩૦ વર્ષના અનુભવ સાથે હવે આધુનિક સુવિધાઓનું જોડાણ થતાં રાજકોટના પ્રવાસન જગતમાં એક નવો અધ્યાય શરૂ થયો છે.

### ગ્રાહકોનો અતૂટ વિશ્વાસ જ અમારી સફળતાનું રહસ્ય: વત્સલ કારિયા



બેસ્ટ ટૂર્સ એન્ડ ફોરેક્સ ના ઓનર વત્સલ કારિયાએ આ ખાસ પ્રસંગે હર્ષની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ''અમારી સંસ્થા છેલ્લા ૩૦ વર્ષથી પ્રવાસન ક્ષેત્રે કાર્યરત છે. ગ્રાહકોને વર્લ્ડ ક્લાસ સુવિધાઓ અને વધુ બહેતર અનુભવ મળી રહે તે ઉદ્દેશ્યથી અમે ઓફિસને સંપૂર્ણપણે આધુનિક ઓપ આપ્યો છે. લોકોએ જે રીતે અમારા પર ત્રણ દાયકા સુધી વિશ્વાસ મૂક્યો છે, તે જ અમારી આ લાંબી મજલનું રહસ્ય છે. નવી સુવિધાઓ સાથે અમે હવે ગ્રાહકોને દુનિયાભરના શ્રેષ્ઠ સ્થળોની મુલાકાત કરાવવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છીએ.

# ભાજપ કાર્યાલયે વિજય સંકલ્પ વિસ્તારક યોજના અંતર્ગત યુવા મોરચાની બેઠક મળી

## સૌરાષ્ટ્રભરના કાર્યકર્તા હાજર રહ્યા, પ્રદેશ યુવા મોરચાના હોદેદારોનું સન્માન કરાયું



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર કમલમ કાર્યાલય ખાતે વિજય સંકલ્પ વિસ્તારક યોજના અંતર્ગત યુવા મોરચા કાર્યકર્તાઓની સૌરાષ્ટ્ર ઝોનની બેઠક યોજાઈ હતી.

પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચા અધ્યક્ષ ડો. હેમાંગભાઈ જોષીની અધ્યક્ષતામાં અને પ્રદેશ યુવા મોરચાના પ્રભારી કિરીટીભાઈ પટેલની વિશેષ આગેવાનીમાં સમગ્ર સૌરાષ્ટ્રના જીલ્લા અને મહાનગરના યુવા મોરચાના હોદ્દેદારોની બેઠક મળી હતી.

જેમાં રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે યોજવામાં આવેલ સૌરાષ્ટ્ર ઝોન બેઠકમાં ઉપસ્થિત પ્રદેશ મહાનુભાવો એ દિપ પ્રાગટય કર્યુ હતુ. આ બેઠકમાં ઉપસ્થિત રહેલ પ્રદેશ યુવા મોરચાના હોદ્દેદારોનું સન્માન રાજકોટ શહેર યુવા મોરચાના પ્રમુખ મીલન લીંબાસીયા, મહામંત્રી જયકિશન ઝાલા અને હિમાંશુ રાજયગુરુ દ્વારા કરાયું હતુ.

આ કાર્યશાળામાં પ્રદેશ યુવા મોરચાના પ્રભારી કિરીટભાઈ પટેલ, પ્રદેશ યુવા મોરચાના મહામંત્રી ડો.દેવાંગીબેન મૈયડ, રાજકોટ મહાનગર પ્રમુખ માધવભાઈ દવે, પ્રદેશ યુવા મોરચા ઉપપ્રમુખ સુખદેવભાઈ દેલવાણીયા, કલ્પેશભાઈ આહીર, નીતિનભાઈ બારડ, પ્રદેશ યુવા મોરચાના મંત્રી હિમાંશુભાઈ ગોરાણીયા, કુલદીપસિંહ જાડેજા, પ્રતાપભાઈ પિંડારીયા અને સૌરાષ્ટ્ર ઝોન યુવા મોરચાના જિલ્લા/મહાનગર યુવા મોરચાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે યોજવામાં આવેલ સૌરાષ્ટ્ર ઝોન બેઠકની તમામ વ્યવસ્થા રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલયના કાર્યાલય મંત્રી હિતેષ ઢોલરીયા અને સહકાર્યાલયમંત્રી શૈલેષભાઈ દવે તેમજ કાર્યાલય સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# યુવા ભાજપ દ્વારા શહીદ દિને શહીદોને શ્રધ્ધાંજલી અર્પણ

## આજે સાંજે દેશભકિત શૌર્ય રસના ગીતોનો કાર્યક્રમ



**અબતક, રાજકોટ**

૨૩ માર્ચ શહીદ દિવસ ૨૦૨૬ અંતર્ગત શહિદોની પ્રતિમાની સાફ સફાઈ અને પુષ્પાંજલીનો કાર્યક્રમ રાજકોટ શહેર યુવા મોરચા દ્વારા યોજાયો હતો

આજ શહિદ દિન નિમિતે રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે દેશભકિતના ગીતોનો કાર્યક્રમ બહુમાળી ભવન, સરદાર પટેલ ની પ્રતિમા પાસે સ્ટેજ કાર્યક્રમ યોજાશે.

શહીદ દિવસ અંતર્ગત ભગતસિંહ, સુખદેવ અને રાજયગુરૂ શહીદોના બલીદાન દિવસને સમગ્ર દેશ શહિદ દિવસ તરીકે યાદ કરીએ છીએ. ભારત દેશના આ વીર સપુતોની પ્રતિમાઓ આસપાસ સાફ સફાઈ કરી ત્યારબાદ રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે મહામંત્રી લલીતભાઈ વાડોલીયા, શહેર યુવા મોરચા મહામંત્રી મિલન લીંબાસીયા, મહામંત્રી જયકિશન ઝાલા, હિમાંશુભાઈ રાજયગુરુ તેમજ ઉપસ્થિત યુવા મોરચાના હોદ્દેદારો દ્વારા પૂષ્પાંજલી અર્પણ કરી ભાવાંજલી આપવામાં આવી હતી. શહીદ દિવસ અંતર્ગત દેશભકિત અને શૌયગીતોનો ઓરકેસ્ટ્રા સાથેનો એક સ્ટેજ કાર્યક્રમ સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેચ્યુ પાસે, બહુમાળી ભવન, રેસકોર્ષ ખાતે રાત્રે ૮.૦૦ કલાકથી ૧૧.૦૦ યોજાશે

આ કાર્યક્રમમાં તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા તેમજ રાજકોટ શહેરના નાગરિકોને જોડવા રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજાએ જાહેર અનુરોધ કર્યો છે.

# જૈન જાગૃતિ સેન્ટર દ્વારા સેવાકીય પ્રકલ્પોની સરવાણી

## સંજયભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગુજરાતના ૫૦થી વધુ સેન્ટરો રહ્યા ઉપસ્થિતઃ વર્ષે ૧ કરોડ ગ્લાસ છાશ વિતરણનો લક્ષ્યાંક

**અબતક, રાજકોટ**

સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર રહેતા 'જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા આગામી સમય માટેના વિરાટ માનવસેવા પ્રકલ્પોની જાહેરાત કરવામાં આવી છે. સંસ્થાના મુખ્ય સંચાલક સંજયભાઈ શાહના નેજા હેઠળ ગુજરાતભરના વિવિધ સેન્ટરોના ટ્રસ્ટીઓની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગ માટે અનેક નવી યોજનાઓ અમલમાં મૂકવાનો નિર્ણય લેવાયો છે.

સંસ્થા દ્વારા ગત વર્ષે ઉનાળા દરમિયાન 30 થી 35 લાખ ગ્લાસ છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેની સફળતાને જોતા આ વર્ષે તમામ સેન્ટરોના સહયોગથી ૧ કરોડથી વધુ ગ્લાસ છાશ વિતરણ કરવાનો ભવ્ય લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત, શિયાળાની ઋતુમાં અંદાજે ૨૦૦૦થી વધુ ધાબળાનું વિતરણ કરી નિરાધાર લોકોને ઠંડીથી રક્ષણ પૂરું પાડવામાં આવ્યું હતું. સંસ્થા હવે શિક્ષણ અને નાના વેપારીઓના હિતમાં પણ નવા આયામો સર કરવા જઈ રહી છે.





આ બેઠકમાં સંસ્થાના મુખ્ય સંચાલક સંજયભાઈ શાહ ઉપરાંત જીતેન્દ્રભાઈ કોઠારી, પ્રફુલભાઈ કામદાર, જયેશભાઈ ગાંધી, અમિતભાઈ કોઠારી, અનિલભાઈ દોસાઈ, રાજેશભાઈ, હરેશભાઈ, પ્રવીણભાઈ શાહ, કમલેશભાઈ, નિલેશભાઈ શાહ અને કિર્તીભાઈ શાહ સહિતના અગ્રણી ટ્રસ્ટીઓ અને હોદ્દેદારો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તમામ સભ્યોએ એકસૂત્રે

(અનુ. આઠમા પાને)

### છત્રી વિતરણ અને શિક્ષણ સહાય જેવા નવા સેવા કાર્યો શરૂ કરાશેઃ જીતેન્દ્ર કોઠારીયા



અબતક સાથેની ખાસ વાતચીતમાં જીતેન્દ્ર કોઠારીયાએ જણાવ્યું હતું કે, ''અમારા ટ્રસ્ટ દ્વારા આ વર્ષે કેટલાક વિશેષ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા છે. ઉનાળાના આકરા તડકામાં રસ્તા પર બેસતા હોકર્સ અને ફેરિયાઓને રાહત મળે તે માટે ૮ ફૂટ ઊંચી અને ૮ ફૂટ પહોળી વિશાળ છત્રીઓનું વિતરણ દરેક સેન્ટર દ્વારા કરવામાં આવશે. આ સાથે જ, કોઈ પણ તેજસ્વી વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે ધોરણ ૧૦ અને ૧૨ પછીના અભ્યાસ માટે આ વર્ષથી વિશેષ આર્થિક સહાય યોજના શરૂ કરવામાં આવી છે. આ તમામ સેવાકીય કાર્યોમાં ગુજરાતના અંદાજે ૫૦ થી ૫૨ સેન્ટરો જોડાઈ રહ્યા છે.''

# જીટીયુ સ્પિરિટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં એવીપીટીઆઈની ટીમ સ્ટેટ ચેમ્પિયન

## ધારદાર બોલિંગ અને આક્રમક બેટિંગ સામે જી.પી.દમણ પરાસ્તઃ ૧૦ વિકેટે મેળવી શાનદાર જીત

**અબતક, રાજકોટ**

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા આયોજિત ''જીટીયુ સ્પિરિટ ૨૦૨૬'' સ્ટેટ લેવલ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં એ.વી.પી.ટી.આઈ. રાજકોટે અજેય રહીને સતત બીજી વખત ચેમ્પિયનશિપનો ખિતાબ જીતી ઈતિહાસ રચ્યો છે. ૧૯મી માર્ચના રોજ વડોદરા ખાતે રમાયેલી ફાઈનલમાં રાજકોટની ટીમે જી.પી. દમણને માત્ર ૫૪ રનમાં ઓલઆઉટ કરી, એક પણ વિકેટ ગુમાવ્યા વિના આસાનીથી લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. આખી ટૂર્નામેન્ટમાં ટીમે ૨૯૬ રનનો હાઈએસ્ટ સ્કોર બનાવ્યો હતો અને વિરોધી ટીમોને ક્યારેય ૧૦૦ રનનો આંકડો વટાવવા દીધો ન હતો. કેપ્ટન દેવાંગ નારણકાએ સમગ્ર ટૂર્નામેન્ટમાં ૩૨૭ રન અને ૧૫ વિકેટ સાથે શાનદાર ઓલરાઉન્ડ પ્રદર્શન કરી ૫ માંથી ૪ મેચમાં 'મેન ઓફ ધ મેચ' નો એવોર્ડ મેળવ્યો હતો.




ટીમની આ ભવ્ય સફળતામાં દરેક ખેલાડીનું પ્રદાન મહત્વનું રહ્યું હતું. ઓલરાઉન્ડર ધ્રુવ મકવાણાએ બોલ અને બેટ બંનેથી ટીમને મજબૂત પકડ અપાવી હતી, જ્યારે જૈવલ દવેએ ધારદાર બોલિંગ અને રુદ્ર વાળાએ વિકેટ પાછળ સચોટ સ્ટમ્પિંગ દ્વારા વિજયમાં ફાળો આપ્યો હતો. સતીષ પટેલ, વેદાંત પંડ્યા અને હર્ષિલ ચાવડાએ ઉત્કૃષ્ટ ફિલ્ડિંગનું પ્રદર્શન કર્યું હતું. હેડ કોચ હરેશભાઈ ભદ્રેશા, ડો. એચ. એચ. ભટ્ટ અને પ્રો. બી. સી. ચાંગેલાના સચોટ માર્ગદર્શન હેઠળ ખેલાડીઓએ ટેકનિકલ અને માનસિક રીતે શ્રેષ્ઠ પ્રદર્શન કરી સતત ત્રીજી વાર સૌરાષ્ટ્ર ઝોન અને બીજી વાર સ્ટેટ લેવલની ટ્રોફી પોતાના નામે કરી છે.

મેદાન પરના સંઘર્ષ વચ્ચે ખેલાડીઓની માનસિક શાંતિ માટે બીએપીએસ સંસ્થાનો વિશેષ સહયોગ રહ્યો હતો. અપૂર્વમૂની સ્વામીજીના આશીર્વાદ અને નિશ્ચલસ્વરૂપ સ્વામીજીના સત્સંગે ખેલાડીઓને તણાવમુક્ત રહી એકાગ્રતા જાળવવામાં મદદ કરી હતી. વિજેતા ટીમ ટ્રોફી સાથે રાજકોટ પરત ફરતા જ પ્રિન્સિપાલ પ્રો. જી. વી. પરમાર અને જીટીયુ ના ડીન ડો. પી. પી. કોટક દ્વારા ખેલાડીઓનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના વિવિધ વિભાગીય વડાઓ અને પ્રોફેસરોએ ઉપસ્થિત રહીને ખેલાડીઓની આ અનન્ય સિદ્ધિને બિરદાવી ઉત્સાહ વધાર્યો હતો.

# ગાર્ડી વિદ્યાપીઠ કોલેજના વિદ્યાર્થીઓએ કેપ્ટન ટ્રેકટર્સ ફેકટરીની મુલાકાત લીધી

## ૧૪૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા, ઉત્પાદનથી લઈ સપ્લાય ચેઈન સુધીની માહિતી મેળવી



**અબતક, રાજકોટ**

રાજકોટની ગાર્ડી વિદ્યાપીઠ દ્વારા વાયઆઈ રાજકોટ ચેપ્ટરના સહયોગથી વિદ્યાર્થીઓ માટે કેપ્ટન ટ્રેક્ટર્સ પ્રા. લિ. ખાતે ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બી.એચ. ગાર્ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના એમ.બી.એ. વિભાગના ૪૦થી વધુ વિદ્યાર્થીઓ અને એલ. આર. શાહ હોમીયોપેથી કોલેજના પ્રથમ વર્ષના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ ઔદ્યોગિક મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને વાસ્તવિક ઔદ્યોગિક કામગીરી, ઉત્પાદન પ્રક્રિયા અને વ્યવસ્થાપન પદ્ધતિઓ અંગે વ્યવહારુ જ્ઞાન અને કાર્ય સ્થળે મેડિકલ સેફ્ટી તથા હેલ્થકેર જેવા પાસાઓની જાણી સમજ મેળવી હતી.

કેપ્ટન ટ્રેક્ટર્સના મેનેજમેન્ટ અને સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને ટ્રેક્ટર ઉત્પાદન ઉદ્યોગમાં અનુસરાતી ઉત્પાદન પ્રક્રિયાઓ, ઓપરેશનલ વર્કફ્લો અને આધુનિક વ્યવસ્થાપન પદ્ધતિઓનું પ્રત્યક્ષ અવલોકન કરવાની તક મળી હતી. કંપનીના

(અનુ. આઠમા પાને)

### આઝાદી અમર રહો

# વિરાણી હાઈસ્કુલમાં શહીદ દિવસની ઉજવણી




**અબતક, રાજકોટ**

સમગ્ર દેશમાં આજે શહીદ દિવસની ભવ્ય ઉજવણી થઈ રહી છે, ત્યારે રાજકોટની વિરાણી હાઈસ્કુલના છાત્રોએ રેલીનું આયોજન કરીને શાળા - આસપાસના વાતાવરણમાં દેશદાઝનો માહોલ ઉભો કર્યો હતો.

આ પ્રસંગે વિર શહીદો ભગતસિંહ, સુખદેવ અને રાજયગુરુની તથા અન્યો શહીદોને યાદ કરીને શ્રદ્ધાંજલી અર્પી હતી. સમગ્ર રેલી દરમ્યાન છાત્રોએ આઝાદી અમર રહોના નારા લગાવ્યા હતા.

સમગ્ર આયોજનમાં શાળાના આચાર્ય હરેન્દ્રસિંહ ડોડીયાના માર્ગદર્શન તળે શાળા સ્ટાફે જહેમત ઉઠાવી હતી. આ રેલી શાળાના ટાગોર રોડ શરુ કરીને શાળામાં જ પરત ફરી હતી. રેલીમાં ૧૫૦ વિદ્યાર્થીઓ ઉત્સાહ ભેર જોડાયા હતા.

# 'હું આત્મા છું' વિષય પર જનકલ્યાણ ટ્રસ્ટનો પ્રેરક કાર્યક્રમ જિજ્ઞાસુઓએ આત્મજ્ઞાનનો લીધો લ્હાવો

## મુંબઈના ખ્યાતનામ સી.એ. જયેશભાઈ શેઠ અને તત્વજ્ઞાની શૈલેષભાઈ શાહે આપ્યું માર્ગદર્શનઃ ''સુખી થવાની ચાવી'' અને ''યુનિવર્સલ લો'' પુસ્તકોનું કરાયું વિમોચન

**અબતક, રાજકોટ**

જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા આત્મસાક્ષાત્કાર અને આંતરિક શાંતિના હેતુથી 'હું આત્મા છું' વિષય પર એક વિશેષ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુંબઈના ખ્યાતનામ સી.એ. જયેશભાઈ શેઠ અને તત્વજ્ઞાની શૈલેષભાઈ શાહે ઉપસ્થિત રહીને આત્માના આંતરિક અનુભવ અને અનંત સુખની પ્રાપ્તિ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. આ તકે જીવન જીવવાની સાચી સમજ આપતા બે મહત્વના પુસ્તકો ''સુખી થવાની ચાવી'' અને ''યુનિવર્સલ લો'' નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમમાં ૨૮૭ થી વધુ લોકો પ્રત્યક્ષ હાજર રહ્યા હતા, જ્યારે ૨૬૭ થી વધુ લોકોએ ઓનલાઈન માધ્યમથી જોડાઈને આ જ્ઞાનગંગાનો લાભ લીધો હતો. આ પ્રસંગે આંતરિક સુખ માટે ધ્યાન કેવી રીતે કરવું અને સંસારના દુઃખોમાંથી કેવી રીતે મુક્ત થવું તે અંગે પ્રાયોગિક સમજ પૂરી પાડવામાં આવી હતી.

**માણસ આત્માને ભૂલે છે ત્યારે જ તે ડિપ્રેશનમાં જાય છેઃ સી.એ. જયેશભાઈ શેઠ**

અબતક સાથેની વિશેષ વાતચીતમાં જયેશભાઈ શેઠે જણાવ્યું હતું કે, હું વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોવા છતાં મને સત્યની પ્રાપ્તિમાં રસ હતો, જે મને ૧૯૯૯માં પ્રાપ્ત થયું. આજનો મુખ્ય ઉદ્દેશ્ય સૌને સુખી કરવાનો છે. માણસ જ્યારે પોતાની સાચી ઓળખ એટલે કે આત્માને ભૂલે છે ત્યારે જ તે ડિપ્રેશનમાં જાય છે. જો સનાતન નિયમો એટલે કે 'યુનિવર્સલ લો' સમજાઈ જાય, તો સંસારના તમામ દુઃખોનો અંત આવી શકે છે અને માણસ અનંતકાળ સુધી આનંદમાં રહી શકે છે.

(અનુ. આઠમા પાને)

### વિશ્વ કવિતા દિવસે

# સાહિત્ય સેતુ દ્વારા પ્રતિષ્ઠિત કવિઓના કાવ્યગુંજન સાથે ઉજવણી




## 'દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ-ઢોલરા' પ્રેરિત સંસ્થા દ્વારા આયોજિત કવિ સંમેલનમાં દિગ્ગજ સાહિત્યકારો જમાવટ કરશે

**અબતક, રાજકોટ**

સમગ્ર વિશ્વમાં આજે ૨૧મી માર્ચ વિશ્વ કવિતા દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે, ત્યારે રાજકોટની સાહિત્યિક પ્રવૃત્તિઓને વેગ આપવા માટે જાણીતી સંસ્થા 'સાહિત્ય સેતુ' દ્વારા એક ભવ્ય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. 'દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ-ઢોલરા' પ્રેરિત આ સંસ્થા છેલ્લા ૧૦ વર્ષથી સાહિત્ય ક્ષેત્રે કાર્યરત છે અને કવિતા દિવસના અવસરે

(અનુ. આઠમા પાને)



### સાહિત્યિક પ્રવૃત્તિઓને વેગ આપવો એજ અમારો ઉદ્દેશ્યઃ અનુપમ દોશી

અબતક સાથેની ખાસ વાતચીતમાં અનુપમ દોશીએ જણાવ્યું હતું કે, વિશ્વ કવિતા દિવસ નિમિત્તે દેશ અને દુનિયામાં અનેક કાર્યક્રમો યોજાય છે, ત્યારે રાજકોટમાં પણ સાહિત્યિક પ્રવૃત્તિઓ વધુ તેજ બને તે હેતુથી અમે આ કવિ સંમેલનનું આયોજન કર્યું છે. સાહિત્ય સેતુ છેલ્લા એક દાયકાથી આ દિશામાં કામ કરી રહી છે. આજના દિવસે અમે રાજકોટ અને અમરેલીના દિગ્ગજ કવિઓને એક મંચ પર લાવ્યા છીએ. હું તમામ નાગરિકોને વિશ્વ કવિતા દિવસની શુભેચ્છાઓ પાઠવું છું અને વધુમાં વધુ લોકો આ સાહિત્યિક યજ્ઞમાં જોડાય તેવી અપીલ કરું છું.

# અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા જગદીશ ત્રિવેદી અને જય વસાવડાનું સન્માન

## રાજવી માંધાતાસિંહ સહિતના મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ



**અબતક, રાજકોટ**

રાજકોટની ઐતિહાસિક રાષ્ટ્રીય શાળાના પ્રાંગણમાં આજે સાહિત્ય અને સેવાનો ત્રિવેણી સંગમ રચાયો હતો. અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા આયોજિત ગ્રંથાલય લોકાર્પણ પ્રસંગે, વિશ્વવિખ્યાત હાસ્ય કલાકાર પદ્મશ્રી જગદીશભાઈ ત્રિવેદીએ પોતાના પરમ મિત્ર અને જાણીતા લેખક જય વસાવડાના ૫૦મા જન્મદિવસની અનોખી ભેટરૂપે તૈયાર કરાવેલ 'જય વસાવડા ગ્રંથાલય' રાષ્ટ્રીય શાળા ખાતે સમાજને અર્પણ કર્યું હતું.

સંસ્કૃતિસભર હાસ્ય પીરસીને પોતાની આવકમાંથી શાળાઓ, ગ્રંથાલયો અને જરૂરિયાતમંદોને મેડિકલ સહાય કરવામાં અગ્રેસર રહેતા જગદીશભાઈ ત્રિવેદીએ આ ગ્રંથાલય દ્વારા મિત્રતા અને સાહિત્યપ્રેમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ પ્રસંગે રાજકોટના રાજવી માંધાતાસિંહ જાડેજા, રાષ્ટ્રીય શાળાના જીતુભાઈ ભટ્ટ, સાંસદ રામભાઈ મોકરીયા તેમજ અંબાદાન રોહડિયા સહિતના મહાનુભાવો, અગ્રણી કવિઓ, ધારાશાસ્ત્રીઓ અને સમાજસેવીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ગુજરાતી

(અનુ. આઠમા પાને)

# યુવાનને રિક્ષામાં બેસાડી રૂ.૧૯ હજારની રોકડ સેરવી લેવાઈ : રિક્ષા ગેંગની ત્રિપુટી સકંજામાં

## શાકભાજીના ધંધાર્થીને ગોંડલ ચોકડી ખાતેથી પેસેન્જર તરીકે બેસાડી ખિસ્સામાંથી રોકડ કાઢી લીધી : આજીડેમ ચોકડીના પુલ પર ઉતારી ફરાર થઈ ગયા

### આજીડેમ પોલિસેં રિક્ષા ચાલક સહીત ત્રણને દબોચી લીધા, રોકડ રિકવર કરવા તજવીજ : વધુ ગુનાના ભેદ ઉકેલાવાની વકી

**અબતક, રાજકોટ**

શહેરમાં રિક્ષા ગેંગના સભ્યોએ વધુ એક મુસાફરને નિશાન બનાવ્યાનો બનાવ સામે આવ્યો છે. ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઉમિયા ચોક નજીક રહેતા યુવાનને ખિસ્સામાં બેસાડી ખિસ્સામાંથી રૂ. ૧૯ હજારની રોકડ સેરવી લઈ રિક્ષા ચાલક સહીત ચાર શખ્સો ફરાર થઈ ગયા હતા. જે ચોરીની ઘટનામાં આજીડેમ પોલિસની ટીમે ગુનો નોંધી રિક્ષાગેંગના ત્રણ સાગરીતોને દબોચી લીધા હતા.

બનાવ અંગે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઉમિયા ચોક નજીક સરસ્વતીનગર શેરી નં.-૧૦ માં રહેતા અને શાકભાજીનો ધંધો કરતા ૨૧ વર્ષીય યુવાન વિશાલભાઈ સુરેશભાઈ સોલંકીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૯/૦૩/૨૦૨૬ ના સવારના અગયાર વાગ્યે મેં ઘરેથી મારા નાનાભાઈ વિકીને જુના માર્કેટીંગયાર્ડે શાક-બકાલુ લેવા મોકલેલ હતો. મેં તેને રૂ. ૧૯ હજાર રોકડા આપેલ હતા. બાદ હું શાકભાજીનો વેપાર કરવા આસ્થા ચોકડીએ ગયેલ હતો. બપોરના સાડા બાર વાગ્યાની આસપાસ મને વિકીનો ફોન કે, હું ઘરેથી શાકભાજી લેવા નીકળતા બપોરના પોણા બાર વાગ્યે ગોંડલ ચોકડી ખાતે બ્રીજ પરથી હું એક રીક્ષામાં બેસી માર્કેટીંગ યાર્ડે જવા નીકળેલ હતો. આ રીક્ષામાં અન્ય ત્રણ અજાણ્યા પેસેન્જર બેસેલ હતા. તેમાથી એક પેસેન્જર વારંવાર રીક્ષામાંથી બહાર થુકવા માટે મોઢું બહાર કાઢતો હતો અને મારા શરીરે સ્પર્શ કરતો હતો. જેથી મે રિક્ષા ચાલકને કહેલ કે, મને આગળ તમારી બાજુમાં લઈ લો પરંતુ રિક્ષાચાલકે મને ના પાડેલ હતી. ત્રણેય પેસેન્જર અને રિક્ષાચાલક અંદરોઅંદર જીણાં અવાજે વાત કરતા હતા.

યુવાને જણાવ્યું હતું કે, મારે માર્કેટીંગ યાર્ડ ખાતે જવાનું હતું પણ આજીડેમ ચોકડીના બ્રીજ પર ચાલકે મને રિક્ષામાંથી ઉતારી દીધેલ હતો. જેથી મે કહેલ કે મારે માર્કેટીંગ યાર્ડ જવું અહિંયા કેમ ઉતારી દીધો તો રિક્ષાચાલક કહેવા લાગેલ કે, આ રિક્ષા ત્યાં નથી જતી, તારું ભાડુ નથી જોઈતુ કહી રીક્ષાચાલક ત્રણ પેસેન્જરોને લઈ જતો રહેલ હતો. બાદ મે મારા ખીસ્સામાં તપાસ કરતા રૂ ૧૯ હજાર મળી આવેલ ન હતા. જેથી રિક્ષામાં બેસેલ પેસેન્જરે વારંવાર થુંકવાના બહાને મારા ખિસ્સામાંથી પૈસા કાઢી લીધાની મને જાણ થઈ હતી. નાના ભાઈએ કરેલી વાતને પગલે યુવાન આજીડેમ ચોકડીના બ્રિજના ખાતે દોડી ગયો હતો પણ અજાણ્યા રિક્ષાચાલકની ભાળ નહિ મળી આવતા અંતે આજીડેમ પોલિસ મથકે ફરિયાદ નોંધાવી હતી. બનાવને પગલે આજીડેમ પોલિસની ટીમે ગુનો નોંધી યુવાનના ખિસ્સામાંથી રૂ. ૧૯ હજાર સેરવી લેનાર રિક્ષાગેંગના સાગરીતોની શોધખોળ આદરી હતી. દરમિયાન પોલિસને ટેક્નિકલ રિસોર્સ અને હ્યુમન ઈન્ટેલીજન્સના આધારે સફળતા મળી હતી. યુવાનનું ખિસ્સું હળવું કરી નાખનાર રિક્ષાના ચાલક સહીત ત્રણ શખ્સોને આજીડેમ પોલિસેં દબોચી લઈ નાણાં રિકવર કરવા તજવીજ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, રિક્ષાગેંગની ત્રિપુટી ઝડપાતા એક કરતા વધુ ગુના ઉકેલાવાની શક્યતા પ્રબળ બની છે.

બોર્ડની પરીક્ષા જિંદગીની અંતિમ પરીક્ષા નથી...

# મવડીના તરૂણે ધો.૧૨ની પરીક્ષાનું પેપર નબળું જતાં જીવન ટુંકાવ્યું

## એકના એક પુત્રએ ઘરે જ ગળાફાંસો ખાઈ લેતા મોત : પરિવારમાં અરેરાટી

**અબતક, રાજકોટ**

બોર્ડની પરીક્ષાઓ જિંદગીની અંતિમ પરીક્ષા નથી આ વાત તમામ વાલીઓએ પોતે ગાંઠ વાળી પોતાના સંતાનને પણ સમજાવવાની આજના સમયમાં ખુબ જ જરૂરિ બન્યું છે. ઘણીવાર બોર્ડની પરીક્ષા નબળી જતાં તરુણો અત્યંત આંચકાજનક પગલાં ભરી લેતા હોય છે ત્યારે આવા જ એક બનાવમાં શહેરના મવડી પ્લોટ પાસે શ્રીનાથજી સોસાયટીમાં રહેતા ધો.૧૨ના વિદ્યાર્થી તરૂણે પોતાના ઘેર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. એકના એક પુત્રના મોતથી પરીવારમાં કલ્પાંત સર્જાયો છે. બનાવને પગલે માલવીયા નગર પોલીસે તપાસ કરતા ધો. ૧૨ના વિદ્યાર્થીએ પરીક્ષામાં પેપર નબળુ જતા આ પગલુ ભરી લીધાનુ બહાર આવતા વિશેષ કાર્યવાહી કરી છે.પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર શ્રીનાથજી સોસાયટીમાં રહેતો મીત મનોજભાઈ માવલા (ઉ.૧૭) નામના તરૂણે પોતાના ઘેર ગેસ લાઈનમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવને પગલે બહારથી ઘેર આવેલી માતાએ પુત્રને લટકતો જોઈ દેકારો કરતા પાડોશના લોકોએ દોડી આવી તરુણને ઉતારી સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં ખસેડાયો હતો જેનુ સારવાર મળે તે પહેલા જ મોત નિપજયુ હતુ. બનાવની જાણ થતા માલવીયાનગર પોલીસ મથકની ટીમે જમાદાર હોસ્પીટલે પહોચી તપાસ હાથ ધરી હતી.પોલીસની તપાસમાં મીત ધો.૧૨માં અભ્યાસ કરતો હતો અને તેના પિતા રિક્ષા ચલાવી પરીવારનું ગુજરાન ચલાવતા હતા. તેની માતા પારકા ધરકામ કરતા હોવાનુ પરીવારે જણાવ્યુ હતુ. પોલીસની વધુ પુછતાછમાં તાજેતરમાં ધો.૧૨ની પરીક્ષામાં એક પેપર નબળુ જતા મીત ગુમસુમ રહેતો હોય પગલુ ભરી લીધાનું જણાવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

# રેલનગરની લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપમાં યુવકનો આપઘાત

## માતા-પિતા જૂનાગઢ ગયા હતા ત્યારે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું, કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

શહેરના રેલનગર વિસ્તારમાં આવેલી લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપમાં ૨૭ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા ચકચાર મચી ગઈ છે. પરિવારના માળાના મોભી સમાન યુવાનના મોતથી પરિવારમાં ઘેરો શોક છવાયો છે.મળતી માહિતી મુજબ, લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપમાં રહેતા મયુરભાઈ ચંદુભાઈ ધામેચા (ઉં.વ. ૨૭) એ ગઈકાલે રાત્રે ૧૧:૦૦ વાગ્યે પોતાના ઘરે પંખા સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતા જ પરિવારજનો દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે યુવકને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ત્યાં હાજર તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના બની ત્યારે તેમના માતા-પિતા કોઈ કામ અર્થે જૂનાગઢ ગયા હતા, જ્યારે ઘરે તેમના પત્ની શિલ્પાબેન હાજર હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક મયુરભાઈ ઈલેક્ટ્રિકનું કામ કરતા હતા, પરંતુ છેલ્લા કેટલાક સમયથી બેરોજગાર (કામ વગર) હોવાનું જાણવા મળ્યું છે. તેઓ બે ભાઈ અને એક બહેનમાં સૌથી નાના હતા. સંતાનમાં એક દીકરો છે.યુવકે કયા કારણોસર આ આત્મઘાતી ડગલું ભર્યું તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. સ્થાનિક પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પોલીસ રવિવારે મેદાનમાં ઉતરી : ૧૪ નશાની હાલતમાં અને છ છરી સાથે ઝપટે ચડ્યા

## દારૂના અલગ અલગ ત્રણ દરોડા : ૪૭ બોટલ શરાબ સાથે ત્રિપુટી ઝડપાઈ

**અબતક, રાજકોટ**

શહેર પોલિસની ટીમો દ્વારા રવિવારે અલગ અલગ પોઈન્ટ પર ખાસ ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જે ડ્રાઈવમાં પોલીસે દારૂ પી નીકળેલા ૧૪ શખસોને ઝડપી લઈ તેની સામે પ્રોહિબિશન એકટની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. શહેરમાં તાજેતરમાં મારામારીના બનાવોમાં વધારો થયો હોય અને તેમાં પણ છરી સહિતના હથિયારો વડે મારામારીના બનાવ બનતા હોય જેથી પોલીસ દ્વારા હથિયારો સાથે રાખી ફરતા શખસો સામે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસે ગઈકાલ ચેકિંગ દરમિયાન છરી સાથે રાખી ફરતા છ શખસોને ઝડપી લીધા હતા. ઉપરાંત દારૂના ત્રણ દરોડામાં ૪૭ બોટલ સાથે ત્રિપુટી ઝડપાઈ હતી.

શહેર પોલીસ દ્વારા આ ગઈકાલે કોમ્બિંગ નાઈટ દરમિયાન શહેરના અલગ અલગ વિસ્તારમાં અલગ અલગ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા દારૂ પી નીકળેલા શખસો સામે ગુના નોંધવામાં આવ્યા હતા. જેમાં એ ડિવિઝન પોલીસ મથકના સ્ટાફે ભક્તિનગર રેલ્વે સ્ટેશન સર્કલ પાસેથી ચિરાગ સગપરિયા, બી ડિવિઝન પોલીસે મોરબી રોડ બેડી ચોકડી પાસેથી દિનેશ ગોહિલ, સંત કબીર રોડ નાલા પાસેથી ભાવેશ રાઠોડ, જય જવાન જય કિસાન સોસાયટી પાછળ જકાતનાકા પાસેથી જીતેશ મકવાણા, થોરાળા પોલીસે ભાવનગર રોડ આઈટીઆઈ સામેના રોડ પરથી મહેશ સીતાપરા, પ્ર.નગર પોલીસે જામનગર રોડ સાંઢીયા પુલ પાસેથી સંજય દેસાઈ, ગાંધીગ્રામ પોલીસે રૈયાધાર મફતિયાપરા પાસેથી અશોક બારીયા, માલવિયાનગર પોલીસે ગોકુલધામ આવાસ યોજના ક્વાર્ટર પાસેથી કાનજીભાઈ જાદવ, કેકેવી હોલ પાછળ મફતિયાપરામાંથી નવનીત કોઠડીયા, એ ડિવિઝન પોલીસે કોઠારીયા નાકા પાસેથી તેજસ પાટડીયા, બી ડિવિઝન પોલીસે બેડી ચોકડી પાસેથી ભાવેશ લાઠીયા, સંત કબીર રોડના નાલા પાસેથી રીન્કુ ગઢીયા, પ્ર.નગર પોલીસે જામ ટાવર ચોક પાસેથી હિતેશ પાટીલ, યુનિવર્સિટી પોલીસે રૈયાધાર દશામાના મંદિર પાસેથી નરેન્દ્ર ભટ્ટ, એલસીબી ઝોન ૨ ની ટીમ રૈયાધાર દશામાના મંદિર પાસેથી અશોક રાઠોડને નિશાની હાલતમાં ઝડપી લઈ તેની સામે પ્રોહિબિશન એકટની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.છરી સહીતના હથિયારો સાથે રાખી ફરતા શખસો સામે પણ પોલીસે તવાઈ ઉતારી હતી. ગઈકાલ ચેકિંગ દરમિયાન છ શખસોને છરી સાથે ઝડપી લીધા હતા. જેમાં બી ડિવિઝન પોલીસે કુવાડવા પોલીસ સ્ટેશન પાસે સાજીદશાહ શાહમદાર, થોરાળા પોલીસે ભાવનગર રોડ આઈટીઆઈ પાસેથી મહેશ સીતાપરા, થોરાળા પોલીસે ભાવનગર રોડ લાખાજીરાજ ઉદ્યોગનગર પાસેથી રાજુ વાળા, નાનજી મકવાણા, આજીડેમ પોલીસે સાંઈબાબા સર્કલ પાસેથી પ્રવીણ સાડમિયા, યુનિવર્સિટી પોલીસે મુજકા ચોકડી નજીક સનાતન સાઈટ પાસેથી નવલદાન સાકરીયાને છરી સાથે ઝડપી લઈ તેની સામે કાર્યવાહી કરી હતી.તાલુકા પોલીસ મથકના સ્ટાફે જડુસ હોટલની સામે આંબેડકરનગર શેરી નંબર ૨ માં રહેતા રોહિત હેમંતભાઈ દાફડાના મકાનમાં દરોડો પાડી અહીંથી રૂપિયા ૭૫૦૦ ની કિંમત નો ૧૦ બોટલ દારૂ સાથે રોહિત દાફડાને ઝડપી લઈ જરૂરી કાર્યવાહી કરી હતી. જ્યારે તાલુકા પોલીસે અન્ય દરોડામાં બાલાજી હોલ પાછળ સાગર ચોક પાસે રોડ પરથી ઈર્શાદ ઈકબાલભાઈ હમીરાણી (ઉ.વ. ૨૩ રહે.સાગર ચોક, આવાસ યોજના કવાર્ટર)ને રૂપિયા ૪,૨૯૦ ની કિંમતના ૧૨ બોટલ દારૂ સાથે ઝડપી લીધો હતો.

થોરાળા પોલીસ મથકના સ્ટાફે ચુનારાવાડ શેરી નંબર ૩ માં રહેતા અજય બાબુભાઈ સરવૈયાના મકાનમાં દરોડો પાડી અહીંથી દારૂના ૨૪ ચપલા ઝડપી લીધા હતા. જોકે આરોપી હાજર મળી આવ્યો ન હતો. એ ડિવિઝન પોલીસે સોની બજાર ખાઉ ગલી તુલજા ભવાની દુકાનમાંથી હનુમંત ગોવિંદભાઈ જગડાલે(ઉ.વ. ૪૫) નામના મરાઠી વેપારીને દારૂની બોટલ સાથે ઝડપી લઈ જરૂરી કાર્યવાહી કરી હતી.

# કીટ્ટીપરામાં કટોણીયા બંધુઓ પર પાડોશી પિતા-પુત્રોનો છરી વડે હુમલો

## ડીસનો વાયર કાપી નાખવા મામલે ફરિયાદ કરવા જતાં ત્રણેય શખ્સો તૂટી પડ્યા : લોહીલુહાણ પ્રૌઢ પાસે જઈ હુમલા અંગે પૂછપરછ કરતા ભાઈને પણ છરીનો ઘા ઝીંકી દેવાયો, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરના કીટીપરા વિસ્તારમાં ડીસ કનેકશનનો વાયર કાપી નાખવા મામલે ફરીયાદ કરવા ગયેલ પ્રૌઢ સાથે ઝગડો કરી પાડોશી પિતા-પુત્રોએ માથાના ભાગે છરીનો ઘા ઝીંકી દીધો હતો. હુમલાને પગલે પ્રૌઢ લોહીલુહાણ હાલતમાં ત્યાં જ ઢળી પડ્યા હતા. બાદમાં હુમલા અંગે પૂછા કરવાં ગયેલા પ્રૌઢના ભાઈ પર પણ છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. જે બાદ બંને ભાઈઓને સારવાર અર્થે ખસેડવામાં આવેલ હતા. પ્ર.નગર પોલિસેં મામલામાં પાડોશી પિતા-પુત્રો વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. બનાવ અંગે કિટીપરા આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતા અને શાકભાજીનો ધંધો કરતા ૫૦ વર્ષીય આધેડ મહિલા અંજુબેન જીતુભાઈ ભીખુભાઈ કંટોણિયાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પાડોશમાં રહેતા નાનજીભાઈ અને તેના બે પુત્રો આકાશ અને અભયનું નામ આપતાં જણાવ્યું હતું કે, તેમના પાડોશી નાનજીભાઈ સાથે કેબલ વાયર બાબતે લાંબા સમયથી મનદુઃખ ચાલતું હતું. દરમિયાન રવિવારે સવારે અગિયાર વાગ્યાના અરસામાં તેમના ઘરનું ટીવી બંધ થઈ ગયેલ હતું. જેથી છત પર જઈ તપાસ કરતા ડીસ કનેકશનનો વાયર કોઈકે કાઢી નાખ્યાનું ધ્યાન આવ્યું હતું. જેથી પરિણીતા અને તેના પતિએ છત પરથી જ ડીસનો વાયર કોણે કાઢ્યો તેમ પૂછતાં નાનજીભાઈએ એમ કહેલ કે, મેં વાયર કાઢી નાખેલ છે.

જેથી પરિણીતાના પતિ જીતુભાઈ આ બાબતે ફરિયાદ કરવા પાડોશીના ઘરે ગયા હતા. જયા પાડોશીઓ પતિ સાથે ઉગ્ર બોલાચાલી કરી ઝગડો કરવા લાગેલ હતા. દરમિયાન આકાશ ઉશ્કેરાઈ જતા તેણે હાથમાં રાખેલી છરી વડે જીતુભાઈના માથાના ભાગે ઉપરાછાપરી ઘા ઝીંક્યા હતા. ગંભીર ઈજાઓને કારણે જીતુભાઈ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા.

જે બનાવ અંગે જાણ થતાં જીતુભાઈના ભાઈ અજીતભાઈ કંટોણિયા(ઉ.વ.૪૫) તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. તેઓ ઘટનાની પૂછપરછ કરી રહ્યા હતા ત્યારે અભયે પાછળથી તેમના પીઠના ભાગે પણ છરીનો ઘા મારી ઈજા પહોંચાડી હતી.

હુમલો કર્યા બાદ પિતા-પુત્ર બંને સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. પરિવારજનોએ તરત જ બંને ઈજાગ્રસ્તને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. બીજી બાજુ પરિણીતાની ફરિયાદના આધારે પ્ર.નગર પોલિસેં ત્રણેય પિતા-પુત્રો વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

# વાગ્દતાએ સગાઈ તોડી નાખતા મંગતરે ગાળો ભાંડી : મારામારીમાં વચ્ચે પડેલી માસી ઘવાઈ

## મારા પિતાને કેન્સર હોવાથી મેં સગાઈ કરી છે તેમ મંગેતરે કહેતા યુવતીના પરિજનોએ સંબંધ તોડી નાખવાનો નિર્ણય લીધો'તો : સગાઈમાં આપેલી વસ્તુઓ પરત આપતી વેળાએ ઉંશ્કેરાયેલા શખ્સેં માથાકૂટ કરી

**અબતક, રાજકોટ**

શહેરના સાધુવાસવાણી રોડ પર રહેતી યુવતીએ મંગેતર સાથે સગાઈ તોડી નાખતા ઉંશ્કેરાયેલા શખ્સેં વાગ્દતાને ગાળો ભાંડી હતી. બાદમાં માર મારવા જતાં વચ્ચે પડેલી માસી ઘવાઈ હતી. મંગેતરે મારા પિતાને કેન્સર હોવાથી મેં મજબુરીમાં સગાઈ કરી છે તેમ કહેતા કેશિયર યુવતી અને તેના પરિવારે સગાઈ તોડી નાખવાનો નિર્ણય લીધો હતો. સગાઈમાં આપેલી વસ્તુ પરત આપવા બેઠક યોજતા આ દરમિયાન મંગેતરે ઉશ્કેરાઇ યુવતીને ગાળો આપી મારવા જતા તેના માસી વચ્ચે પડતા તેને ઈજા પહોંચાડી હતી. યુવતી અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જે અંગે યુનિવર્સિટી પોલીસ મથકમાં યુવતીએ ફરિયાદ નોંધાવી છે. રાજકોટના સાધુ વાસવાણી રોડ પર રહેતી ૨૫ વર્ષીય યુવતી જામનગરમાં સ્વામી નારાયણનગરમાં રહેતા દિવ્યેશ દીલીપભાઈ સવજીયાણી વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ખાનગી બેંકમાં કેશિયર તરીકે ફરજ બજાવે છે, તેમની સગાઈ ગત ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ જામનગરના દિવ્યેશ સાથે થઈ હતી. સગાઈ બાદ હરવા-ફરવા દ્વારકા અને સુરત ગયા હતાં. દરમિયાન દિવ્યેશે જણાવ્યું હતું કે તેના પિતાને કેન્સર હોવાથી તે મજબૂરીમાં આ લગ્ન કરી રહ્યો છે. આ વાતની જાણ નેહાબેને પોતાના પરિવારને કરતા, વડીલોની સંમતિથી સગાઈ તોડવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

સગાઈ તૂટતા બંને પક્ષોએ એકબીજાની વસ્તુઓ પરત કરવાનું નક્કી કર્યું હતું. આ અંતર્ગત ૨૨ માર્ચ ૨૦૨૬ના રોજ સાંજે સાડા છ વાગ્યે યુવતી અને તેમના માસી યુનિવર્સિટી રોડ પાસે ગંગોત્રી પાર્ક મેઈન રોડ શિલ્પન ઓનેકસ નજીક પામ યુનિવર્સ ખાતે વસ્તુઓ પરત કરવા ગયા હતા. ત્યાં આરોપી દિવ્યેશ અને તેનો પરિવાર હાજર હતો. વસ્તુઓની આપ-લે પૂર્ણ થયા બાદ, દિવ્યેશે સગાઈ તોડવા બાબતે યુવતીને બિભત્સ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. જ્યારે યુવતીએ ગાળો બોલવાની ના પાડી, ત્યારે ઉશ્કેરાયેલા દિવ્યેશે તેમને માર મારવાનો પ્રયાસ કર્યો હતો. આ ઝઘડા દરમિયાન યુવતીને બચાવવા તેમના માસી વચ્ચે પડતા દિવ્યેશે તેમને ગાલ પર ઈજા પહોંચાડી હતી. હાજર રહેલા અન્ય લોકોએ વચ્ચે પડી દિવ્યેશને શાંત પાડી બહાર મોકલ્યો હતો, પરંતુ જતી વખતે તેણે યુવતી અને તેમના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે યુનિવર્સિટી પોલીસે બીએનએસની કલમ ૧૧૫(૨), ૩૫૨ અને ૩૫૧(૩) મુજબ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# સાગરનગર અને ૪૦ ફૂટ રોડ પર બે યુવાનોએ એસિડ ગટગટાવ્યું

## પુત્ર રડતો હોવાથી દંપતી વચ્ચે થયેલા ઝઘડા અને ઘર કંકાસમાં યુવાનોએ ભર્યું પગલું

**અબતક, રાજકોટ**

શહેરમાં ઘરકંકાસ અને સામાન્ય બોલાચાલીમાં ઉશ્કેરાઈ જઈને બે અલગ-અલગ વિસ્તારોમાં બે યુવાનોએ એસિડ પી લેતા ચકચાર મચી જવા પામી છે. બંને યુવાનોને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ માર્કેટિંગ યાર્ડ પાસે આવેલા સાગર નગરમાં રહેતા વિપુલભાઈ મનીષભાઈ વાસફોડીયા (ઉં.વ. ૩૦)એ ગઈકાલે સાંજે ૪:૦૦ વાગ્યા આસપાસ પોતાના ઘરે એસિડ પી લીધું હતું. જાણવા મળતી વિગત મુજબ, સંતાનમાં રહેલો નાનો દીકરો રડતો હોવાથી પતિ-પત્ની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ઝઘડાથી કંટાળીને વિપુલભાઈએ આ પગલું ભર્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે વિપુલભાઈ સર્વિસ સ્ટેશનમાં કામ કરે છે અને પરિવારમાં એક ભાઈ તથા ત્રણ બહેનોમાં મોટા છે. હાલ તેમને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.બીજા બનાવમાં, ૪૦ ફૂટ રોડ પર આવેલા ઓમ નગરમાં રહેતા ગૌરવ પ્રકાશભાઈ ટમટા (ઉં.વ. ૧૯) એ ગઈકાલે બપોરે ૨:૩૦ વાગ્યે પોતાના ઘરે એસિડ પી લીધું હતું. હોટલમાં કામ કરતા ગૌરવને ઘરમાં કોઈ બાબતે ઝઘડો થયો હતો, જેમાં ગુસ્સો આવી જતાં તેણે આ પગલું ભરી લીધું હતું. તેને સૌપ્રથમ મૌડી ચોકડી પાસેની આસ્થા હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ગૌરવ એક ભાઈ અને ત્રણ બહેનોમાં ત્રીજા નંબરનો છે. આ બંને કિસ્સાઓમાં પોલીસે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# વાસાવડ નજીક બાઈક પરથી પટકાતા મહિલાનું મોત

## અકસ્માતમાં મહિલા શ્રમિકે સારવારમાં દમ તોડ્યો, ત્રણ સંતાનોએ પિતા બાદ માતાની મમતા ગુમાવી

**અબતક, રાજકોટ**

વાસાવડ ગામ પાસે બાઈક પરથી પટકાઈ જતાં સાકરોડા ગામના ૩૭ વર્ષીય મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. મગફળીનું બાચકું લઈને જતા મહિલાને અકસ્માત નડતા તેમના ત્રણ માસૂમ સંતાનોએ પિતા બાદ હવે માતાની મમતા પણ ગુમાવી છે, જેને પગલે પરિવારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.ઘટનાની વિગત મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ ભેંસાણના સાકરોડા ગામે ખેત મજૂરી કરતા બયાબાઈ ઉર્ફે ગુડીબેન ભલુભાઈ ડાવર (ઉં.વ. ૩૭) ગત ૨૦ માર્ચના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યાની આસપાસ પોતાના કૌટુંબિક જમાઈ સુનિલ સાથે બાઈક પર માયાપાદર જઈ રહ્યા હતા. આ દરમિયાન વાસાવડ ગામ પાસે બાઈકને સામાન્ય ખાડો આવતા પાછળ મગફળીનું પોટલું લઈને બેઠેલા ગુડીબેન સંતુલન ગુમાવી નીચે પટકાયા હતા. ગંભીર રીતે પટકાયેલા ગુડીબેનને ચહેરા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક ગોંડલ સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ આજે તેમનું મોત નીપજ્યું હતું.ગુડીબેનના પતિનું અગાઉ મૃત્યુ થઈ ચૂક્યું છે.મૃતકને સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે.સીઝન પૂરી થતા તેઓ સાકરોડાથી હિસાબ પતાવીને ગોંડલના માયાપાદર ગામે જેઠના દીકરાની વાડીએ મજૂરી કામ માટે જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત નડ્યો હતો. પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ હવે માતાનું પણ મોત થતા ત્રણેય સંતાનો નોંધારા બની ગયા છે. આ ઘટનાથી મજૂર પરિવાર સહિત [illegible]કમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# બેડી ગામે યુવાન પર પાઈપ વડે હુમલો

**અબતક,રાજકોટ**

શહેરના નજીક આવેલા બેડી ગામે સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં પ્રૌઢ પર જીવલેણ હુમલો થયાની ઘટના સામે આવી છે. હુમલામાં ઘાયલ થયેલા યુવાનને તાત્કાલિક સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ બેડી ગામમાં રહેતા જયેશભાઈ રમેશભાઈ સિપરિયા (ઉં.વ. ૪૨) ગઈકાલેરાત્રિના આશરે ૮:૦૦ વાગ્યાની આસપાસ ગામના સ્મશાન પાસે હાજર હતા. તે દરમિયાન કોઈ અગમ્ય કારણોસર ભાવેશ નામના શખ્સ અને તેની સાથેના અન્ય અજાણ્યા માણસોએ આવીને જયેશભાઈ સાથે ઝઘડો શરૂ કર્યો હતો. ઝઘડો ઉગ્ર બનતા સામેવાળા શખ્સોએ ઉશ્કેરાઈ જઈને પાઈપ વડે જયેશભાઈ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં જયેશભાઈને માથાના ભાગે તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ ઈજાગ્રસ્ત જયેશભાઈને તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે હુમલા પાછળનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે.


## શ્રદ્ધાંજલી



સ્વ. ડો. સંજય બી. વખારિયા
સ્વ. તા. ૦૬/૦૩/૨૦૨૬ શુક્રવાર

હે ઈશ્વર તમારા ખજાનાને એવી તે શી ખોટ પડી કે અમારા પ્રિય સભ્યને તમે અમારાથી દૂર કરી દીધા! ભગવાન તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના. તેઓને અમારી સહૃદય શ્રદ્ધાંજલિ.

જામનગર રોડ
ડોકટર્સ એસોસિએશન,
રાજકોટ પરિવાર

## પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

### વિવિધ પ્રકારના કરારો માટે ઈ-હરાજી

**ટેન્ડર સૂચના નં. RJT-ADVT-CATG-PARK-PAY&USE-26-01**

રાજકોટ ડિવિઝન માટે ઈ-ઓક્શન માટે નીચેના કેટલોગ માટે બિડ મંગાવવામાં આવી છે, જે IREPS વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવી છે.જેની વિગતો નીચે મુજબ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | શ્રેણી | કાર્યકાળ | ઈ-ઓક્શન તારીખ અને સમય |
|---|---|---|---|---|
| RJT-ADVT -26-01 | 1) (વિવિધ-સ્ટેટિક સેવાઓ -) એપ્લિકેશન આધારિત કેબ / બાઈક સેવાઓ<br>2) (પે અને યુઝ- લાઉન્જ /વેઈટિંગ/રિટાયરિંગ/ક્લોક રૂમ)<br>3) જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ)<br>4) જાહેરાત - ટ્રેનની બહાર<br>5) જાહેરાત - આઉટ ઓફ હોમ<br>6) BKNG-MX-21-25-1 | ૧) વિવિધ-સ્ટેટિક-સેવાઓ<br>૨) જાહેરાત<br>3) પાર્કિંગ-મિશ્ર<br>૪) પે એન્ડ યુઝ | 03/05/10 વર્ષ | 10-04-2026 10:00 વાગ્યે |
| RJT-E- CATG-26-01 | Catg-RJT-DWK-SMU-12-25-2 | કેટરિંગ | 05 વર્ષ | 09-04-2026 15:30 વાગ્યે |
| RJT-E- PARK-26-01 | PARKING-RJT-MVI-MX-8-25-1 | પાર્કિંગ | 03 વર્ષ | |
| RJT-E-PnU-26-01 | 1) PnU-RJT-DWK-Toi-18-26-1<br>2) PnU-RJT-JAM-Toi-8-25-1 | પે એન્ડ યુઝ | | |

ઉપરોક્ત કેટલોગ નં.હેઠળના લોટની વિગતો આગામી ઈ-ઓક્શન,ઝોન: પશ્ચિમ રેલવે, યુનિટ: રાજકોટ મંડળ - કોમર્શિયલના શીર્ષક હેઠળ www.ireps.gov.in (ઈ-ઓક્શન લીઝિંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

RJT 214

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

તંત્રી લેખ

# માર્ગ અકસ્માતોની ભયાવહ સ્થિતિઃ એક એવી મહામારી જેનો ઈલાજ માત્ર આપણી પાસે છે

આજના ઝડપી યુગમાં વાહનવ્યવહાર એ આપણા જીવનનું એક અભિન્ન અંગ બની ગયું છે, પરંતુ આ જ વાહનો જ્યારે બેકાબૂ બને છે ત્યારે તે નિર્દોષ લોકોનો ભોગ લે છે. ભારત અને ખાસ કરીને ગુજરાતમાં માર્ગ અકસ્માતોની સંખ્યા હવે એક એવી સાયલન્ટ મહામારીનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે, જેની ગંભીરતા હજુ પણ સમાજને પૂરેપૂરી સમજાઈ નથી. રસ્તા પર રોજબરોજ વહેતું લોહી અને ઉજડતા પરિવારો એ આપણી ટ્રાફિક પ્રત્યેની બેદરકારીનું સૌથી વરવું પરિણામ છે. વિકાસની હરણફાળ ભરી રહેલા આપણા દેશ માટે આ એક એવો કલંકિત મુદ્દો છે જેના પર સત્વરે ધ્યાન આપવું અત્યંત જરૂરી બની ગયું છે.

ભારત સરકારના કેન્દ્રીય માર્ગ વાહનવ્યવહાર અને રાજમાર્ગ મંત્રાલય (ખજ્ઞછ્ઝઇ) દ્વારા જાહેર કરાયેલા વર્ષ ૨૦૨૩ ના સત્તાવાર રિપોર્ટના આંકડાઓ કંપારી છોડાવી દે તેવા છે. આ રિપોર્ટ મુજબ, દેશભરમાં એક જ વર્ષમાં ૪,૮૦,૫૮૩ જેટલા માર્ગ અકસ્માતો નોંધાયા હતા, જેમાં ૧,૭૨,૮૯૦ લોકોએ પોતાના અમૂલ્ય જીવ ગુમાવ્યા છે. આ આંકડો દર્શાવે છે કે દરરોજ સરેરાશ ૪૭૦ થી વધુ લોકો ભારતના રસ્તાઓ પર મોતને ભેટે છે. આ મૃત્યુઆંક અત્યાર સુધીનો સૌથી વધુ છે, જે સ્પષ્ટ કરે છે કે વાહનોની સુરક્ષા ટેકનોલોજી ભલે વધી હોય, પરંતુ આપણી ડ્રાઈવિંગની રીતમાં કોઈ જ સુધારો આવ્યો નથી.

ગુજરાત રાજ્યની સ્થિતિ પર નજર કરીએ તો તે પણ અત્યંત ચિંતાજનક છે. આંકડાકીય વિગતો અનુસાર, વર્ષ ૨૦૨૩ માં માત્ર ગુજરાતમાં જ માર્ગ અકસ્માતોમાં ૭,૮૫૪ લોકોના મૃત્યુ નોંધાયા છે. આ અકસ્માતોમાં સૌથી વધુ ભોગ બનનારા લોકોમાં ટુ-વ્હીલર ચાલકો અને પગપાળા ચાલતા રાહદારીઓનો સમાવેશ થાય છે. હેલ્મેટ વિના વાહન ચલાવવું અને ટ્રાફિકના સામાન્ય નિયમોને ઘોળીને પી જવાની વૃત્તિને કારણે યુવાનો સૌથી વધુ મોતને ભેટી રહ્યા છે, જે રાજ્યના ભવિષ્ય માટે એક મોટો ફટકો છે.

આ માર્ગ અકસ્માતો પાછળના મુખ્ય કારણોનું વિશ્લેષણ કરીએ તો, સૌથી મોટો ગુનેગાર 'ઓવરસ્પીડિંગ' એટલે કે નિર્ધારિત મર્યાદા કરતા વધુ ઝડપે વાહન ચલાવવું છે. રાષ્ટ્રીય આંકડાઓ દર્શાવે છે કે લગભગ ૬૮ ટકા જેટલા મૃત્યુ માત્ર ઓવરસ્પીડિંગના કારણે જ થાય છે. આ ઉપરાંત, રોંગ સાઈડમાં ડ્રાઈવિંગ કરવું, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો અને નશાની હાલતમાં વાહન ચલાવવું જેવા કારણો પણ અકસ્માતોની સંખ્યામાં સતત વધારો કરી રહ્યા છે. લોકોની ઉતાવળ અને બેદરકારી સેકન્ડોમાં જિંદગી છીનવી લે છે.

અકસ્માતમાં થતા મૃત્યુ માત્ર એક આંકડો નથી હોતા, પરંતુ તેની પાછળ આખો પરિવાર આર્થિક અને માનસિક રીતે બરબાદ થઈ જતો હોય છે. અકસ્માતમાં જીવ ગુમાવનારા મોટાભાગના લોકો ૧૮ થી ૪૫ વર્ષની વયજૂથના યુવાનો હોય છે, જેઓ તેમના પરિવારના મુખ્ય કમાનાર સભ્ય હોય છે. ઘરના આધારસ્તંભ સમાન વ્યક્તિનું અચાનક ચાલ્યા જવું એ પરિવારને કાયમ માટે ગરીબી અને લાચારીની ગર્તામાં ધકેલી દે છે. આ ઉપરાંત, ઘાયલ થનારા લોકોની સારવાર પાછળ ૧ ... દેશના અર્થતંત્ર પર પણ મોટો આર્થિક બં

રાજકોટના આંગણે ગુંજશે રામ નામનો નાદ

# સનાતન હિન્દુ સંગઠન-બજરંગ દળ દ્વારા ગુરુવારે ભવ્ય રામ જન્મોત્સવ યાત્રાઃ તૈયારીઓનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

સનાતન હિન્દુ સંગઠન, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગદળ - રાજકોટ મહાનગર દ્વારા ભગવાન શ્રી રામચંદ્રજીના જન્મોત્સવ નિમિત્તે ભવ્ય 'શ્રી રામ જન્મોત્સવ યાત્રા'નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન પ્રસંગે સમગ્ર હિન્દુ સમાજ, ધુન મંડળો અને સામાજિક સંસ્થાઓના ભાઈઓ-બહેનો તેમજ સામાજિક અગ્રણીઓને બહોળી સંખ્યામાં પધારવા માટે ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## અબતક મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા હિન્દુ સંગઠન, હિન્દુ પરિષદ, બજરંગ દળના સભ્યોએ આપી માહિતી



તસવીરઃ આકાશ ભટ્ટ

અબતક મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા બજરંગ દળના આગેવાન દિલીપભાઈ સોલંકી સહિતના સભ્યોએ માહિતી આપતા જણાવ્યું હતું કે, શોભાયાત્રા ૨૬-૦૩-૨૦૨૬, ગુરુવારના રોજ સવારે ૯:૦૦ કલાકે 'રામજી મંદિર, જુના ગણેશનગર શેરી નં-૬' ખાતેથી પ્રસ્થાન કરશે. યાત્રા દરમિયાન ભગવાનની સવારી શિવજી ચોક, જલારામ ચોક, નવદુર્ગા ચોક, માતેલ ચોક થઈ સર્વિસ રોડ અને કોઠારીયા ચોકડી સુધી પહોંચશે. માર્ગમાં વિવિધ સ્થળોએ સ્વાગત કાર્યક્રમો પણ રાખવામાં આવ્યા છે, જેમાં તિરુપતિ પાણીનો ટાંકો, વિવેકાનંદ સ્કૂલ અને ગોકુલ પાર્કનો સમાવેશ થાય છે.

શોભાયાત્રાની કાર્યસૂચિ મુજબ સવારે ૯:૦૦ કલાકે મંદિરથી પ્રારંભ થયા બાદ વિવિધ વિસ્તારોમાં ભ્રમણ કરી, બપોરે ૧૨:૩૦ કલાકે 'રણુજા મંદિર, કોઠારીયા રોડ' ખાતે યાત્રાનું ભક્તિમય વાતાવરણમાં સમાપન થશે. સમયસરના આયોજન દ્વારા ભક્તોને દરેક સ્થળે જોડાવાની તક મળે તેવું વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે.

ભગવાનના જન્મોત્સવની ઉજવણીના ભાગરૂપે ભક્તો માટે ફરાળ પ્રસાદનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. યાત્રા પૂર્ણ થયા બાદ, બપોરે ૧:૦૦ કલાકે ' રામજી મંદિર, જુના ગણેશનગર શેરી નં-૬, રાજકોટ' ખાતે તમામ શ્રદ્ધાળુઓ માટે પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી છે.

# વોર્ડ નં.૧૪ના ભાજપના પ્રભારી જીજ્ઞેશ જોષીનો આજે જન્મદિવસ

ભાજપના વોર્ડ નં.૧૪ના પ્રભારી જીજ્ઞેશ જોષીનો આજે જન્મદિવસ છે, તેમને ઠેર-ઠેરથી શુભેચ્છાઓ મળી રહી છે

જીજ્ઞેશ જોષી વર્ષ ૧૯૯૫થી ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાઈ પાર્ટીમાં અનેકવિધ જવાબદારીઓ સંભાળી રહયા છે. તેમની શરૂઆત બુથ પ્રમુખ, યુવા મોરચાના વોર્ડ ઉપપ્રમુખ, ૧૯૯૮ થી ૨૦૦૩ સુધી શહેર ભાજપ મીડીયા સેલ, જુના વોર્ડ નં.૨૩ ના પ્રમુખ તરીકે, મહામંત્રી તરીકે, વોર્ડ ઈન્ચાજ તરીકે તેમજ વોર્ડ નં.૧૭ના પ્રભારી, વોર્ડ નં.૧૮ ના પ્રભારી, ૨૦૨૩ માં વોર્ડ નં.૧૪ પ્રભારી અને ૨૦૨૬ માં ફરી વોર્ડ નં.૧૪



ના પ્રભારી તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.

સતત ૬ વર્ષ પુરવઠા સલાહકાર સમિતિના સદસ્ય, ૩ વર્ષ પોલીસ સલાહકાર સમિતિના સદસ્ય તરીકે અને ૩ વર્ષ એસ.ટી. સલાહકાર સમિતિના સદસ્ય તરીકે પણ જવાબદારીઓ નિભાવેલ છે.

આ ઉપરાંત ગુજરાત રાજ્ય સરકારના સ્વામી વિવેકાનંદ યુવક મંડળ શહેર-જિલ્લાના પ્રમુખ તરીકે રહી યુવાનોને રમતગમત ક્ષેત્રે જાગૃતી આવે અને સ્વામી વિવેકાનંદના વિચારોનું યુવાનોમાં સિંચન થાય તે માટે પણ તેઓ સક્રીય રહયા છે. શહેરમાં સતત ૧૫ વર્ષથી અલગ અલગ વોર્ડમાં પ્રભારી તરીકે સફળ કામગીરી કરી ચુકયા છે અને હાલ પણ વોર્ડ નં.૧૪ના પ્રભારી તરીકે બે ટર્મથી કાર્યરત છે. આમ શાંત અને સરળ તેમજ મળતાવળો સ્વભાવ ધરાવતા હોવાથી આજે તેમના જન્મદિવસ અંતર્ગત તેમના મોબાઈલ નં. ૯૮૨૫૨૧૩૭૩૩ પર ઠેર-ઠેરથી શુભેચ્છા મળી રહી છે.

# દ્રષ્ટિહીન સિનિયર સીટીઝનની બુક કરેલી ટિકિટ રદ કરાવનાર ડેપો મેનેજર વિરૂધ્ધ કાર્યવાહી કરવા માંગ



તસવીરઃ શૈલેષ વાડોલિયા

## સામાજીક અગ્રણી ગજેન્દ્રસિંહ ઝાલાની મુખ્યમંત્રી વાહન વ્યવહાર મંત્રીને રજુઆત કરાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ એસ.ટી. ડેપો ખાતે દિવ્યાંગ સીનીયર સીટીઝન મહેન્દ્રસિંહ ઝાલાના દિવ્યાંગ એસ.ટી. બસ કાર્ડને બોગસ ગણાવવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે ગજેન્દ્રસિંહ ઝાલા સહિત સામાજીક અગ્રણી દ્વારા મુખ્યમંત્રીને રજુઆત કરાશે.

તા. ૨૧-૩-૨૦૨૬ ના બપોરના ૧૨.૩૦ કલાકે એડવાન્સ બુકીંગની બારી બસ પોર્ટ ખાતે ગજેન્દ્રસિંહ ઝાલાના મોટાભાઈ દ્રષ્ટિહીન દિવ્યાંગ સીનીયર સીટીઝન મહેન્દ્રસિંહ ઝાલાની રાજકોટથી ભાવનગર જવા માટે રૂબરૂમાં ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ નિયામક સમાજ સુરક્ષા વિભાગ દ્વારા આપવામાં આવેલ કાર્ડ નંબર ૨૦૨૦૯૧૦૦૨૪૦૦૧૬૬૨ (તા. ૧૬/૦૧/૨૦૨૦) ઓરીજીનલ કાર્ડ અને ઓરીજીનલ આધાર કાર્ડ લઈને ગયેલ બુક કરાવ્યા બાદ ટીકીટ નીકળી ગયા બાદ ડેપો મેનેજર એન.વી ઠુંમરે આવી નીકળી ગયેલ ટીકીટ કેન્સલ કરાવેલ અને દ્રષ્ટિહીન દિવ્યાંગ સીનીયર સીટીજનના પાસનો ઘા કરી આ ડુપ્લીકેટ અને બોગસ પાસ તેવો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

ટીકીટ રદ કરી દેવામાં આવતા આ અંગે રાજયના મુખ્યમંત્રી, વાહન વ્યવહાર મંત્રી, ગુજરાત એસ.ટી.ના એમ.ડી. અને વિભાગીય નિયામકને ૧૦૦ ટકા દિવ્યાંગ વૃદધના પાસને કોઈ વેરીફીકેશન વિના ખોટું ગણાવી ટીકીટ કેન્સલ કરનાર ડેપો મેનેજર અને કર્મચારી સામે પગલા ભરવા લેખીમાં રજુઆત કરવામાં આવી છે.

'અબતક' મીડીયાની શુભેચ્છા મુલાકાતે આવેલા ગજેન્દ્રસિંહ ઝાલા આરટીઆઈ એકટીવીસ્ટ, એડવોકેટ હિંમતભાઈ કાબડીયા (જીલ્લા ગ્રાહક સુરક્ષા) નાગરજીભાઈ વિરાણી (હિત રક્ષક સમિતિ પ્રતિનિધિ) સીનીયર સીટીઝન, સલીમભાઈ કારીયાણીયા (સીનીયર સીટીઝન અને જેતીભાઈ હીરપરા સીનીયર સીટીજન વિગેરે એ માહીતી આપીને જણાવ્યું હતું.

# રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના આંગણે અખાત્રીજના સમુહ પારણાં

**અબતક, રાજકોટ**

શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના આંગણે વર્ષોના આયોજન મુજબ પૂ. તપસમ્રાટની પ્રેરણાથી સંઘની વર્ષોની પરંપરા મુજબ રોયલપાર્ક સ્થા. જૈન મોટા ઉપાશ્રયમાં સમુહ વર્ષિતપનાં પારણાનું આયોજન સી.એમ઼પૌષધશાળા - ઓમાનવાળા ઉપાશ્રય ખાતે રાખવામાં આવેલ છે. આ પારણા મહોત્સવમાં દરેક પ્રકારના વર્ષિતપનાં આરાધકો લાભ લઈ શકશે.

અખાત્રીજ એટલે કે વૈશાખ સુદ ત્રીજ ને તા.૨૦/૪/૨૬ ના રોજ યોજાયેલ સમુહ પારણા મહોત્સવમાં ભાગ લેવા માટેનાં નામ તા. તા.૧૨/૪/૨૬ સુધીમાં શેઠ ઉપાશ્રય અથવા રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘનાં - સી.એમ઼પૌષધશાળા આંગણે પોતાના ફોટા અને આધાર કાર્ડની ઝેરોક્ષ આપીને અરજી કરી નામ નોંધાવવાનાં રહેશે. આરાધકોની સાથે જે કોઈ મહેમાનો જોડાવાના હોય તો તેઓનું લીસ્ટ પણ સાથે રજુ કરવાનું રહેશે.


આ પારણા મહોત્સવમાં સૌરાષ્ટ્રભરનાં કોઈપણ વર્ષિતપનાં જૈન તપસ્વીઓ પોતાનાં નામ લખાવી શકશે તેમજ સામુહીક વર્ષિતપનાં પારણા મહોત્સવમાં જોડાઈ શકશે. મુદત પુરી થયે નામોની નોંધણી કરવામાં આવશે નહી, માટે સમયસર નામો લેખીત રજુ કરવા વિનંતી છે. વિષેશ મહેમાનો એ પારણા માટે પાસ મેળવી લેવાના રહેશે.

પારણા મહોત્સવ તા. ૨૦/૪/૨૬ ના રોજ શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ - સી.એમ઼પૌષધશાળા સંઘમાં ઉજવવામાં આવશે. તા. ૧૯/૪/૨૬ ના રોજ કળશ પ્રત્યા સર્વે ૯:૦૦ વાગ્યે રાખવામાં આવેલ છે જેમાં દરેક તપસ્વીઓએ હાજર રહેવુ ફરજીયાત છે.

વર્ષિતપ પારણાનો મુખ્ય લાભ વર્ષોથી શ્રી રતિગુરૂ ચેરીટેબલ ટ્રસ્ટ હ. ટી.આર.દોશી લઈ રહયા છે. વર્ષિતપના સામુહિક પારણાનું આયોજન પૂ. સાધુ-સાધ્વીની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવવામાં આવશે.

# એસજીવીપી ગુરુકુળ રિબડા ખાતે શૈક્ષણિક પ્રિમિયર લીગ માતૃશક્તિ સ્પોર્ટ્સ ડે સંપન્ન

## સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવા આયોજન કરાયું



**અબતક, રાજકોટ**

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ - ગુજરાત માર્ગદર્શિત અને સૌરાષ્ટ્ર સંભાગ-૧ તથા ૨ દ્વારા આયોજિત 'શૈક્ષણિક પ્રીમિયર લીગ ૨૦૨૬' અને 'માતૃશક્તિ સ્પોર્ટ્સ ડે ૨૦૨૬' નું ભવ્ય આયોજન રીબડા સ્થિત એસ.જી.વી.પી. ગુરુકુલ ખાતે કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક જગત સાથે જોડાયેલા ભાઈઓ અને બહેનોમાં ખેલદિલી અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ આવે તેવા ઉમદા હેતુથી આ રમતગમત મહોત્સવનું આયોજન થયું હતું.

કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી કરવામાં આવી હતી. આ પ્રસંગે રીબડા ગુરુકુલના સંચાલક શાસ્ત્રી ધર્મવત્સલદાસજી સ્વામી તથા અન્ય સંતોએ વિશેષ ઉપસ્થિત રહીને રમતવીરોને પ્રોત્સાહિત કર્યા હતા.

આ તકે આશીર્વચન પાઠવતા શાસ્ત્રી ધર્મવત્સલદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, શિક્ષણની સાથે સાથે રમતગમત પણ જીવનનો અભિન્ન હિસ્સો છે. તેમણે ખેલદિલીની ભાવના કેળવવા પર ભાર મૂકી સૌ સહભાગીઓને ઉત્તમ પ્રદર્શન માટે આશીર્વાદ આપ્યા હતા.

કાર્યક્રમમાં સંગઠનના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં શિક્ષકગણ ઉપસ્થિત રહ્યો હતો. આ આયોજનને સફળ બનાવવા માટે સંસ્થાના સભ્યો અને આયોજકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ઈન્દુબાઈ મહાસતીજી તીર્થધામમાં ચૈત્ર માસની શાશ્વતી આયંબિલ ઓળીનું આયોજન

**અબતક, રાજકોટ**

ગોંડલ સંપ્રદાયના સૌરાષ્ટ્રના સિંહણ બા.બ્ર.પૂ. ઈન્દુબાઈ મહાસતીજી તીર્થધામમાં તા. ૨૪-૩ મંગળવાર ચૈત્ર સુદ ૬ થી ૧-૪-૨૬ ને બુધવાર સુધી ચૈત્ર માસની શાશ્વતી આયંબિલ ઓળીનું તપભીનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ વ્યાખ્યાન, ૯ થી ૧૧.૩૦ ત્રિરંગી સામયિક, બપોરે ૧૨ થી ૧ અમૃત આયંબિલ ભોજન તેમજ સાંજે ૭ થી ૮ પ્રતિક્રમણનું આયોજન કરવામાં આવ્યું છે. રોજ જુદા જુદા વિષયો પર પૂ. મહાસતીજી પોતાની લાક્ષણિક શૈલીમાં વ્યાખ્યાન ફરમાવશે, જેમાં આયંબિલ તપનો મહિમા ફાયદા કર્મની હળવાશ, રસપરિ ત્યાગ શું છે? શાશ્વતી ઓળીનું મહત્વ શું? વગેરે વિવિધ વિષયો પર વ્યાખ્યાન ફરમાવશે. ૧૨ વાગ્યે શુધ્ધ, સ્વચ્છ, જૈન સિધ્ધાંત મુજબ આયંબિલ ભોજન



કરાવવામાં આવશે. જેમને નાલંદા ઉપાશ્રયે આખી ઓળી તેમજ છુટક આયંબિલ કરવાના ભાવ હોય તેમણે નાલંદા ઉપાશ્રયે પોતાના પાસ મેળવી લેવાના રહેશે. વ્યાખ્યાન સામયિક જાપ તેમ જ પાટલે પ્રભાવના આ દરેક આયોજનમાં જુદા જુદા અનેક દાતાઓ તરફથી બહુમાન કરવામાં આવશે. આખી આયંબિલની ઓળી નાલંદા ઉપાશ્રયે જે સાધક કરે તેને વિશિષ્ટ બહુમાન આપવામાં આવશે. તેના માટે નાલંદા સંઘમાં તડામાર તૈયારીઓ ચાલીરહી છે. આયંબિલ તપ કરવા અને કરાવવાથી સંસારના પાપ તાપ સંતાપ અને પરિતાપ દુર થાય છે. તો આ અમારા અભિનવ આયોજનમાં લાભે લેવા સમગ્ર જૈન સમાજને ભાવભર્યુ આમંત્રણ છે.

દરેક સાધકે પ્રત્યાખ્યાત નાલંદા ઉપાશ્રયે લેવાના રહેશે. તા. ૨૪-૩-૨૬ મંગળવારના રોજ આયંબિલની ઓળીના પ્રથમ દિને વચન સિધ્ધિકા તીર્થ સ્વરુપ ઈન્દુબાઈ મહાસતીજીના મુખેથી બોલાયેલું મહાન પ્રભાવક મહામાંગલિક સમગ્ર તપસ્વીને સુણાવી ત્યારબાદ જ સમુહ પચ્ચકખાણ કરાવાશે. આખી આયંબીલની ભવ્યાતિભવ્ય ઓંળી તથા ભવ્યાતિભવ્ય પારણા પૂ મોટા મહાસતીજીના ખાસ પરમ ભકતો તરફથી છે. નાલંદા તીર્થધામની ભૂમિ જ કંઈ અનુપમ છે.

# પોરબંદર સાંદીપની વિદ્યા નિકેતનના ઋષિ કુમારોએ શાસ્ત્રીય સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ સુવર્ણચંદ્રક જીત્યો

## તમિલનાડુના કાચીપુરમાં ૨૬ રાજ્યોના ઋષિ કુમારો વચ્ચે યોજાયેલી સ્પર્ધામાં પોરબંદરનું નામ થયું રોશન



**અબતક, રાજકોટ**

પોરબંદરની સુપ્રસિદ્ધ અને ભાઈશ્રી રમેશભાઈ ઓઝા દ્વારા સ્થાપિત સાંદિપની વિદ્યાનિકેતન ના બાબડેશ્વર સંસ્કૃત મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા ઋષિ કુમારોએ તામિલનાડુના કાચીપુરમ ખાતે ભારતના ૨૬ રાજ્યો વચ્ચે યોજાયેલ અખિલ ભારતીય શાસ્ત્રીય સ્પર્ધામાં સુવર્ણ અને રજત ચંદ્રક મેળવી ગુજરાત અને ખાસ કરીને પોરબંદરનું નામ સમગ્ર દેશમાં રોશન કર્યું છે.

સંસ્કૃત ભાષાના શાસ્ત્રોનો પ્રચાર થાય તે માટે રાજ્ય સ્તરની સંસ્કૃતિ શાસ્ત્રીય સ્પર્ધાઓ યોજાતી હોય છે તેમાં આ વર્ષે તામિલનાડુ ના કાચીપુરમમાં શ્રી ચંદ્રશેખરંદ્ર સરસ્વતી વિશ્વ મહાવિદ્યાલય માં ૧૦થી ૧૩માર્ચ દરમિયાન ૬૩મી અખિલ ભારતીય શાસ્ત્ર સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીયસ્તરની સ્પર્ધામાં ૨૬રાજ્યોના ૭૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો તેમાં પોરબંદર સાંદીપની સ્થિત બાબડેશ્વર સંસ્કૃત મહાવિદ્યાલયના ઋષિ કુમારોએ સુવર્ણ અને રજત ચંદ્રક મેળવી સૌરાષ્ટ્રનું ગૌરવ વધાર્યું હતું.

વીજ સ્પર્ધા માં તરેયા પાર્થ, જોષી તુસારે પ્રથમ નંબર મેળવી સુવર્ણ ચંદ્રક અને કાવ્ય સલાકા ચંપો રામાયણ વિષયમાં રક્ષિત જોશીએ ત્રીજો નંબર મેળવી રજતચંદ્ર પ્રાપ્ત કર્યો હતો. ઋષિ કુમારોએ રાષ્ટ્રીય સ્તરે સંસ્કૃત શાસ્ત્રીય સ્પર્ધામાં ઉત્કૃટ પ્રદર્શન કરી સાંદિપની સંસ્થાને ગૌરવ અપાવ્યું હતું, આ અવસરે ભાઈશ્રી એ બંને તુલસી કુમારના આશીર્વાદ સાથે અભિનંદન આપ્યા હતા અને ગ્રહ પતિ હરિપ્રસાદ બોમ્બે જી આચાર્ય બિપિનભાઈ જોશી અને અધ્યાપકોને અભિનંદન પાઠવ્યા હતાં.


# જસાણી પરિવારના કુળદેવી નવાણીયા મહાકાળી ધામ ખાતે રવિવારે ૧૧ કુંડી મહાયજ્ઞ

## પાવાગઢ પછીનું દ્વિતીય આગમન ધામ મનાતા ૧૫૦ વર્ષ જૂના પ્રાચીન મંદિરે ૨૯ માર્ચે ભક્તિનો મહાસંગમઃ સમગ્ર ગામનું જમણવાર

**અબતક, રાજકોટ**

લોહાણા જ્ઞાતિના જસાણી પરિવારના હાજરાહજૂર કુળદેવી શ્રી મહાકાળી માતાજીના પ્રાગટ્ય મહોત્સવ નિમિત્તે ૨૯ માર્ચ, ૨૦૨૬ના રોજ નવાણીયા મુકામે ભવ્ય ધાર્મિક આયોજન કરવામાં આવ્યું છે. સાયલા તાલુકાના ઉંટવડથી માત્ર ૩ કિ.મી.ના અંતરે આવેલ આ શક્તિપીઠ આશરે ૧૫૦ વર્ષથી પણ વધુ પ્રાચીન ઈતિહાસ ધરાવે છે. લોકવાયકા મુજબ પાવાગઢ પછી માતાજીનું આ બીજું આગમન ધામ છે, જ્યાં જસાણી પરિવાર સહિત સમગ્ર ગામના લોકો અતૂટ શ્રદ્ધા ધરાવે છે.

આ પવિત્ર પ્રસંગે ચૈત્ર સુદ ૧૧, રવિવારના રોજ



સવારે ૭:૦૦ કલાકથી ૧૧ કુંડી મહાયજ્ઞનો પ્રારંભ થશે. મંદિરના પૂજારી પરેશગીરી તથા ધર્મેશગીરી દ્વારા આ ધાર્મિક વિધિનું સુંદર સંચાલન કરવામાં આવ્યું છે. આ યજ્ઞમાં જસાણી પરિવારના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉમટી પડશે.

વિશેષમાં, મહારાજગીરી બાપુ દ્વારા આ અવસરે સમગ્ર નવાણીયા ગામ માટે ભવ્ય મહાપ્રસાદ (ગામ જમણવાર)નું પણ આયોજન કરવામાં આવ્યું છે. જસાણી પરિવારના તમામ કુટુંબીજનોને આ ભક્તિમય ઉત્સવમાં સહભાગી થવા અને માતાજીના આશીર્વાદનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# તબીબ પાસે ખંડણી માંગવાના મામલામાં મુખ્ય સૂત્રધાર ડો.કમલ નાંઢાની ધરપકડ

## તબીબે બલ્બ હોલ્ડરમાં સ્પાય કેમેરો ગોઠવી નામાંકિત તબીબનો અંગત પળોનો વીડિયો ઉતારી લીધો'તો : કહેવાતા પત્રકારોને વીડિયો મોકલી રૂ.૨૫ લાખની ખંડણીની માંગ કરાઈ'તી

**અબતક, રાજકોટ**

શહેરના નામાંકિત તબીબનો સાથી કર્મચારી સાથેનો અંગત પળોનો વિડીયો ઉતારી લઈ કથિત પત્રકારોને આપી રૂ. ૨૫ લાખની ખંડણીની માંગ કરવાના મામલાનો મુખ્ય સૂત્રધાર ડો. કમલ નાંઢાની ધરપકડ કરી લેવાઈ છે. સાથોસાથ સાયબર ક્રાઈમની ટીમે કમલ નાંઢા પાસેથી વિડીયો પણ કબ્જે કર્યો હતો. જ્યારે ખંડણીના ગુનામાં સંડોવાયેલા કથીત પત્રકારો હજુ પણ પોલિસ પકડથી દૂર છે.

સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો રૈયા રોડ નજીક હોસ્પિટલ ધરાવતા તબીબને ત્યાં નોકરી કરતાં તબીબ ડો.કમલ નાંઢાએ વર્ષ ૨૦૨૩ માં તેના પૂર્વ આયોજીત કાવતરાના ભાગરૂપે ફરીયાદી તબીબના સાધુ વાસવાણી રોડ પર આવેલ ક્લિનિકને ટાર્ગેટ કરી બલ્બ હોલ્ડરમાં સ્પાઈ કેમેરા ફિટ કરી દિધા હતા. જે બાદ ફરીયાદી તબીબ તેની સ્ત્રી મિત્ર સાથે ત્યાં મળતા અને ત્યાં તેઓએ માણેલ અંગત પળો તે કેમેરામાં કેદ થઈ હતી. જેમના તમામ એકસેસ આરોપી ડો. કમલ પાસે હતાં. જે તમામ વિડીયો ફૂટેજ આરોપીએ મેળવી લીધા હતાં. જે બાદ તે વિડીયોના આધારે ફરીયાદી તબીબને બદનામ કરવા કથીત પત્રકારોનો સંપર્ક કરી રાજકોટ અને અમદાવાદના બોગસ પત્રકારોએ તબીબને બ્લેકમેઈલ કરી ધમકી આપી હતી કે, "તમારા વીડિયો અમારી પાસે છે, જો ૨૫ લાખ રૂપિયા નહીં આપો તો આ વીડિયો



સોશિયલ મીડિયામાં વાયરલ કરી દઈશું અને તમારી પ્રતિષ્ઠા ધૂળમાં મેળવી દઈશું. શરૂઆતમાં બદનામીના ડરથી તબીબ ગભરાઈ ગયા હતા અને શરૂઆતના સમયમાં ભયભીત થઈ રૂ.૫૦ હજાર ખંડણી આપી પણ દિધી હતી.

જે બાદ ખંડણીખોરોની માંગ સતત વધતી જતી હોવાથી તેમણે હિંમત દાખવી પોલીસનો સંપર્ક કર્યો હતો. જેથી સાયબર ક્રાઈમમાં ૧૦ શખ્સો સામે નામજોગ અને બે મોબાઈલ નંબર ધારક સામે ગુનો નોંધી મુખ્ય સૂત્રધાર ડો. કમલ ચમન નાંઢા (ઉ.વ.૩૨) ની ધરપકડ કરી તેની પાસે રહેલ વિડીયો પોલીસે કબ્જે કરી રિમાન્ડ મેળવવા તજવીજ આદરી હતી.

જ્યારે તોડબાજી પ્રકરણમાં શામેલ કથીત પત્રકારોમાં સત્યની ગર્જના ન્યુઝનો હિરેન ભીખુ મકવાણા, અજયસિંહ દોલુભા ચુડાસમા, હાર્દિક નીતીન ડોડીયા, રાજકોટ હેડ લાઈન્સ વાળો જગદીશ તેરૈયા, ભારત ટાઈમ્સ વાળો જીગર સોઢા , ભારત ટાઈમ્સ વાળો ધનશ્યામ પટેલ, ભારત ટાઈમ્સ વાળો જતીન નથવાણી, જતીન નથવાણીની પત્ની સ્વાતી નથવાણી, ભારત હેડલાઈન્સ વાળો અમીત ઠકકર, ઈ-૧ ન્યુઝ વાળો ભરત અને મો.નં. ૮૧૨૮૬૯૬૭૯૫ તેમજ મો.નં.૭૯૮૪૮-૪૩૩૪૭ નો ધારક હજું પોલીસ પકડથી દૂર રહેતાં તેની શોધખોળ યથાવત રખાઈ છે.

## નગ્ન વીડિયો કબ્જે, તબીબના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરતી સાયબર ક્રાઈમ પોલિસ : કથિત તોડબાજ પત્રકારો હજુ પણ પોલિસ પકડથી દૂર

# માનવ ઉત્કર્ષ મહોત્સવ નિમિતે બીએપીએસના વિવિધ સામાજીક પ્રકલ્પના કાર્યો

## ૧૧ થી ૧૭ એપ્રિલ રેસકોર્ષ ખાતે મહોત્સવ ઉજવાશે યુવાનોએ ટ્રાફિક જાગૃતિ અભિયાન હાથ ધર્યું

**અબતક,રાજકોટ**

બીએપીએસ સ્વામિનારાયણ મંદિર રાજકોટ દ્વારા આવનારા દિવસો તારીખ ૧૧ થી ૧૭ એપ્રિલ દરમિયાન રાજકોટના ખ્યાતનામ એવા રેસકોર્સ મેદાનમાં યોજનારા 'માનવ ઉત્કર્ષ મહોત્સવ' જેમાં બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના વિધ્વાન સંત અને આંતરરાષ્ટ્રીય વક્તા પૂજ્ય અપૂર્વમુની સ્વામી વિધ-વિધ વિષયો ઉપર રાજકોટવાસીઓને અનેરી પ્રેરણા તેમજ માર્ગદર્શન પૂરું પાડશે. આ મહોત્સવ ઉપક્રમે આજરોજ વિવિધ સામાજિક પ્રકલ્પો હાથ ધરવામાં આવ્યા હતા.

જેમાં યુવાનો દ્વારા રાજકોટના જાહેર સર્કલ ઉપર ટ્રાફિક જાગૃતિ અભિયાનનો વિશેષ પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યો હતો. યુવાનોએ રાજકોટના નાગરિકોને ટ્રાફિક જાગૃતિનો વિશેષ સંદેશ તેમજ



સુરક્ષાનો પાઠ ભણાવ્યો હતો.

ટ્રાફિક જાગૃતિ અભિયાન અંતર્ગત રાજકોટના કુલ આઠ મુખ્ય ચોક પારેવડી ચોક, ઈન્દિરા સર્કલ, કેકેવી હોલ, બિગ બજાર, હનુમાન મઢી ,રામાપીર ચોક, એસ્ટ્રોન ચોક, તેમજ મક્કમ ચોક પર આ ટ્રાફિક જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું.

તદુપરાંત બીએપીએસ સ્વામિનારાયણ મંદિર રાજકોટની યુવા નારી શક્તિ દ્વારા પણ રાજકોટના મુખ્ય ચોક અને રસ્તા ઉપર વર્તમાન સમયની ગંભીર સમસ્યા 'આત્મહત્યા' એ અંતર્ગત આત્મહત્યા અટકાવો અભિયાન યોજાયું હતું. જેમાં યુવતીઓએ અલગ અલગ પોસ્ટ કાર્ડ ફ્લેક્સ તેમજ બેનર્સ ના માધ્યમોથી વિવિધ સંદેશાઓ તેમજ આત્મહત્યા અટકાવવા અને નિવારણની સંદેશાત્મક પ્રતિકૃતિ રાજકોટના નાગરિકોને સમજાવી હતી. આ અભિયાન રાજકોટના રૈયા ચોક, કેકેવી સર્કલ, રાજનગર ચોક, નાના મોવા સર્કલ, જિલ્લા પંચાયત ચોક, ત્રિકોણબાગ, કમિશનર ઓફિસ જેવા જાહેર ચોક અને સ્થળો પર હાથ ધરવામાં આવ્યું હતું .

આ બંને અભિયાનનો રાજકોટના નાગરિકો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો.

# ચાર માસથી ફરાર સજા વોરંટનો આરોપી રાઘવેન્દ્ર પ્રજાપતિ ઝડપાયો

## ભક્તિનગર પોલીસની ટીમે એસ્ટ્રોન ચોક નજીકથી મૂળ કેવડાવાડીના શખ્સને દબોચી લીધો

**અબતક, રાજકોટ**

ચેક રિર્ટન કેસમાં સજાના વોરંટમાં નાસતા ચાર માસથી ફરાર કેવડાવડીમાં રહેતા શખસને ભકિતનગર પોલીસે એસ્ટ્રોન ચોક પાસેથી ઝડપી લઈ વોરંટની બજવણી કરી હતી.

ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા માટે સૂચના આપી હોય જેને લઈ ભકિતનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ.સરવૈયાની રાહબરી હેઠળ પીએસઆઈ જે.જે.ગોહિલ તથા ટીમ તપાસમાં હતી દરમિયાન હેડ કોન્સ. કેતનભાઈ



બોરીચા, કોન્સ. વસંતભાઈ બાલાસરાને મળેલી બાતમીના આધારે ચેક રિર્ટન કેસમાં સજાના વોરંટમાં ચાર માસથી નાસતો ફરતો આરોપી એસ્ટ્રોન ચોક પાસે હોવાની બાતમી મળી હતી. જે બાતમીના આધારે પોલીસની ટીમે અહીં પહોંચી આરોપી રાઘવેન્દ્ર રામનરેશભાઈ પ્રજાપતી(રહે. કેવડાવાડી શેરી નં.૧૦ લલુડી વોકળી આંગનવાડી સામે ખોડીયાર ચોક કેનાલ રોડ,રાજકોટ,મૂળ મહેસાણા) ને ઝડપી લીધો હતો. આ કામગીરીમાં પીએસઆઈ જે.જે.ગોહિલ, હેડ કોન્સ.કેતનભાઈ બાોરીચા, કોન્સ. વસંતભાઈ બાલાસરા, તથા હેડ કોન્સ. વિજયભાઈ જોષી, ધવલભાઈ ગૌસ્વામી સાથે રહ્યા હતાં.

# મોરબી રોડ નજીક કારે બાઈકને અડફેટે લેતા પ્રૌઢનું મોત

## રાત્રિના સમયે આંટો મારવાજતી વેળાએ દાઉદભાઈને નડ્યો અકસ્માત, ત્રણ પુત્રોએ પિતાની છત્રછાયા ગુમાવી

**અબતક રાજકોટ**

શહેરના હડાળા અને કાગદડી ગામ હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે.જેમાં હડાળાના પ્રૌઢનું મોત નીપજતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. અજાણ્યા કારચાલકે બાઈકને જોરદાર ટક્કર મારતા ગંભીર ઈજાઓને કારણે પ્રૌઢનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બનાવને પગલે પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.મળતી માહિતી મુજબ, હડાળા ગામમાં રહેતા દાઉદભાઈ ઈસ્માઈલભાઈ સાળ (ઉં.વ. ૫૩) ગઈકાલે રાત્રે આશરે ૮:૦૦ વાગ્યાની આસપાસ પોતાનું મોટરસાયકલ લઈને આંટો મારવા નીકળ્યા હતા. તેઓ જ્યારે હડાળા અને કાગદડી ગામ વચ્ચેના માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા ફોરવીલ ચાલકે તેમને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં દાઉદભાઈને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં હાજર તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક દાઉદભાઈ કપડાની દુકાન ચલાવતા હતા. પોતે પાંચ ભાઈ અને બે બહેનોમાં સૌથી મોટા હતા. તેમને સંતાનમાં ત્રણ દીકરા છે. પરિવારના મોભીના મોતથી સાળ પરિવાર પર આભ તૂટી પડ્યું છે. બનાવ અંગેની જાણ થતા જ પોલીસ કાફલો હોસ્પિટલ પહોંચ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માત સર્જી નાસી છૂટેલા અજાણ્યા કારચાલકને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# યદુનંદન મિત્ર મંડળ "મવડી" દ્વારા ભાજપના નવનિયુક્ત હોદ્દેદારોનું સન્માન

## નવનિયુક્ત પદાધિકારીઓને ભાવભેર આવકારાયા: ભારે ઉત્સાહનો માહોલ

**અબ તક રાજકોટ**

રાજકોટ શહેર પંથક સામાજિક સેવા ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા યદુનંદન મિત્ર મંડળ બઉડી દ્વારા ભાજપના નવનિયુક્ત હોદ્દેદારોનો ભવ્ય સન્માન સમારોહ આયોજન કરવામાં આવ્યું હતું

પ્રદેશ ભાજપ સમિતિ દ્વારા સંગઠનની ટીમ જાહેર કરવામાં આવી છે આ નવયુગ હોદ્દેદારોનો સન્માન તમારો તારીખ ૨૧ માર્ચ શનિવારે અર્જુન પાર્ટી પ્લોટ મોટા મવા ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે યદુનંદન મિત્ર મંડળ દ્વારા યોજાયો હતો

યદુનંદન મિત્ર મંડળ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં નવમી હોદ્દેદારો તેમજ વોર્ડ નંબર ૧૧



અને ૧૨ના પૂર્વ કોર્પોરેટરોનો અભિવાદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે મહામંત્રી યોગેન્દ્ર સિંહ જાડેજા ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, રમેશભાઈ ટીલાળા, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા

આ કાર્યક્રમમાં જેમ પૂરી થઈ છે તેવા પૂર્વક કોર્પોરેટર અને પૂર્વ મયર ડો, પ્રદીપ ભાઈ ડવ, વિનુભાઈ સોરઠીયા, રણજીતભાઈ સાગઠીયા, લીલુબેન જાદવ, ભારતીબેન પાડલીયા, નવનિયુક્ત શહેર ભાજપ ઉપાધ્યક્ષ મહેશ પીપળીયા, મંત્રી સુનિલભાઈ ગોહેલ, કિસાન મોરચાના મંત્રી વિજયભાઈ કોરાટ, કારોબારી સભ્ય આયદનભાઈ ખાધા યુવા મોરચાના મંત્રી જય ભાઈ બોરીચા, અંકિતભાઈ સોરઠીયા, સંજયભાઈ દવે, રજનીભાઈ ગોલ, નો સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં યદુનંદન મિત્ર મંડળ ના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા,

આ કાર્યક્રમને સફળ બનાવવા યદુનંદન મિત્ર મંડળના અમિતભાઈ બોરીચા, ભુપતભાઈ બસીયા, કૈલાશભાઈ બોરીચા, વિક્રમભાઈ વાંક, સંજયભાઈ બોરીચા, જયેશભાઈ કુંભારવાડીયા, કિરીટભાઈ ખાધા, મનોજભાઈ માવલા, વિજયભાઈ વાંક, શૈલેષભાઈ સબાડ ભરતભાઈ બરારીયા, સુરેશભાઈ સબાડ, ભરતભાઈ બરા રિયા, સુરેશભાઈ સબાડ, ભુપતભાઈ સબાડ, ગટુભાઈ વાંક, વિક્રમભાઈ કિહોર, મિલનભાઈ મુંધવા, રસિકભાઈ મુંગરા, સાધાભાઈ સવસેટા દેવદાનભાઈ સવશેટા, રમેશભાઈ વાંક, વિજયભાઈ ખંડેખા, મુકેશભાઈ સબાડ, નિર્મલભાઈ જીલરીયા, એ જહેમત ઉઠાવી હતી

## ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ અવસરે

# સમસ્ત જૈન મહિલા મંડળના બહેનો માટે સ્તવન સ્પર્ધાનું આયોજન

**અબતક,રાજકોટ**

સમગ્ર વિશ્વને અહિંસા પરમી ધર્મનો દિવ્ય સંદેશો આપનાર એવા આપણા પરમ તારક ૨૪ માં તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક મહોત્સવ તા.૩૦/૦૩/૨૦૨૬ ને સોમવારના રોજ પુનિત અને પાવન અવસરે થી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવ સમિતિ રાજકોટના ઉપલક્ષે અને સ્વ,વિજયાબેન અને સ્વ, માણેકચંદ ડાયાભાઈ શેઠ શેઠ ઉપાશ્રય તથા સ્વ,સરયુબેન ચંદ્રકાન્તભાઈ શેઠ શેઠ પૌષધશાળા તેમજ રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ - ઔમાનવાળા ઉપાધય- સી. એમ. શેઠ પૌષધશાળા આયોજિત રાજકોટના સમસ્ત મહિલા માળોના બહેનો માટેની સ્તવન સ્પર્ધાનો ભકિતસભર કાર્યક્રમ પૂ. મહાસતીજીઓના મંગલમય નિશ્રામાં તા. ૩૦/૦૩/૨૦૨૬ ને મંગળવારના રોજ રાખવામાં આવેલ છે. સ્તવન સ્પર્ધામાં ભાગ લેવા માટેનું ફોર્મ આ સાથે મોકલાવેલ છે. વખાતે ફોર્મની જરૂર હોય તો ફોર્મ ભરતા પહેલાં તેની ઝેરોક્ષ કરાવી ઉપયોગ કરી શકસો. રાજકોટમાં ૩૨ વર્ષથી સતત આયોજન કરવામાં આવે છે આયોજનની વિગત : તા.૩૦/૦૩/૨૦૨૬ ને સોમવાર ના રોજ બપોરના ૨:૩૦ થી ૫:૦૦ સ્તવન સ્પર્ધાનું સ્થળ શેઠ ઉપાશ્રય જૈન સંઘ, પ્રથમ માળ (એ.સી. હોલ), ૧૫૦ રીંગ રોડ, પ્રસંગ હોલ પાસે, રાજકોટ

સ્તવન સ્પર્ધાનું ફોર્મ ભરતા પહેલા વાંચી સંપૂર્ણ વિગત ભરીને તા. ૨૫/૦૩/૨૦૨૫ બુધવાર સુધી શ્રી શેઠ ઉપાશ્રય જૈન સંઘ, પ્રસંગ હોલ પાસે, કેકેવી ચોક, રાજકોટ અથવા શ્રી રોયલ પાર્ક જૈન સંઘ - સી.એમ.શેઠ પોષપશાળા, કેકેવી ચોક પાસે, કાલાવડ રોડ, રાજકોટ ખાતે મોકલી શકશો. મર્યાદિત સંખ્યામાં મંડળની એન્ટ્રી લેવાની હોવાથી વહેલા તે પહેલા ધોરણે રહેશે. સ્તવન સ્પર્ધામાં મહિલા મંડળના ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ પાંચ બહેનો જોડાઈ શકશે. એક બહેન કોઈપણ એક મંડળમાંથી ભાગ લઈ શકશે. સ્તવન શરૂ કર્યા બાદ બે મિનીટમાં પુરૂ કરવાનું રહેશે એટલે તે રીતે સ્તવન વાદ્ય સંગીત વગર તૈયાર કરશો. ખંજરી કે કોઈ વાજીંત્રની ઉપયોગ કરવાનો નથી. સ્તવનના શબ્દો માત્રને માત્ર શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ઉપરના હોવી જોઈએ આયબિલ ઓળીના તપસ્વીઓએ પોતાના માટે પીવાનું પાણી સાથે લાવવું, સ્તવન સ્પર્ધાના સ્થળ ઉપર બપોરના ૩:૦૦ વાગ્યા પહેલા આવનાર બહેનોને લક્કી ડ્રોનું કાર્ડ આપવામાં આવશે.

તા.૨૫/૦૩/૨૦૨૬ બુધવાર પાછી કે કાર્યક્રમના દિવસે કોઈપણ મંડળનું ફોર્મ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં. વ્યવસ્થાને ધ્યાનમાં લઈને સહકાર આપશો ફોર્મ લેવા સરમાવશો નહીં. વિશેષ માહિતી માટે સંપર્ક ચંદ્રકાન્તભાઈ શેઠ મો. ૯૮૨૪૦ ૪૩૭૬૯, નયનાબેન મોદી મો. ૯૪૨૯૫ ૬૨૯૦૦, રિધ્ધિબેન બાવીસી મો. ૯૪૨૯૩ ૨૩૪૭૦ અથવા આપુષ શાહ મો. ૭૬૨૩૦-૮૧૧૦૧ નો સંપર્ક કરી શકશો. સંઘને ખાસ વિનંતી આ સ્તવન સ્પર્ધાની માહિતી આપના ઉપાશ્રય/ દેરાસર / મંદીરના નોટીસ બોર્ડ ઉપર આ પત્ર લગાવીને તથા આપના દ્વારા સંચાલીત મહિલા મંડળને જાણ કરી સહકાર આપશો. સ્પર્ધાના આગલા દિવસે એટલે કે તા. ૩૦/૩/૨૫ સોમવાર ના મંડળમાંથી કોઈપણ એક બહેનોએ સ્તવન સ્પર્ધાના કાર્યક્રમ વિશે મો. ૯૮૨૪૦ ૪૩૭૧૯/ ૯૪૨૯૫ ૬૨૯૦૦/ ૯૪૨૯૩ ૨૩૪૭૦ /૭૬૨૩૦ ૮૧૧૦૧ ઉપર તપાસ જરૂરથી કરશો.

# વિવેકાનંદ યુથ કલબ દ્વારા ગુરૂવારથી જરૂરીયાતમંદોને ચપલ વિતરણ કરાશે

**અબતક,રાજકોટ**

કાળજાર ગરમીમાં કદી બહાર નીકળવાનું થતું હોય તો પણ માથું ભમી જાય છે ઓફિસ કે ઘરમાં એર કન્ડિશન કે પંખા નીચે હોય. અને થોડીવાર લાઈટ જતી રહે તો પણ કાંઈનું કાંઈ થઈ જાય છે ત્યારે ધગધગતા ડામરના કે ધૂળિયા રસ્તા પર ઉઘાડા પગે ફરતા બાળકો, બહેનો, વડીલો, યુવાનોને કુદરતી કોપમાં સહાયરૂપ બનવાની અનોખી અને ઉમદા સેવા પ્રવૃત્તિ ગુજરાત સરકાર દ્વારા શ્રેષ્ઠ સેવા સંસ્થાનો એવોર્ડ મેળવનાર અનેકવિધ પ્રવૃતિથી ધમધમતી શહેરની જાણીતી સેવા સંસ્થા વિવેકાનંદ યુથ કલબ દ્વારા સમાજના સહયોગથી થઈ રહી છે. સંસ્થા દ્વારા સ્લીપર વિતરણનું અનોખું અભિયાન છેલ્લા ૨૫ વર્ષથી દર વર્ષે ઉનાળામાં હાથ ધરવામાં આવે છે અને સમાજમાંથી વ્યાપક સમર્થન મળી રહ્યું છે.

સંસ્થાના સુકાનીઓ અનુપમ દોશી, સુનિલ વોરા નલિન તન્ના પંકજ રૂપારેલીયા, હસુભાઈ શાહ સ્લીપર વિતરણ અભિયાન અંગે માહિતી આપતા વધુમાં જણાવે છે કે મનને સંતોષ આપતી ગમતી માનવીય પ્રવૃત્તિથી પ્રેરાઈને આ વર્ષે પણ ઉનાળાની શરૂઆતમાં જ આકરો તાપ ગરમી પડવાની શરૂઆત થઈ છે ત્યારે ઉનાળાના ધોમધખતા તાપમાં ઉઘાડા પગે ફરતા ફરતા સમાજના આપણા જરૂરિયાતમંદ સ્વજનોના બાંધવોના પગ ઠરવાનું અનોખું અભિયાન આગામી તારીખ ૨૬ એપ્રિલ ગુરુવારના રોજ રામનવીના પવિત્ર દિવસથી શકું કનવામાં આવનાર છે અને પાંચ હજારથી વધુ જોડી નવા સ્લીપર ચંપલનું વિતરણ સુખી સંપન્ન દાતાઓના સહયોગથી કરવામાં આવનાર છે.

સંસ્થાના સેવાના રંગે રંગાયેલા કાર્યકર્તાઓ શહેરીજનો તરફથી મળનાર પાંચ હજાર જોડીનું બપોરના સમયે બળબળતા તાપમાં સાઈકલ સ્કૂટરમાં નીકળીને બાળકોના, બહેનોના, ભાઈઓના, વડીલોના વિવિધ સાઈઝના સ્લીપર ચપ્પલ અલગ અલગ થેલામાં સાથે રાખીને શહેરના ઉદ્યોગનગર, આજી વસાહત, માર્કેટિંગ યાર્ડ, મોરબી રોડ, ગાંધીગ્રામ, દાણાપીઠ, કોઠારીયા રોડ, કુવાડવા રોડ, માધાપર ચોકડી, જામનગર રોડ, કાલાવડ રોડ, નવા રીંગ રોડ, યુનિવર્સિટી રોડ, ૮૦ ફૂટ રોડ, ગોંડલ રોડ, મવડી વિસ્તાર, મુંજકા, ઢેબર રોડ, સહિતના વિસ્તારોમાં ફરીને બળબળતા તાપમાં ઉઘાડા પગે ફરતા હોય તેવા સ્વજનોને સ્લીપર ચંપલ વિતરણ કરશે

જનસેવાના આ પવિત્ર કાર્યમાં સ્લીપર ચંપલ લેવા માટે આર્થિક સહયોગ આપવા ઈચ્છતા ભાઈઓ બહેનોએ વિશેષ માહિતી તેમજ પૂછપરછ માટે સંસ્થાના અનુપમ દોશી ૯૪૨૮૨૩૩૭૯૬ નો સંપર્ક સાધના જણાવાયુ છેસંસ્થા દ્વારા શરૂ થનાર આ અભિયાનમાં સંસ્થાના સેવાના રંગે રંગાયેલ કાર્યકર્તાઓ અનુપમ દોશી, પંકજ રૂપારેલીયા. હસુભાઈ શાહ, સુનિલ વોરા, નલિન તન્ના, દિનેશભાઈ ગોવાણી,જનાર્દન આચાર્ય, રમેશ શિશાંગીયા, પરિમલભાઈ જોશી, જીતુભાઈ ગાંધી, જયેન્દ્રભાઈ મહેતા, વિપુલભાઈ ભટ્ટ, મહેશ પરમાર, નેસધભાઈ વોરા, મહેશ જીવરાજાની, અશ્વિન ચૌહાણ, દક્ષિણભાઈ જોશી, શરદભાઈ દવે, મહેશ વ્યાસ, ઉપમન્યુભાઈ રાવલ કિશોર ટાકોદરા, ઊર્મિશ વ્યાસ, નયન ગંદા ડો. હાર્દિક દોશી, હિરેનભાઈ મહેતા વગેરે કાર્યરત રહેશે.



# ભાવનગરમાં ચાર મહિલા બુટલેગરના ઘર પર જેસીબી ફરી વળ્યું

## બે કલાકમાં ૨ ઘર, ૧૪ દુકાન અને ૭ ઓરડી તોડી પડાઈ ડીવાયએસપી, એલસીબી, ઘોઘારોડ, બોરતળાવ અને ગંગાજળિયા પોલીસ સહિત ૨૦૦થી વધુ પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો

**અબતક, રાજકોટ**

ભાવનગર એસપી નિતેશ પાંડે દ્વારા શહેરમાં વધતી ગુનાહિત પ્રવૃત્તિઓ, ખાસ કરીને પ્રોહિબિશન અને શરીર સંબંધિત ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓ સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. આજે સવારથી અચાનક પાંચ અસામાજિક તત્વોના રહેણાંક મકાનોનું ડિમોલિશન શરૂ કરવામાં આવ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ, ભાવનગર શહેરના આડોડીયા વિસ્તારમાં આવેલા આરોપીઓના રહેણાંક મકાનોને તોડવાના શરૂ કરવામાં આવ્યા છે. આ કામગીરી માટે સિટી ડીવાયએસપી, એલસીબી, ઘોઘારોડ, બોરતળાવ અને ગંગાજળિયા પોલીસ સહિત ૨૦૦થી વધુ પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે.

હાલમાં ચાર જેસીબી મશીનો દ્વારા ડિમોલિશન શરૂ કરવામાં આવ્યું છે, જેમાં કોર્પોરેશન, પીજીવીસીએલ અને ફાયર વિભાગનો સ્ટાફ પણ જોડાયો છે. અચાનક હાથ ધરાયેલી આ કાર્યવાહીથી શહેરના અન્ય ગુનાહિત પ્રવૃત્તિમાં સંકળાયેલા શખસોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ ઘરો તૂટતા જોઈને મહિલાઓ રડતી જોવા મળી હતી.સવારે ૮થી ૯.૩૦ વાગ્યા સુધીમાં એક મહિલા બુટલેગરનું ઘર તેમજ ગેરકાયદેસર બાંધકામ ધરાવતી ૫ દુકાન તોડી પાડવામાં આવી છે અને કામગારી હજુ પણ ચાલી રહી છે.

તો બીજી તરફ ઘરો તૂટતા જોઈને મહિલાઓ રડતી જોવા મળી હતી. હાલમાં કેટલા આરોપીઓના ઘરોનું ડિમોલિશન કરવામાં આવશે તેની વિગતો તંત્ર દ્વારા જાહેર કરવામાં આવી નથી.

# કાલે યુસીસી બિલ વિધાનસભામાં રજૂ કરશે: રાજકીય ધમાસાણના એંધાણ

## ભાજપ પોતાના તમામ ધારાસભ્યોને ફરજીયાત ગૃહમાં હાજર રહેવા વ્હીપ આપી

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભા સત્રનો આજનો દિવસ રાજકીય રીતે મહત્વપૂર્ણ છે. સત્રની શરૂઆત પ્રશ્નોત્તરીકાળથી કરવામાં આવી હતી.આજે ઊર્જા અને પંચાયત વિભાગ સાથે સાથે આરોગ્ય વિભાગના પ્રશ્નો પર વિસ્તૃત ચર્ચા હાથ ધરવામા આવી હતી.આવતી કાલે યુસીસી બિલ ગૃહમાં રજૂ કરવામાં આવે તેવી સંભાવના દેખાય રહી છે. આ બંને વિભાગોના બજેટ અંગે ચર્ચા તથા માંગણીઓ પર પણ સભ્યો વચ્ચે ચર્ચા થશે. આગામી દિવસોમાં મહત્વપૂર્ણ બિલોને ધ્યાનમાં રાખીને સત્ર વધુ ગરમાવવાની સંભાવના છે. આ વચ્ચે, ભાજપ દ્વારા પોતાના તમામ ધારાસભ્યોને મહત્વપૂર્ણ સૂચના આપવામાં આવી છે. આગામી ત્રણ દિવસ વિધાનસભામાં ફરજિયાત હાજર રહેવા માટે મુખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષના નામે પત્ર લખવામાં આવ્યો છે. સાથે જ અંતિમ બે દિવસ દરમિયાન વિવિધ ૭ મહત્વપૂર્ણ બિલોની ચર્ચા યોજાનાર હોવાથી, તેમાં હાજરી અનિવાર્ય રાખવા સૂચના આપવામાં આવી છે. ભાજપના મુખ્ય દંડક દ્વારા પણ આ અંગે અલગથી પત્ર લખવામાં આવ્યો છે.

આવતીકાલે યુનિફોર્મ સિવિલ કોડ વિધેયક રજૂ થવાનું છે, જેને લઈ રાજકીય ગરમાવો વધવાની શક્યતા છે. વિધાનસભાના ૨૨માં દિવસે આ બિલ પર ચર્ચા કરવામાં આવશે. આ બિલ મુખ્યમંત્રી અથવા નાયબ મુખમંત્રી દ્વારા રજૂ કરવામાં આવી શકે છે. આવતીકાલે કુલ ૪ વિધેયક પર ચર્ચા યોજાનાર છે, જેના કારણે વિધાનસભામાં રાજકીય ચહલપહલ વધુ તેજ બનવાની શક્યતા છે.

# ડેન્ગ્યૂ અને કમળાના એક-એક સહિત રોગચાળાના ૧૩૬૧ કેસ

## મચ્છરોની ઉત્પતિ સબબ ૧૦૮ આસામીઓને નોટિસ ફટકારતું કોર્પોરેશન: પાણીના ૭૮૪ નમૂના લઈ ક્લોરિન ટેસ્ટ કરાયો



**અબતક, રાજકોટ**

માવઠાના કારણે ફરી રોગચાળામાં વધારો નોંધાયો છે. ગત સપ્તાહે ડેન્ગ્યૂ અને કમળાના એક - એક સહિત કુલ ૧૩૬૧ કેસ નોંધાયા છે. મચ્છરોની ઉત્પતિ સબબ ૧૦૮ આસામીઓને કોર્પોરેશન દ્વારા નોટીસ ફટકારવામાં આવી છે. પાણીના ૭૮૪ નમૂના લઈ તેના ક્લોરિન ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આજે કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા રોગચાળાના સાપ્તાહિક આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ગત સપ્તાહે શહેરમાં ડેન્ગ્યૂ અને કમળા તાવનો નવો એક - એક કેસ મળી આવ્યો હતો. આ ઉપરાંત શરદી-ઉધરસના ૫૮૫ કેસ, સામાન્ય તાવના ૫૫૧ કેસ અને ઝાડા-ઉલ્ટીના ૨૨૩ કેસ મળી આવ્યા હતા. રોગચાળાને નાથવા માટે ૯૩૦૬ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. ફિલ્ડવર્કરો દ્વારા ૫૪૭ ઘરોમાં ફોગીંગ કરવામાં આવ્યું હતું. જે વિસ્તારોમાં મચ્છરનો ઉપદ્રવ વધુ માત્રામાં હોય ત્યાં માઉન્ટેન મશીન દ્વારા ફોગીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, કોમ્પ્લેક્સ, ભંગારના ડેલા, સેલર, વાડી, પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ અને સરકારી કચેરી સહિત બિન રહેણાંક હેતુની ૧૩૩ મિલકતોમાં મચ્છરના ઉપદ્રવ અંગે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ૨૮ સ્થળેથી મચ્છરના લારવા મળી આવતા તમામને નોટીસ આપવામાં આવી છે. જયારે રહેણાંક હેતુની ૮૦ મિલકતોમાંથી મચ્છરના લારવા મળી આવ્યા હતા. તમામને નોટીસ આપવામાં આવી છે. પાણીજન્ય રોગચાળાની અટકાયત માટે શહેરના તમામ વિસ્તારોમાંથી પીવાના પાણીના ૭૮૪ નમૂના લેવામાં આવ્યા હતા. તેનું ક્લોરિન ટેસ્ટ કરાયું હતું.

# રજાના દિવસોમાં પણ કોર્પોરેશન વેરા વસુલાતની કામગીરી ચાલુ રાખશે

## ૪,૪૫,૪૬૩ કરદાતાઓએ રૂ.૪૧૨.૧૨ કરોડનો વેરો ભર્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ ૪,૪૫,૪૬૩ કરદાતા દ્વારા કુલ રૂ. ૪૧૨.૧૨ કરોડ જેટલી માતબર રકમનો વેરો ભરપાઈ કરવામાં આવ્યો છે. ગત વર્ષે તા.૨૩ માર્ચના રોજ કુલ ૪,૧૧,૫૮૬ કરદાતા દ્વારા કુલ રૂ. ૩૯૭.૭૨ કરોડનો વેરો ભરપાઈ કરવામાં આવેલ હતો, આમ,ગત વર્ષ કરતાં આ વર્ષ કુલ ૩૩,૭૭૭ વધુ કરદાતાઓ દ્વારા તથા કુલ રૂ.૧૪.૪૦ કરોડની વધુ રકમનો મિલકત વેરો રાજકોટ મહાનગરપાલિકાની તિજોરીમાં જમા કરાવેલ છે. વેરા-વસુલાત શાખા દ્વારા આજ દિન સુધીમાં કુલ રૂ.૪૧૨.૧૨ કરોડની વસુલાત કરવામાં આવેલ છે. આમ,હાલ પણ વેરા વસુલાત શાખામાં પોતાનો વેરો ભરપાઈ કરવા માટે કુલ રૂ.૧૦,૦૦૦ વ્યાજ માફી યોજનાનો લાભ છે, જે પૈકી મિલકત વેરામાં ૫,૦૦૦ તેમજ પાણી વેરામાં ૫,૦૦૦ સુધીની વ્યાજ માફી મેળવવા માટે કરદાતાઓ વેરો ચૂકવવા માટે તત્પર બન્યા છે. જેથી તમામ શહેરીજનોને સત્વરે ૩૧ માર્ચ સુધીમાં સંપૂર્ણ વેરો ભરી હાલની વ્યાજ માફીનો લાભ લઈ પોતાનો સંપૂર્ણ વેરો સત્વરે ભરવા અનુરોધ છે. ૩૧મી સુધી તમામ દિવસોમાં તમામ વોર્ડ ઓફિસ, તમામ સિવિક સેન્ટર્સ અને તમામ ઝોનલ કચેરી ખાતે મિલકતવેરા- પાણી વેરાની વસુલાત સવારે ૯:૩૦ કલાક થી સાંજે ૬:૧૦ કલાક સુધી ચાલુ રાખવામાં આવનાર છે.

આ કામગીરી કમિશ્નરના માર્ગદર્શન હેઠળ નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા સેન્ટ્રલ ઝોનના આસી.કમિશ્નર કાશ્મીરાબેન વાઢેર તથા વેસ્ટ ઝોનના આસી. કમિશ્નર દીપેન ડોડીયા તથા વેસ્ટ ઝોનના આસી.કમિશ્નર ડો.એચ.પી. રૂપારેલીયા તથા સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ, ભાવેશ પુરોહિત, વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, હાર્દિકસિંહ જાડેજા ઈસ્ટ ઝોન મેનેજર ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ ટેક્ષ ઈન્સીપેકટરો દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવે છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે. મિલકતવેરા વસુલાત માટે શહેરના તમામ વોર્ડમાં મિલકત સીલીંગ, નળ કનેકશન કપાત, ડ્રેનેજ કપાત સહિતની કામગીરી પુરજોશમાં કરવામાં આવી રહી છે.

# વે.રેલવે એન્જિનિયર્સ એસો. દ્વારા કમિટીની રચના ડિવિઝનલ સેક્રેટરી તરીકે ત્રિવેન્દ્રકુમારની વરણી

**અબતક: રાજકોટ**



રાજકોટ ખાતે રેલવેની ડીવીઝનલ એન્જીનીયરીંગ ટ્રેનીંગ સેન્ટર ડબલ્યુઆરઈએની રાજકોટ ડીવીઝનની ઝેડઈસી-ડીઈસી મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે વે. રેલવેના અલગ અલગ ડીવીઝનના પ્રતિનિધિઓ હાજર રહયા હતા. આ મીટીંગનું ઉદઘાટન દીપ પ્રવલલીત કરી કરવામાં આવ્યું હતું. દીપ પ્રજવલીત વે. રેલવે એન્જીયર્સ એસો.ના ચીફ એડવાઈઝર આર.પી. શર્મા, પ્રેસીડન્ટ એ.પી. મોર્યા, જનરલ સેક્રેટરી શિવાકાન્તસિંહ, ડીવીઝનલ સેક્રેટરી રાજીવકુમાર જોઈન્ટ જનરલ સેક્રેટર રાજેન્દ્રસિંહ વગેરે હાજર રહ્યા હતા.

ડીઈસી-ઝેડઈસી મીટીંગમાં સર્વાનુ મતે નવી બોડીની રચના કરવામાં આવી હતી. જેમાં ત્રિવેન્દ્રકુમારને ડીવીઝનલ સેક્રેટરી, ધીરેન્દ્રકુમારને પ્રેસીડન્ટ, આર.વી. મહેતાને ચીફ એડવાઈઝર, તથા દેવચરણજી ને ખજાનચી તથા મનોજ અગ્રવાલને ડીવીઝના ઓર્ગેનાઈઝેશન સેક્રેટરી તથા બીજી ૧૭ લોકોને ડીવીઝન બોડીમાં સામેલ કરવામાં આવેલ છે. સર્વે એન્જીયરોએ નવી બોડીને શુભેચ્છા આપી દરેક કાર્યમાં શુભેચ્છા આપી સફળતા મેળવી એવી શુભકામના આપી હતી.

# કોર્પોરેશનના ૯ ગ્રાઉન્ડ ૮ એપ્રિલ સુધી રાત્રિના ૯થી સવારે ૬ વાગ્યા સુધી બંધ રહેશે

## જાહેર જનતા અને તમામ મેમ્બર્સ માટે પ્રવેશ સંપૂર્ણ બંધ રહેશે

**અબતક, રાજકોટ**

ઓફીશીયેટીંગ ડિરેક્ટર રીક્રૂટીંગ દ્વારા ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓ માટે આર્મી રીક્રુટમેન્ટ રેલી અંગેનુ આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા, રેસકોર્ષ સંકુલ હસ્તકના વિવિધ ગ્રાઉન્ડ ખાતે આજથી તા.૦૮ એપ્રિલ સુધી આ આર્મી રીક્રુટમેન્ટ રેલી અંગેનું આયોજન કરવામાં આવનાર છે.

આ ભરતી પ્રક્રિયા દરમ્યાન સિન્થેટીક એથ્લેટીક ટ્રેક, ફુટબોલ ગ્રાઉન્ડ તથા હોકી ગ્રાઉન્ડ વચ્ચે આવેલ બ્યુઈંગ ગેલેરી, હોકી ગ્રાઉન્ડની સામે આવેલ લોન એરીયા, ઈન્ડોર સ્ટેડીયમ પરીસર, નવી બિલ્ડીંગનું પરીસર, ૦૬ ટેનીસ કોર્ટ, ૦૨ ટેનીસ કોર્ટ, ફુટબોલ ગ્રાઉન્ડ, ફૂટબોલ ગ્રાઉન્ડથી ૦૬ ટેનીસ કોર્ટ સુધીનો રસ્તો અને ફૂટબોલ ગ્રાઉન્ડની બાજુની બ્યુટીફીકેશન ગલી ગ્રાઉન્ડ તથા પરિસર આઠ એપ્રિલ સુધી રાત્રીના ૦૯:૦૦ વાગ્યાથી સવારનાં ૦૬:૦૦ સુધી જાહેર જનતા અને તમામ મેમ્બર્સ માટે પ્રવેશ સંપૂર્ણ બંધ રહેશે. આ સાથે સવારના ૦૬:૦૦ થી રાત્રીના ૦૯:૦૦ વાગ્યા દરમ્યાન રાબેતા મુજબ ચાલુ રહેશે. જેની જાહેર જનતા અને તમામ મેમ્બર્સએ નોંધ લેવા તેમજ આ સમયગાળા દરમ્યાન સાથ સહકાર આપવા અનુરોધ કરવામાં આવે છે.

# મુસ્લિમ સમાજ દ્વારા રમજાન ઈદની કોમી એખલાસના વાતાવરણમાં શાંતિપૂર્ણ ઉજવણી

## મુસ્લિમ બિરાદરોને પોલીસ કમિશનર બ્રિજેશકુમાર જા દ્વારા રમજાન ઈદની પાઠવાઈ શુભેચ્છા

**અબતક, રાજકોટ**



રાજકોટ શહેર જિલ્લામાં સમાજ દ્વારા રમજાન મહિનાની આસ્થાભેર ઉજવણી બાદ શનિવારે રમજાન ઈદની ઉજવણી કરવામાં આવી હતી રાજકોટ કોમી એકતા નું પ્રતીક ગણાય છે અહીં સૌ હિંદુ મુસ્લિમ બિરાદરો હળી મળીને તહેવારોની ઉજવણી કરે છે.

શહેરમાં રમજાન ઈદની શાંતિપૂર્વક રીતે ઉજવણી કરવામાં આવી હતી મુસ્લિમ બિરાદરોને રમજાન ઈદ નિમિત્તે પોલીસ કમિશનર બ્રિજેશકુમાર જા, ક્રાઈમ બ્રાન્ચ ડીસીપી જગદીશ બાંગરવા, ટ્રાફિક ડીસીપી ડો હરપાલસિંહ જાડેજા, એસીપી પટેલ, ડીસીપી ક્રાઈમ એમઆર ગોંડલીયા, પ્ર નગર પી.આઈબી આર વસાવા, પી.એસ.આઈ ડી એનગજેરા એ રમજાન ઈદની શુભેચ્છા પાઠવી હતી.

પ્રસંગે સદર જુમ્મા મસ્જિદના હાફિઝ, હાજી અક્રમ બાપુ, નાયબ ઈમામ અઝરુદ્દીન બાપુ, રમજાન ની તરાબી પડાવનાર અમિન બાપુ, સદર જુમ્મા મસ્જિ ટ્રસ્ટના પ્રમુખ યાકુભાઈ દલવાણી, સુરેશ જમાતના પ્રમુખ હબીબભાઈ ગની બાપુ કટારીયા, સાજીદ ભાઈ ખોખર ,ઈરફાનભાઈ ઠેબા, મુરાદભાઈ દલવાણી, યાસીનભાઈ શેખ, ઈમરાન ભાઈ શેખ, યુનુસભાઈ કટારીયા, મોહસીન બાપુ કાદરી, સલીમભાઈ દલવાણી, એજાજ ભાઈ દલવાણી, સતારભાઈ દલવાણી, અસલામ બાપુ કાદરી, એજાજ ભાઈ બેલીમ, અરમાનભાઈ સુમરા, સમીરભાઈ મકરાણી, શકીલભાઈ હબીબભાઈ કટારીયા, ઈદગા મસ્જિદ ના રખેવાલ ઝાકીર ભાઈ, હિન્દુ સમાજના આગેવાનો નરેશભાઈ મકવાણા, જયસુખભાઈ ગોસ્વામી, મુન્નાભાઈ કેસરિયા, કેતનભાઈ બોરીસાગર, અરવિંદભાઈ મણિયાર, વિનુભાઈ ચૌહાણ, મયુરભાઈ શાહ, કેતનભાઈ વોરા, રણજીતભાઈ પઢીયાર, હિમાંશુભાઈ વ્યાસ, નરેન્દ્ર ભાઈ ખોલ્યા સહિતના આગેવાનોએ ઈદના દિવસે હાજર રહી એકબીજાને શુભેચ્છાઓ પાઠવી હતી

# યુવા સેના ટ્રસ્ટ દ્વારા ચકલીના માળા તથા પાણીના કુંડાનું વિતરણ

**અબતક, રાજકોટ**



સામાજીક સેવા સંસ્થા યુવા સેના ટ્રસ્ટ, રાજકોટ છેલ્લા ૧૧ વર્ષથી ઉનાળાના દિવસોમાં ચકલીના માળા તેમજ પાણીના કુંડાનું વિતરણ કરીને પર્યાવરણ માટે અતિ જરૂરી એવા પક્ષીઓ માટે સેવાકાર્ય કરીને સામાજીક જાગૃતિનું કાર્ય કરી રહયું છે. વિશ્વ ચકલી દિન નીમીતે યુવા સેના ટ્રસ્ટ દ્વારા માયાણી ચોક ખાતે બેકબોન શોપીંગ સેન્ટર પાસે, વિનામૂલ્યે ચકલીના માળા તેમજ પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું જેમાં રાજકોટની જનતાએ ખુબજ બહોળી સંખ્યામાં લાભ લીધો. આ કાર્યક્રમમાં યુવા સેના ટ્રસ્ટના સભ્યઓ હાજર રહયા હતા. આ વિતરણ કાર્યક્રમમાં તમામનો આભાર યુવા સેના ટ્રસ્ટના પ્રમુખ પ્રદ્યુમનસિંહ ઝાલાએ માનેલ હતો. સંસ્થા દ્વારા હજુ પણ ઓફિસે સવારે ૯ થી ૧૨ અને સાંજે ૪ થી ૭ દરમ્યાન પાણીના કુંડા તથા ચકલીના માળા ઓફિસે થી મળી રહેશે જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી. ઉનાળામાં આગામી દિવસોમાં સ્લીપર ચંપલ તેમજ ટોપી અને છાશ વિતરણના કાર્યક્રમો હાથ ધરવામાં આવશે વિશેષ માહિતી માટે મો.નં. ૯૯૧૩૩ ૧૦૧૦૦ પર સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે.

# કોર્પોરેશન દ્વારા વિશ્વ જળ દિવસ નિમિતે વોટર થોન યોજાઈ

## જળ અને લિંગ સમાનતા થીમ પર જળ સંરક્ષણ અંગે જનજાગૃતિ અને માર્ગદર્શન

**અબતક, રાજકોટ**



વિશ્વ જળ દિવસ નિમિત્તે રાજકોટ મહાનગરપાલિકા તથા ઈન્ડિયન વોટર વર્ક્સ એસોસિએશન - રાજકોટ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

દર વર્ષે ૨૨મી માર્ચે વિશ્વ જળ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષની થીમ જળ અને લિંગ સમાનતા પર આધારિત છે, જે જળ વ્યવસ્થાપનમાં મહિલાઓના મહત્વપૂર્ણ યોગદાનને રેખાંકિત કરે છે. પાણીના સંરક્ષણ, સમાન વહેંચણી અને કાર્યક્ષમ ઉપયોગમાં મહિલાઓ માત્ર ઉપભોક્તા નહીં પરંતુ અસરકારક સંચાલક બની શકે તે હેતુથી આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

વિશ્વ જળ દિવસની ઉજવણી અંતર્ગત કિશનપરા ચોકથી બહુમાળી ભવન ચોક ખાતે આવેલી સરદાર ડેમની પ્રતિકૃતિ સુધી જન-જાગૃતિ કુચ વોટર થોન યોજાઈ. આ વોટર થોનમાં નાગરિકો, વિદ્યાર્થીઓ, મહિલા પ્રતિનિધિઓ, વિવિધ સંસ્થાઓના સભ્યો તેમજ મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જળ સંરક્ષણ, પાણીનો યોગ્ય ઉપયોગ, વરસાદી પાણી સંચય તથા મહિલાઓની ભૂમિકા અંગે જનજાગૃતિ ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો.

વોટર થોન બાદ શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી ખાતે ટેકનીકલ સેમિનાર-સંવાદ યોજાયો. આ સેમિનારમાં પાણી સંચાલન, પાણી બચત, જળ સંરક્ષણમાં ટેક્નોલોજીનો ઉપયોગ તથા શહેરી જળ વ્યવસ્થાપન અંગે વિશદ ચર્ચા કરવામાં આવી. મુખ્ય વક્તા તરીકે બીરેન દલાલ - ટેકનીકલ ડાયરેક્ટર, સી.બી. મોરી - નાયબ કાર્યપાલક ઈજનેર, રાજકોટ મહાનગરપાલિકા અને વિજય અનડકટ - ટેકનીકલ એડવાઈઝર, અર્બન ડેવલપમેન્ટ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

કાર્યક્રમ દરમિયાન ભાવનગર મહાનગરપાલિકાના પ્રતિનિધિ તરીકે એડી.સીટી એન્જીનીયર મૌલિક પટેલ અને એક્ઝિક્યુટિવ એન્જીનીયર ફાલ્ગુન શાહ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ગુજરાત પાણી પુરવઠા બોર્ડના નિવૃત્ત ઈજનેરો સર્વશ્રીઓ આહુજા સાહેબ, મારૂ સાહેબ, કુંભાણી સાહેબ અને ટાંક સાહેબ દ્વારા પણ જળ સંરક્ષણ અને પાણી વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ બંને કાર્યક્રમોમાં બહોળી સંખ્યામાં પ્રજાજનો, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ મહાનગરપાલિકાના અધિકારીઓ જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન જળ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવામાં આવી અને પાણીના સંચાલનમાં સમાજના તમામ વર્ગોની ભાગીદારી વધારવાનો સંદેશ આપવામાં આવ્યો.

## જો શહીદ હુએ હૈ ઉનકી જરા યાદ કરો કુરબાની....

# આજે બલિદાન દિને શહીદ વીરભગતસિંહ, સુખદેવ અને રાજ્યગુરૂને શ્રદ્ધાંજલિ અર્પણ કરાશે

## સીપીએલ હાઉસમાં દેશભક્તિ ગીતો અને સ્મરણાંજલિ દ્વારા ક્રાંતિવીરોની વીરતાને કરાશે યાદ

**અબતક, રાજકોટ**



ભારતની આઝાદી ને લોહીથી સીંચી ને સાકાર કરનાર શહીદોની યાદમાં મનાવવામાં આવતા ૨૩ માર્ચ બલિદાન દિવસે આજે શહીદોની યાદમાં વિશેષ શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. દેશની આઝાદી ના જંગ માં પોતાના પ્રાણની આહુતિ આપનાર વીર શહીદ ભગતસિંહ, સુખદેવ, અને રાજગુરુ ના બલિદાન દિવસ નિમિત્તે આજે૨૩/૩ સાંજે૮/૩૦ કલાકે સામા કાંઠે પેડક રોડ પર સાગર શરબત ની સામે અને ખોડીયાર જ્વેલર્સ પાસે આવેલ સી પી એલ હાઉસમાં ગીત સંગીત ના કાર્યક્રમમાં દેશભકિત ના ગીતો અને પુષ્પાંજલિ દ્વારા ક્રાંતિવીરોની વીરતા ને યાદ કરવામાં આવશે.

આજનીયુવા પેઢીમાં રાષ્ટ્રપ્રેમની જ્યોત પ્રજ્જ્વલિત રહે અને આઝાદીના ઈતિહાસથી સૌ માહિતગાર થાય તે હેતુથી યોજાનારા આ કાર્યક્રમમાં રાષ્ટ્ પ્રેમી જનતાને અચૂક ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

# વિશ્વ વન દિવસ નિમિત્તે ઈપ્સા ખાતે ત્રિ-દિવસીય ભવ્ય 'ફીલેટેલી પ્રદર્શન'નો પ્રારંભ

## પોસ્ટલ વિભાગ અને ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચરના સંયુક્ત ઉપક્રમે ટપાલ ટિકિટો દ્વારા પ્રકૃતિ અને વિરાસતનું દર્શન: અગ્રણી મહાનુભાવોના હસ્તે ઉદઘાટન

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રની પ્રથમ સ્થાપિત આર્કિટેક્ચર કોલેજ હોવાનું બહુમાન ધરાવતી વી.વી.પી. સંચાલીત ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર તથા કિય સ્કૂલ ઓફ ડીઝાઈન દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે એક અનોખું આયોજન કરવામાં આવ્યું છે. ૨૧મી માર્ચ 'વિશ્વ વન દિવસ' ઉપક્રમે રાજકોટ પોસ્ટલ વિભાગ-ફીલેટેલી બ્યુરો અને પ્રતિષ્ઠિત ફીલેટેલીસ્ટોના સહયોગથી ત્રિ-દિવસીય સ્ટેમ્પ સંગ્રહ પ્રદર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.


આ પ્રદર્શનનું ઉદઘાટન શનિવારે સવારે ૧૧ કલાકે પોસ્ટ માસ્ટર જનરલ પવનકુમાર દાલમિયા, ડીરેક્ટર જનરલ (ફોરેન ટ્રેડ) રોહિત સોની, સાયન્સ સેન્ટરના ડીરેક્ટર આર.જે. ભાયાણી, ડી.સી.એફ. યુવરાજસિંહ ઝાલા તેમજ ઈપ્સાના નિયામક કિશોરભાઈ ત્રિવેદી, આચાર્ય દેવાંગભાઈ પારેખ અને શૈલીબહેન ત્રિવેદીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં પ્રકૃતિ, પક્ષીઓ, વનસ્પતિ, ભારતની આર્કિટેક્ચરલ હેરીટેજ અને સંસ્કૃતિ પર આધારિત દુર્લભ ટપાલ ટિકિટો પ્રદર્શિત કરવામાં આવી છે. તા. ૨૧ થી ૨૩ માર્ચ (સવારે ૧૧ થી સાંજે ૬) દરમિયાન યોજાનાર આ પ્રદર્શનમાં ટપાલ ટિકિટો ઉપરાંત જિલ્લા વન સંરક્ષણ કચેરીના સહયોગથી વન સંરક્ષણ વિષયક ડોક્યુમેન્ટરી, ચિત્રકામ પ્રવૃત્તિઓ અને ધોરણ ૭ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે ક્વિઝ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના આચાર્ય પ્રો. દેવાંગ પારેખે રાજકોટની જનતાને આ જ્ઞાનવર્ધક પ્રદર્શન નિહાળવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

બાર કાઉન્સિલની ચૂંટણીના પરિણામો જાહેર

# મહિલા અનામતે સિનિયર વકીલોના જીતના દાવા પર પાણી ફેરવ્યું!

**ચેરમેન, વાઈસ ચેરમેન સહિતની કમિટીમાં કોનો હાથ ઉપર રહે છે અને કોનો દબદબો જળવાશે**

**જે જે પટેલ, દિલીપ પટેલ, મનોજ અનડકટ, અનિરુદ્ધસિંહ ઝાલા, દીપેન દવે અને કરણસિંહ વાઘેલા સહિત ૧૮ ઉમેદવારોની જીતઃ અમૃતા ભારદ્વાજ સહિત પાંચ મહિલાઓ પ્રથમ વખત બાર કાઉન્સિલનું પ્રતિનિધિત્વ કરશે**



**અબતક, રાજકોટ**

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીના પરિણામો જાહેર થયા છે જેમાં અનેક સિનિયર વકીલોના મહિલાના અનામત એ જીતના દાવા પર પાણી ફેરવ્યા છે. જેમાં બાર કાઉન્સિલનું અગાઉ પ્રતિનિધિત્વ કરી રહેલા વકીલોને આઠમમાં પ્રતિનિધિત્વ તક નહીં મળે તેમજ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતનું ચેરમેન, વાઈસ ચેરમેન સહિતની કમિટીમાં કોનો હાથ ઉપર રહે છે અને કોનો દબદબો જળવાઈ રહે છે તે આવનારો સમય જ કહે છે


ગુજરાત બાર કાઉન્સીલની તા.૬ઠ્ઠી માર્ચેના રોજ યોજાયેલી પ્રતિષ્ઠાભરી ચૂંટણીની મત ગણતરી તારીખ ૯ માર્ચના રોજ હાથ ધરવામાં આવી હતી ૧૨ દિવસ સુધી ચાલેલી મતગણતરી બાદ પરિણામ જાહેર થયા હતા. જેમાં રાજકોટના દિલીપભાઈ પટેલ,જામનગર મનોજભાઈ અનડકટ, ભાવનગરના અનિરુદ્ધસિંહ ઝાલા,અમદાવાદના જે જે પટેલ સહિત ૧૨ ઉમેદવારોને વિજેતા જાહેર કરાયા હતા.જ્યારે બાર કાઉન્સીલની ચૂંટણીમાં મહિલા વકીલોના કવોટામાં રાજકોટના અમૃતાબેન ભારદ્વાજ સહિત પાંચ મહિલા વકીલ પ્રથમ વખત બાર કાઉન્સિલમાં એન્ટ્રી થશે બાર કાઉન્સીલની ચૂંટણીની છેલ્લા ૧૨ દિવસથી ચાલી રહેલી મતગણતરીના અંતે ઉમેદવારોના સમર્થકોમાં નિરાશાની લાગણી પ્રસરેલી જોવા મળી હતી.બાર કાઉન્સીલની ચૂંટણીના સત્તાવાર પરિણામો જાહેર થઈ જતાં રાજ્ય ન્યાયતંત્ર અને વકીલ આલમમાં નોંધ લેવાઈ હતી. બીજીબાજુ, કયાંય કહીં ખુશી, કહીં ગમના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા.સૌથી પહેલુ ખાતુ વડોદરાની મહિલા વકીલ નિમિષા ધોત્રેએ ખોલાવ્યું હતું. ગુજરાત બાર કાઉન્સીલની ચૂંટણીમાં સત્તાવાર પરિણામો આજે જાહેર થઈ ગયા બાદ હવે વિજેતા ઉમેદવારોના નામોની યાદી સુપ્રીમકોર્ટના નિર્દેશાનુસાર રચાયેલી હાઈપાવર કમીટીને મોકલાશે. તેની બહાલી બાદ બાર કાઉન્સીલની અસાધારણ સભા બોલાવવામાં આવશે. જેમાં ચૂંટાયેલા ૧૮ વકીલ પુરૂષ સભ્યો અને મહિલા અનામત કવોટામાં સભ્યપદ મેળવનારી પાંચ સભ્યો અને બીસીઆઈ મારફતે કો-ઓપ્શનથી સ્થાન મેળવનારી બે મહિલા વકીલ સભ્યો મળી કુલ ૨૫ સભ્યોમાંથી ચેરમેન, વાઈસ ચેરમેન, એકઝીકયુટીવ કમીટી, ફાયનાન્સ કમીટી સહિતની સાત કમીટીઓના ચેરમેન-સભ્યો તેમ જ જુદી જુદી ડિસ્પ્લીનરી કમીટીઓની રચના થશે.

**બાર કાઉન્સિલના ચૂંટાયેલા ૧૮ પુરૂષ, ૫ મહિલા વકીલો**

બાર કાઉન્સીલના હાલના ચેરમેન જે.જે.પટેલ, દિલીપ પટેલ,એ.એ.અન્સારી, અનિલ સી.કેલ્લા, મનોજ અનડકટર, પરેશ વાઘેલા, કરણસિંહ બી.વાઘેલા, ભાવેશ રબારી, હિતેશ પટેલ, પી.ડી.પટેલ, દિપન દવે, કિશોર ત્રિવેદી, જીગ્નેશ પટેલ, ભરત ભગત, શંકરસિંહ ગોહિલ, હરીશ નાકરાણી અને ઝક્કી શેખ અને પાંચ મહિલા ઉમેદવારો નિમિષા ધોત્રે, અમૃતા ભારદ્વાજ, વંદના ભટ્ટ, પ્રીતિ જોશી અને હીરલ પાનવાલાને વિજેતા જાહેર કર્યા છે.આ સિવાય અન્ય બે મહિલા વકીલો બીસીઆઈ કો-ઓપ્શનથી મૂકશે.

# યુએઈ અને ઓમાનના બંદરો પર ગુજરાતના ૫૫૦૦થી વધુ કન્ટેનરો અટવાયા

**નિકાસકારોને મોટો ફટકોઃ કન્ટેનરો પાછા લાવવા રૂ.૨૭૫ કરોડ ખર્ચવા પડે તેવી સ્થિતિઃ બટાકા, તરબૂચ, સી ફૂડ, શાકભાજી, ડેરી પ્રોડક્ટના નિકાસકારોને મોટું નુકસાન સહન કરવું પડશે**



**અબતક, નવી દિલ્હી**

યુદ્ધના કારણે એક્સપોર્ટરો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ખાડી યુદ્ધ વણસતાં યુએઈ અને ઓમાનના બંદરો પર ગુજરાતના પાંચ હજારથી વધુ કન્ટેનરો અટવાઈ પડ્યા છે. હવે જો આ કન્ટેનરો પરત લાવવા હોય તો ગુજરાતના એક્સપોર્ટરોએ રૂ. ૨૭૫ કરોડનો ખર્ચવો પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આ ઉપરાંત ઈદના સમયે ગારમેન્ટ ઉદ્યોગને મોટો ફટકો પડ્યો છે. સાથે સાથે જો યુદ્ધ હજુ લંબાશે તો, કેરીના વેપારને પણ મોટી અસર થશે તેવી ભીતિ સેવાઈ રહી છે.ઈરાન ઈઝરાયલ-અમેરિકા યુદ્ધના લીધે વિશ્વભરના વેપાર ધંધા કટોકટીની સ્થિતિમાં મુકાયાં છે. એક્સપોર્ટ ઈમ્પોર્ટ પર જાણે ગંભીર આફત આવી પડી છે. યુદ્ધની સ્થિતિને લીધે યુ.એ.ઈ.ના ખોરફક્કન પોર્ટ અને ઓમાનના સોહાર પોર્ટ પર ગુજરાતના ૫૫૦૦થી વધુ કન્ટેનરો અટવાઈ પડ્યાં છે. ગુજરાત બટાકા, તરબૂચ, સી ફૂડ, શાકભાજી, ડેરી પ્રોડક્ટ એક્સપોર્ટ કરે છે.

અત્યારે એવું જાણવા મળ્યું છે કે, ખોરફક્કન પોર્ટ ઉપર ૮૦૦થી વધુ રેફ્રિજરેટેડ કન્ટેનરો ઉતારી દેવાયાં છે. આ કન્ટેનરોને ઠંડા રાખવા માટે પૂરતાં ઈલેક્ટ્રિક પ્લગ્સની વ્યવસ્થા હોવી જોઈએ. કેપેસિટી ઓછી હોવાથી પોર્ટ પર માત્ર ૧૨૦ જેટલા પ્લગ્સ ઉપલબ્ધ છે. હવે સ્થિતિ એવી પરિણમી છે કે, રેફ્રિજરેટેડ કન્ટેનરોમાં માલ સડી અથવા તો બગડી જશે. જો આ કન્ટેનરોને પરત લાવવા હોય તો એક્સપોર્ટરોને મોટો ખર્ચ ઉપાડવો પડે તેમ છે. પ્રતિ કન્ટેનર દીઠ આશરે ૫ લાખ સુધીનો ખર્ચ થાય. જો યુએઈ-ઓમાનના પોર્ટ ઉપરનાં ૫૫૦૦ કન્ટેનરો પાછા લાવવા હોય તો રૂ. ૨૭૫ કરોડ ખર્ચ કરવો પડે. જે એક્સપોર્ટરોને પોષાય તેમ નથી.બીજુ કે, અમદાવાદ અને સુરતનો ગારમેન્ટ-કપડા ઉદ્યોગ ખાડીના દેશો સાથે સંકળાયેલો છે. ઈદના સમયે યુદ્ધની સ્થિતિ વણસી છે. જેના કારણે સમયસર માલ ન પહોંચે, ઓર્ડર રદ થાય, કન્ટેનરો અટકાઈ જવાથી ગુજરાતના ગારમેન્ટ-કપડા ઉદ્યોગને રૂ. ૧૫૦૦ કરોડનો આર્થિક ફટકો પડ્યો છે. આ જોતા ગુજરાતના ગારમેન્ટ ઉદ્યોગની સ્થિતિ ડામાડોળ થઈ છે. આ તરફ, દર વર્ષે ગુજરાતમાંથી હજારો કિલો કેસર કેરી અને અન્ય વિવિધ કેરી ખાડીના દેશોમાં પહોંચે છે. ગલ્ફના દેશો સાથે માત્ર કેરીનો જ રૂ. ૫૦૦ કરોડનો વેપાર થાય છે. જો યુદ્ધ લંબાશે તો કેસર કેરીના એક્સપોર્ટ પર મોટી અસર થઈ શકે છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતના ખેડૂતોને ખાડી યુદ્ધ નુકસાન કરશે.

એવી માંગ ઉઠી છે કે, યુદ્ધની પરિસ્થિતિમાં એક્સપોર્ટરો બરબાદ થઈ જાય તેવી પરિસ્થિતિમાં કેન્દ્ર સરકાર રાહત પેકેજ જાહેર કરે. જોકે, ઉદ્યોગોની સ્થિતિ વધુ વિકટ બની છે ત્યારે કેન્દ્ર સરકારના પેટનું પાણી હલતું નથી.

# બાયબેક-મર્જરના નિયમોમાં આવશે મોટો ફેરફાર લોકસભામાં કોર્પોરેટ લો એમેન્ડમેન્ટ બિલ રજૂ

**ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ વધારવા અને કંપનીઓ પર બોજ ઘટાડવા સરકારનો મોટો પ્રયાસ**

**અબતક, નવી દિલ્હી**

આજે લોકસભામાં કોર્પોરેટ લો એમેન્ડમેન્ટ બિલ રજૂ થવાની સંભાવના છે. આ બિલનો મુખ્ય હેતુ કંપનીઓના કામકાજ, નિયમો અને અનુપાલનમાં મોટા ફેરફારો લાવીને 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' વધારવાનો છે. નવા બિલમાં બાયબેક અને મર્જરના નિયમો સરળ કરવામાં આવ્યા છે, જેથી કંપનીઓ હવે વર્ષમાં બે વાર બાયબેક લાવી શકશે. આ સાથે પેડ-અપ કેપિટલ અને રિઝર્વના ૨૫ ટકાના નિયમમાં છૂટછાટ અપાતા નાની અને મધ્યમ કંપનીઓને મોટો ફાયદો થશે.

નવા સુધારામાં રેગ્યુલેટર્સ એનએફઆરએ અને આઈબીબીઆઈ ની તાકાત વધારવામાં આવી છે, જેથી રિકવરી પાવર વધશે અને નિયમોનું કડક પાલન થશે. આ ઉપરાંત ઈએસઓપી અને એલએલપીના નિયમોમાં પણ મોટા ફેરફારો કરાયા છે. આઈએફએસસીએના ટ્રસ્ટ હવે એલએલપી માં બદલાઈ શકશે અને ફાઈલિંગ પ્રક્રિયા અત્યંત સરળ બની જશે. અગાઉ જ્યાં દર મહિને ફાઈલિંગ કરવું પડતું હતું, ત્યાં હવે વર્ષમાં માત્ર એક જ વાર ફાઈલિંગ કરવાનું રહેશે.

બિલમાં ઓડિટ અને પેનલ્ટીના નિયમોમાં રાહત અને કડકાઈ બંનેનું સંતુલન જાળવવામાં આવ્યું છે. કેટલીક કંપનીઓને ઓડિટમાંથી મુક્તિ આપવામાં આવી છે, પરંતુ લિસ્ટેડ કંપનીઓ પર દંડ વધારાયો છે. પેનલ્ટીને પડકારવા માટે ૧૦ ટકા રકમ જમા કરાવવી ફરજિયાત બનશે. વિશેષ રૂપે, સીએસઆર કરતી કંપનીઓ માટેની મર્યાદા ૫ કરોડથી વધારીને ૧૦ કરોડ રૂપિયા કરવાનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો છે.

વાર્ષિક સામાન્ય સભા અંગે કંપનીઓને મોટી રાહત આપવામાં આવી છે. હવે દર વર્ષે ફિઝિકલ એજીએમ યોજવી ફરજિયાત રહેશે નહીં. કંપનીઓ ત્રણ વર્ષમાં એકવાર ફિઝિકલ એજીએમ યોજી શકશે અને બાકીની મીટિંગ્સ વીડિયો કોન્ફરન્સ દ્વારા કરી શકાશે, જેનાથી સમય અને ખર્ચ બચશે. વધુમાં, એમસીએ અન્ય રેગ્યુલેટર્સની જેમ સેટલમેન્ટ દ્વારા કેસ પતાવવાનો વિકલ્પ પણ આપ્યો છે, જે કંપનીઓને લાંબી કાનૂની પ્રક્રિયાઓમાંથી રાહત અપાવશે.

આ બિલ કોર્પોરેટ સેક્ટર માટે ખરા અર્થમાં ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. જો આ બિલ પસાર થશે તો કંપનીઓને કામકાજમાં વધુ લવચીકતા મળશે, ડિજિટલ પ્રક્રિયાઓને વેગ મળશે અને રેગ્યુલેટરી સિસ્ટમ વધુ મજબૂત બનશે. નોંધનીય છે કે આજે લોકસભામાં કોર્પોરેટ લો એમેન્ડમેન્ટ બિલની સાથે ફાયનાન્સ બિલ પણ રજૂ થઈ શકે છે.

# જય પારસધામના આંગણે ચૈત્ર માસ શાશ્વતી ઓળીનું આયોજન


**ગુરુ ભગવંતનું આગમન સામૈયું નવકારશી**

**અબતક, રાજકોટ**

કાલાવડ રોડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ પારસધામ જિનાલયના આંગણે ચૈત્ર માસ ની શાશ્વતી આયંબિલ ઓળી ની ઉજવણી ભવ્યાતિભવ્ય કરવામાં આવશે. આયંબિલ ઓળી દરમિયાન રોજ સવારે ૭.૩૦ થી ૮.૩૦ દરમિયાન ગુરુ ભગવંતનું વ્યાખ્યાન રાખવામાં આવેલ છે.. શાશ્વતી ઓળી ના કાયમી જુદા જુદા લાભાર્થી તેમ જ સહયોગી દાતા નીતાબેન અશ્વિનભાઈ બનારસ વાળા જે અંતર્ગત ઓળી કરાવવા માટે આ. દેવ હેમચંદ્રસુરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન તપસ્વી રત્ન મુનિ અભયરત્ન વિજયજી મહારાજ સાહેબ, પ્રવચનકાર પન્યાસ સૌમ્યરત્ન વિજયજી મ. સા., મુની શિલ્પરત્ન મહારાજ સાહેબ આદી ઠાણા પધારી રહ્યા છે. તેમનું સામૈયું સ્વાગત તારીખ ૨૪/૩/૨૬ મંગળવાર સવારે ૭.૦૦ કલાકે ફાયર બ્રિગેડ સ્ટેશન, નિર્મળા કોન્વેન્ટ રોડ પાસેથી રાખેલ છે.

થજિનાલય પહોંચ્યા બાદ વ્યાખ્યાન અને ત્યારબાદ પધારેલ ભાવિકોની નવકારશી રાખેલ છે. સકળ સંઘ ને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. નવકારશીના પાસ સામૈયા દરમિયાન આપવામાં આવશે.જેની કાલાવડ રોડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ નાં જેની મહેશભાઈ મણિયાર, વિપુલભાઈ દોશી, નિતેશભાઈ શાહે જણાવ્યું છે.

# એચ.એમ. ઈવેન્ટસ દ્વારા શુક્રવારે સુરીલી શામ



**અબતક, રાજકોટ**

એચ.એમ.ઈવેન્ટસ દ્વારા શુક્રવારે "80's 90's એક સુરીલા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં કિશોરકુમાર, લતાજી, આશાજી સહિતનાના ગીતે જાણીતા લોક ગાયકો દ્વારા રજૂ કરશે. એચ.એમ. ઈવેન્ટસના હિતેશ મહેતા અને સુનિલ શાહ દ્વારા એક સુરીલો કાર્યક્રમ "80's 90's નું શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગ્યે હેમુગઢવી હોલ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં "80's સુરીલી કિશોરકુમાર, લતાજી, આશાજી, અમિતકુમાર 90's સુરીલીકુમારશાનું અલ્કાયાજ્ઞીક દ્વારા ગાયેલા ગીતો ગવાશે. જાણીતા સીંગર ગાયીકા અશ્વીની મહેતા, બરોડાના સમસુધ્દિન વાઘેલા અને જીતુભાઈ માંકડ રજૂ કરશે. સંગીત, હિતેશ મહેતા, એન્કરીંગ દિપકભાઈ જોશીનું રહેશે. કાર્યક્રમને સફળ બનાવવા સુનિલભાઈ શાહ, હિતેશ મહેતા, જીતેન્દ્ર માકડ જહેમત ઉઠાવી રહ્યા છે. જેની ટીકીટ બારી પર ૫ થી ૮ સાંજે ટીકીટ મળી રહેશે. વહેલા તે પહેલાના સમયે ટીકીટ લેવા અનુરોધ કરાયો છે. વધુ માહિતી માટે ૯૮૭૯૫ ૮૭૮૭૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# રાજ્યમાં આજથી ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ

**ચણાની ખરીદી માટે ૧૬૫ તથા રાયડાની ખરીદી માટે ૬૦ ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા**



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખરીદી માટેનું તમામ આગોતરું આયોજન પૂર્ણ કરી લેવામાં આવ્યું છે, તેમ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, રાજ્યભરમાં ખેડૂતોની સુવિધા માટે પૂરતા પ્રમાણમાં ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. ખેડૂતોએ કરાવેલી નોંધણી, વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને લઈને ચણાની ખરીદી માટે ૧૬૫ તથા રાયડાની ખરીદી માટે ૬૦ ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવશે.ચણા અને રાયડાના ટેકાના ભાવે વેચાણ માટે ચાલુ વર્ષે પુષ્કળ સંખ્યામાં ખેડૂતોએ નોંધણી કરાવી છે. ચણા માટે ૨.૫૯ લાખથી વધુ તેમજ રાયડા માટે ૩૭,૦૦૦થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે. નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી પૂરતી માત્રામાં જથ્થાની ખરીદી કરવામાં આવશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

ખરીદી પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા અને ખેડૂતોને હાલાકી ન પડે તે માટે આ વર્ષે કેટલાક મહત્વપૂર્ણ પગલાં લેવાયા છે. નોંધણી કરાવેલ સાચા ખેડૂત પાસેથી જ ખરીદી થાય તે સુનિશ્ચિત કરવા માટે સૌપ્રથમવાર આધાર ઈનેબલ્ડ બાયોમેટ્રીક અથવા ફેસ ઓથેન્ટીકેશન પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી છે. જો કોઈ ખેડૂત અનિવાર્ય સંજોગોમાં કેન્દ્ર પર હાજર ન રહી શકે, તો તેમના દ્વારા નિયુક્ત કરવામાં આવેલ નોમીની પણ વેચાણ પ્રક્રિયા પૂર્ણ કરી શકશે. ખેડૂતોને ભીડભાડથી બચાવવા અને વ્યવસ્થા જાળવવા માટે ખરીદ કેન્દ્રો દ્વારા એસએમએસ મારફતે અગાઉથી જાણ કરવામાં આવશે. ખેડૂતોએ તેમને મળેલા મેસેજ મુજબના નિયત સમયે અને તારીખે પોતાનો પાક લઈને કેન્દ્ર પર ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવી છે.

# સંકલ્પથી સિધ્ધિ સુધીનું બીજ આજે વિકાસનું વટવૃક્ષ બન્યુંઃ અરૂણ નિર્મળ

**ભારતમાં સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઐતિહાસિક સિધ્ધિને અભિનંદન પાઠવતા અરૂણ નિર્મળ**



**અબતક, રાજકોટ**

ભારતના લોકતંત્રના ઈતિહાસમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ એક અનોખું સીમાચિહ્ન સ્થાપિત કર્યું છે. મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી તરીકે સંયુકત રીતે ૮,૯૩૧ દિવસની અવિરત સેવા પૂર્ણ કરીને તેઓ દેશમા મુખ્યમંત્રી થી પ્રધાનમંત્રી તરીકે સૌથી લાંબા સમય સુધી સેવા આપી દેશ સેવાના નવા ધોરણો સ્થાપિત કર્યા છે. આ સિદ્ધિ માત્ર આંકડાઓની વાત નથી, પરંતુ રાષ્ટ્રપ્રત્યેની અડગ નિષ્ઠા, અવિરત પરિશ્રમ અને દ્રઢ સંકલ્પની પ્રેરણાદાયક ગાથા છે જે રાષ્ટ્ર પ્રથમના સંકલ્પનું પ્રતિક છે.

આ યાત્રાની શરૂઆત લગભગ અઢી દાયકાં પહેલાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૨૦૦૧માં જવાબદારી સંભાળ્યા પછીથી જ તેમના કાર્યકાળમાં વિકાસને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યો. વર્ષ ૨૦૦૨માં વિધાનસભાની ૧૮૨ સીટોમાંથી ૧૨૭ સીટો મેળવીને ભાજપને જંગી બહુમતિથી વિજય અપાવ્યો. ૨૦૦૨, ૨૦૦૭, ૨૦૧૨માં સતત મળેલા જનાદેશ તેમના નેતૃત્વ પર લોકોનો વિશ્વાસ વધુ મજબૂત કર્યો. ગુજરાતને વિકાસના મોડેલ તરીકે ઓળખ અપાવવાનું કાર્ય તેમના દ્રઢ વિઝન અને કાર્યશૈલીનું ઉત્તમ ઉદાહરણ છે. નરેન્દ્રભાઈ મોદીજી એ વાવેલું સેવાભાવનું બીજ આજે વિકાસના વટવૃક્ષ તરીકે ફૂલી ફાલી રહ્યું છે. રાજ્યના મુખ્યમંત્રી તરીકે તેમણે વિકાસની નવી દિશા આપી, જ્યારે દેશના પ્રધાનમંત્રી તરીકે તેમણે ભારતને વૈશ્વિક મંચ પર મજબૂત ઓળખ અપાવી છે.

આ ઐતિહાસિક અવસરે રાજકોટ જિલ્લા ભાજપ પ્રેસ-મીડિયા અગ્રણી દ્વારા હાર્દિક અભિનંદન પાઠવી અને કહ્યુ કે, ભારત નરેન્દ્રભાઈ મોદીજીની આગેવાનીમાં સતત વિકાસ અને સમૃદ્ધિના નવા શિખરો સર કરતું રહે તેવી શુભકામનાઓ પાઠવી છે.

# ચૂંટણી ઢુંકડીઃ ત્રણ દિવસમાં ૨૫૦૦ કરોડના વિકાસ કામોની ભેટ

**રાજયના તમામ જિલ્લામાં વિકાસ કામોનો ધમધમાટ**

**અબતક, રાજકોટ**

મહેસાણા જિલ્લાના વિકાસના ઈતિહાસમાં એક નવું સોપાન ઉમેરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રપટેલે આજે વિસનગર ખાતે 'મહિમાવંત મહેસાણા' કાર્યક્રમ અંતર્ગત રૂ. ૯૩૮ કરોડથી વધુના વિવિધ જનહિતલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

આ અવસરે મુખ્યમંત્રીએ વિસનગર અને મહેસાણા જિલ્લા માટે રૂ. ૬૩૦ કરોડથી વધુના કામોનું ખાતમુહૂર્ત, રૂ. ૧૬૮ કરોડથી વધુના કામોનું ભૂમિપૂજન તેમજ રૂ. ૧૪૦ કરોડના ખર્ચે પૂર્ણ થયેલા વિવિધ વિકાસકામો જનતા માટે ખુલ્લા મૂક્યા હતા. આ પ્રકલ્પો મહેસાણા જિલ્લાના સર્વાંગી ઉત્કર્ષ માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે તેવી મક્કમતા મુખ્યમંત્રીએ વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ગુજરાત આજે ફાઈનાન્શિયલ મેનેજમેન્ટમાં દેશમાં અગ્રેસર છે, જેના પરિણામે આજે ગુજરાતમાં નાણાંની કોઈ તંગી વર્તાતી નથી. મુખ્યમંત્રીએ ખાતરી આપી હતી કે મહેસાણા જિલ્લાના વિકાસ માટે સરકાર પાસે ભંડોળની કોઈ કમી નથી અને જિલ્લામાંથી આવતા દરેક વ્યાજબી કામને પ્રાધાન્ય આપી મંજૂર કરવામાં આવશે.રાજ્યના સર્વાંગી વિકાસનો ચિતાર રજૂ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ દિવસમાં જ ગુજરાતમાં રૂ. ૨૫૦૦ કરોડથી વધુના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. મહેસાણા-પાલનપુર રેલવે લાઈનનું ડબલિંગ અને વર્ષોથી પડતર એવી તારંગા-અંબાજી રેલવે લાઈનને મળેલી મંજૂરી આ વિસ્તારની આર્થિક ગતિવિધિઓને વેગ આપશે.

ભુપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું કે મહેસાણા માં ઉત્તર ગુજરાત રીજીયનની રિજનલ વાઈબ્રન્ટ સમિટમાં થયેલા રૂ. ૩.૨૪ લાખ કરોડના એમઓયુ જિલ્લાના ઔદ્યોગિક ભવિષ્યની ઝાંખી કરાવે છે અને હવે આ જિલ્લો ફૂડ પ્રોસેસિંગ હબ તરીકે પણ ઉભરી રહ્યો છે.

આ પ્રસંગે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાનએ શરૂ કરેલી વિકાસની મશાલને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેજ ગતિએ આગળ ધપાવી રહ્યા છે. તેમણે સરકારની ખેડૂતલક્ષી નીતિઓની વિગતો આપતા કહ્યું કે રાજ્ય સરકારે ખેડૂતો માટે રૂ. ૧૧,૦૦૦ કરોડનું માતબર પેકેજ જાહેર કર્યું છે, જે અંતર્ગત મહેસાણાના ખેડૂતોને પાક નુકસાની પેટે રૂ. ૨૫૦ કરોડથી વધુની રકમ સીધી તેમના ખાતામાં જમા કરવામાં આવી છે. જિલ્લામાં આરોગ્ય માળખું મજબૂત કરતા વિજાપુર અને ખેરાલુને સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલની ભેટ મળી છે, તેમજ શિક્ષણ ક્ષેત્રે એમ.એન. સાયન્સ કોલેજની સાથે નવીન કોલેજો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે વિશેષ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.

# આસામમાં એમ્બ્યુલન્સ-ટ્રક વચ્ચે ટક્કર દર્દી સહિત વ્યકિતના મોત, ૨ ગંભીર

**અથડામણ એટલી ભયંકર હતી કે એમ્બ્યુલન્સનો આગળનો ભાગ સંપૂર્ણ રીતે ચકનાચૂર થઈ ગયો**

**અબતક, રાજકોટ**

આસામના સોણિતપુર જિલ્લાના રવિવાર રાત્રે એક એમ્બ્યુલન્સ અને ટ્રક વચ્ચે થયેલી સામસામેની ભીષણ અથડામણમાં છ લોકોનાં મોત થયા છે.અકસ્માતમાં બે અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે અને તેમની સારવાર ચાલુ છે. આ ઘટના નેશનલ હાઈવે ૧૫ પર બની હતી. પોલીસ મુજબ, એમ્બ્યુલન્સ એક દર્દી અને તેના પરિવારજનોને લઈને તેજપુર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ જઈ રહી હતી. તે દરમિયાન સામેની દિશામાંથી આવી રહેલા ટ્રક સાથે જોરદાર ટક્કર થઈ. અથડામણ એટલી ભયંકર હતી કે એમ્બ્યુલન્સનો આગળનો ભાગ સંપૂર્ણ રીતે ચકનાચૂર થઈ ગયો.

સોણિતપુરના વરિષ્ઠ પોલીસ અધિકારીએ ઘટનાની પુષ્ટિ કરતાં જણાવ્યું કે આ અકસ્માતમાં છ લોકોનાં સ્થળ પર જ મોત થયા. મૃતકોમાં દર્દી, તેના પરિવારજનો અને એમ્બ્યુલન્સ સ્ટાફનો સમાવેશ થવાની આશંકા છે. જ્યારે બે અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને તરત જ સ્થાનિક લોકો અને પોલીસની મદદથી તેજપુર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની સ્થિતિ હાલ ગંભીર છે.

ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ઈમરજન્સી સેવા ટીમ તરત જ સ્થળ પર પહોંચી અને બચાવ કામગીરી શરૂ કરી. નુકસાનગ્રસ્ત વાહનોને રસ્તા પરથી હટાવવા અને ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે ભારે મહેનત કરવી પડી. અકસ્માત બાદ હાઈવે પર ટ્રાફિક થોડા સમય માટે બંધ રહ્યો હતો, જેને હવે ફરી શરૂ કરવામાં આવ્યો છે.

# સંયુક્ત કુટુંબ પરંપરાની નવી પરિકલ્પના પાટીદાર સમાજ માટે જરૂરીઃ સાંસદ રૂપાલા





## ઈશ્વરીયા ખાતે વોર્ડ નં. ૧ થી ૮ ના જ્ઞાતીજનનું સમૂહ ભોજનઃ લોક ગાયક સાગર પટેલનો સાંસ્કૃતિક કાર્યક્રમઃ ૧૨૫ કરોડના શૈક્ષણિક પ્રોજેક્ટમાં દાતાઓ દ્વારા દાનનો ધોધઃ ૧૦ જેટલી સંસ્થાઓ ઉમિયાધામના સમર્થનમાં



**અબતક,રાજકોટ**

ઉમિયા માતાજી મંદિર સિદસર દ્વારા સમાજ બંધારણ અને સામાજીક સુધારણા અંતર્ગત તા. ૨૨ માર્ચના રાજકોટની ભાગોળે ઈશ્વરીયાના ઉમા સંકુલ ખાતે યોજાયેલા સામાજીક સંમેલનમાં સૌરાષ્ટ્રભરમાંથી ઉપસ્થિત સામાજીક અગ્રણીઓએ પાટીદાર સમાજમાં સાંપ્રત સમયે પ્રવર્તતા કુરીવાજ અને દેખાદેખીને તિલાંજલી આપી અનેક સામાજીક રીતરીવાજો પણ સુધારણાની તાતી જરૂરીયાત પર પરિવર્તનનો પવન ફુંકવાની જરૂરીયાત પર ભાર મુક્યો છે. સૌરાષ્ટ્ર પાટીદાર સમાજના મોભી અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ રૂપાલાએ પરંપરા અને પરીવર્તન ના વિષ્ય પર પોતાની આગવી શૈલીમાં છણાવટ કરી હતી. ઉમિયાધામ સિદસરના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણીએ સૌરાષ્ટ્રમાં ૫૧ સામાજીક સંમેલનો યોજવાની ધોષ્ણા કરી છે. ઈશ્વરીયાના ત્રિવેણી સમારોહમાં અનેક દાતાઓએ દાનો ધોધ વહાવ્યો હતો. રાજકોટના ૧થી ૯ વોર્ડના જ્ઞાતીજનોએ સમૂહ ભોજન તથા સાંસ્કૃતિક કાર્યક્રમને માણ્યો હતો.

પાટીદાર સમાજના કુળદેવી ઉમિયા માતાજી મંદિર સિદસર દ્વારા પાટીદાર વિઝન-૨૯૪૬ અંતર્ગત મા ઉમિયાની આરાધના સાથે સરસ્વતીની સાધનાના સહીયારા સંકલ્પને સાર્થક કરવા રાજકોટના ઈશ્વરીયા ખાતે ત્રિવેણી સમારોહના માધ્યમથી સૌરાષ્ટ્રભરના પાટીદારો માટે શૈક્ષણિક વિકાસનો નૂતનપંથ નો પ્રારંભ કર્યો છે. જેના ભાગરૂપે તા. ૨૨ થી ૨૬ દરમ્યાન રાજકોટ શહેરમાં વસતા ૩૦૦૦૦ થી વધુ પાટીદાર પરિવારો તબકકાવાર જ્ઞાતી સમૂહ ભોજનમાં ભાગ લેશે. તા. ૨૨ માર્ચ ને રવિવારે ઈશ્વરીયાના ઉમા સંકુલ ખાતે યોજાયેલા સામાજીક સુધારણા અને બંધારણ માટે સમય પ્રમાણેના પરંપરા અને પરિવર્તનની સંમેલનમાં મુખ્ય વકતા તરીકે બોલતા પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલાએ પાટીદાર સમાજની લગ્નવ્યવસ્થાઓ, સામાજીક પ્રસંગો કૌટુબીક વ્યવસ્થાઓ અને છુટાછેડા તથા પરિવારમાં મિક્તના પ્રશ્ને સર્જાતી સમસ્યા અંગે ઉંડાણપૂર્વક પ્રકાશ પાથરતા જણાવ્યુ હતુ કે સમગ્ર રાજયમાં મોટાભાગના

### પ્રિ-વેડીંગને તિલાંજલી, છુટાછેડા, અને મિલક્ત અંગે કોર્ટ કચેરીના બદલે સમાધાન પંચની હિમાયત કરતા સાંસદ રૂપાલા

સમાજમાં જ્ઞાતીના રીતરીવાજ અને પરંપરાઓના બદલાવની તથા સામાજીક બંધારણો અંગે વાયરો ફુંકાય રહયો છે ત્યારે ઉમિયાધામ સિદસરે પાટીદાર સમાજમાં પરંપરા અને પરિવર્તનના સૂત્ર હેઠળ સૌરાષ્ટ્રભરનું સામાજીક સંમેલન યોજીને કરેલા પ્રયત્નો સરાહનીય છે. જુના સમયમાં પાટીદાર સમાજની મહિલાઓ કુટુંબના સંબંધ આધારીત ગવાતા ગીતો અત્યારના લગ્નોમાં ભાડેથી ગવાય છે. ત્યારે મહિલાઓની આગવી ઓળખ અને વ્યવહાર લુપ્ત બન્યો છે. પરિવારમાં વડીલોને ડસ્ટબીન ગણવાની માનસિક્તા સામે ટકોર કરી હતી. લગ્ન વ્યવસ્થામાં ગામડું, જમીન, ખાનદાન, મોસાળ, પરિવારના સંસ્કારો અને સંયુક્ત પરિવારની ભાવના જોઈને દિકરી આપવાની સમાજની પરંપરા હવે વિખાતી જાય છે જે એક ચિંતાનો વિષ્ય છે. અગાઉ લગ્ન ૧૨ વર્ષે એક જ તિથિ એ યોજાતા જેના અનેક સામાજીક ફાયદાઓ હતા. પરંતુ આજના સમયે એક તિથિએ લગ્ન યોજાય તો ધણાબધા પ્રશ્નો સરળ થઈ શકે દરેક કુટુંબના વડીલોએ એકજ તિથિએ લગ્ન યોજવાનું તેમણે સૂચન કર્યુ છે. સાથોસાથ દરેક ઘરમાં દિવસમાં એક વાર ઘરસભા દ્વારા પારીવારીક ચર્ચાની પ્રથા અમલી બનાવાની હિમાયત કરી છે.

પાટીદાર સમાજમાં ઉંઝાના કેશવજીભાઈ શેઠ, ઓ.આર.પટેલ, પોપટભાઈ કણસાગરા, અને જુનાગઢના મો.લા.પટેલે સામાજીક પરિવર્તનના પ્રહરી ગણાવતા રૂપાલાએ જણાવ્યુ હતુ કે લગ્ન એ ગોઠવણ નહી પણ સંબંધોની લેણાદેણી છે ત્યારે છુટાછેડા માટે પૈસા અને ભાઈઓમાં મિકતના પ્રશ્ને સર્જાયેલા ઝગડાઓ કોર્ટ કચેરીના બદલે સામાજીક વિધિથી કરવા હાંકલ કરી હતી.

ઈશ્વરીયા ખાતેના ૧૨૫ કરોડના શૈક્ષણિક પ્રોજેકટમાં બિડીંગના મુખ્ય દાતા તરીકે જીવનભાઈ ગોવાણી પરિવાર દ્વારા ૧૨.૫૧ કરોડ, ઓડીટોરીયમના દાતા સોનલબેન તથા મૌલેશભાઈ ઉકાણી બાનલેબ પરિવાર દ્વારા ૩.૧૧ કરોડ, સ્પોર્ટસ સંકુલના દાતા તરીકે હાઈબોન્ડ ગ્રુપના વલભભાઈ વડાલીયા પરિવાર, પાણ ગ્રુપના મનસુખભાઈ પાણ પરિવાર, સનફોર્જના નાથાભાઈ

(અનુ. આઠમા પાને)

## સમાજ બંધારણ અને સામાજીક સુધારણા અંગે સૌરાષ્ટ્રના ૫૧ તાલુકામાં સંમેલન યોજાશેઃ મૌલેશભાઈ ઉકાણી



ઉમિયાધામ સિદસરના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણીએ સામાજીક સંમેલનમાં કુરીવાજો ને તિલાંજલી આપવા તેમજ સમગ્ર સમાજના સહીયારા પ્રયત્નો થી સર્વેના વિચારોનું મંથન કરીને ઉમિયાધામ સિદસરના માધ્યમથી સૌરાષ્ટ્રભરમાં ૫૧ તાલુકામાં સામાજીક સંમેલનો યોજી સમાજની પરંપરા અને પરીવર્તન વિશે ૭૮૦ થી વધુ ગામોને જોડી સમાજમાં નવી પરંપરા સર્જવાનું આહવાન કર્યુ છે. રવિવાર તા. ૨૨ માર્ચથી ત્રિવેણી સમારોહ મહોત્સવ મંગલમના પ્રથમ દિવસે યોજાયેલ સમાજીક સંમેલનમાં ઉમિયાધામ ના ઉપપ્રમુખ જગદીશભાઈ કોટડીયાએ ખેતી સાથે જોડાયેલો પાટીદાર સમાજ હવે ઉદ્યોગજગત માં પણ અગ્રેસર છે ત્યારે સામાજીક જરૂરીયાત ને અનુલક્ષીને સામાજીક પરંપરા અને પરિવર્તન સાંધી વડીલોની વિરાસતને જાળવી સમાજ પ્રગતિ કરે તે દિશામાં ઉમિયાધામ સિદસર દ્વારા સામાજીક સુધારણા અને બંધારણ માટે પ્રસ્તાવ રજુ કર્યો હતો.

# શ્રીનાથજી સ્કોડા શો-રૂમ ખાતે એડવાન્સ ફીચર્સ સાથે 'સ્કોડા કુશાક'નું લોન્ચિંગ

## ૮-સ્પીડ ટ્રાન્સમિશન, રિયર મસાજ સીટ્સ અને ફર્સ્ટ-ઈન-સેગમેન્ટ ફીચર્સ સાથે લોન્ચ થઈ નવી એસયુવી




તસવીરઃ દર્શન વાડોલિયા

**અબતક, રાજકોટ**

શ્રીનાથજી સ્કોડા દ્વારા રાજકોટ ખાતે નવી સ્કોડા કુશાકનું ભવ્ય લોન્ચિંગ કરવામાં આવ્યું છે, જે તેની બોલ્ડ ડિઝાઈન અને એડવાન્સ ટેકનોલોજી સાથે મિડ-સેગમેન્ટ એસયુવીમાં નવી ઓળખ ઉભી કરે છે. પાવરફુલ ટીએસઈ એન્જિન અને ૧.૦ એટીમાં ૮ સ્પીડ ટ્રાન્સમિશન સાથે આ કારમાં રિયર મસાજ સીટ્સ, ફ્રન્ટ પાર્કિંગ સેન્સર, ફ્રન્ટ ગ્રીલ સ્ટ્રીપ લાઈટ્સ અને રિયર ઈલ્યુમિનેટેડ સ્કોડા પ્રોજેક્શન લોગો જેવા ફર્સ્ટ-ઈન-સેગમેન્ટ ફીચર્સ આપવામાં આવ્યા છે. સલામતીના દષ્ટિકોણથી આ એસયુવીમાં મલ્ટિપલ એરબેગ્સ, એબીએસ, ઈબીડી અને ઈલેક્ટ્રોનિક સ્ટેબિલિટી કન્ટ્રોલ જેવી અદ્યતન સુવિધાઓ સાથે મજબૂત બિલ્ડ ક્વોલિટી ઉપલબ્ધ છે, જે તેને ગ્રાહકો માટે અત્યંત વિશ્વાસપાત્ર બનાવે છે.

### ૬ એરબેગ્સ, ફ્રન્ટ ગ્રીલ સ્ટ્રીપ લાઈટ જેવા સુરક્ષા અને લક્ઝરી ફીચર્સ : ભાવિન દેવાણી



અબતક સાથેની વાતચીતમાં ભાવિન દેવાણીએ જણાવ્યું કે, શ્રીનાથજી સ્કોડા શોરૂમ ખાતે ૪૦થી વધુ આધુનિક ફીચર્સ સાથે નવી સ્કોડા કાર લોન્ચ કરાઈ છે. રૂ. ૧૦.૬૯ લાખથી રૂ. ૧૮.૯૯ લાખની કિંમત ધરાવતી આ કારમાં ૬ એરબેગ્સ, ફ્રન્ટ પાર્કિંગ સેન્સર, એલ્યુમિનેટેડ લોગો અને ફ્રન્ટ ગ્રીલ સ્ટ્રીપ લાઈટ જેવા સુરક્ષા અને લક્ઝરી ફીચર્સ આપવામાં આવ્યા છે.

માત્ર રૂ. ૧૦.૬૯ લાખની આકર્ષક શરૂઆતની કિંમત ધરાવતી નવી કુશાકના બેઝ મોડલમાં જ ૨૫થી વધુ ઉપયોગી ફીચર્સ અને સ્કોડાનું 'સુપર કેર પેકેજ' મળે છે, જે ગ્રાહકોને શ્રેષ્ઠ ઓનરશિપ અનુભવ પૂરો પાડે છે. ઉલ્લેખનીય છે કે, શ્રીનાથજી સ્કોડા એ પ્રતિષ્ઠિત એસપી ગ્રુપનો એક ભાગ છે, જે રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં

(અનુ. આઠમા પાને)

# રઘુવંશી યુવાઓને સરકારી ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે તજજ્ઞોએ આપ્યુ માર્ગદર્શન

## લોહાણા કર્મચારી મંડળ અને યુવક પ્રગતિ મંડળના સંયુક્ત ઉપક્રમે કારકિર્દી સેમિનાર યોજાયો



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર લોહાણા મહાજન પ્રેરિત રાજકોટ શહેર લોહાણા કર્મચારી મંડળ અને લોહાણા યુવક પ્રગતિ મંડળના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં કાલાવડ રોડ સ્થિત કેસરિયા લોહાણા મહાજન વાડી ખાતે સરકારી નોકરીમાં કારકિર્દી વિષય પર માર્ગદર્શન સેમિનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ મહાજનના કારોબારી પ્રમુખ ડો. નિશાંતભાઈ ચોટાઈના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા થયો હતો અને પ્રમુખ રાજુભાઈ પોબારુનો શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવ્યો હતો. કૃષ્ણ-અર્જુન સંવાદના નાટ્યાત્મક પ્રારંભ બાદ તજજ્ઞ ભૌતિકભાઈ ઠક્કર, મૌલિકભાઈ ગોંધીયા અને ધર્મેશભાઈ સુચકે રઘુવંશી વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સ્વાગત પ્રવચન યોગેશભાઈ જસાણીએ અને કાર્યક્રમની રૂપરેખા ડો. ભાવનાબેન શિંગાળાએ રજૂ કરી હતી. આ પ્રસંગે મહાજનના હોદ્દેદારો અને રઘુવંશી અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાં રીટાબેન કોટક, રંજનબેન પોપટ અને જયેશભાઈ ઉપાધ્યાય જેવા મહાનુભાવોએ હાજરી આપી કાર્યક્રમને શોભાવ્યો હતો.

સેમિનારને સફળ બનાવવા માટે બંને સંસ્થાઓના હોદ્દેદારો અલ્પેશભાઈ મીરાંણી, જીલેષભાઈ શિંગાળા, હિતેશભાઈ પોપટ સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અશોકભાઈ હિંડોચા અને ડો.

(અનુ. આઠમા પાને)

# રેલવે ડિવિઝનમાં 'ડીઆરએમ ટ્રોફીમાં એન્જિનિયરિંગ વિભાગ બન્યું ચેમ્પિયન

## વિવિધ રમતગમત સ્પર્ધાઓમાં ૬૩ પોઈન્ટ સાથે એન્જિનિયરિંગ વિભાગ પ્રથમ, આરપીએફ બીજા અને મિકેનિકલ વિભાગ ત્રીજા સ્થાને; ડીઆરએમ ગિરિરાજ કુમાર મીનાના હસ્તે અપાયા ઈનામો



**અબતક ,રાજકોટ**

રાજકોટ ડિવિઝન સ્પોર્ટ્સ એસોસિએશન (RDSA) દ્વારા રેલવે કર્મચારીઓ માટે આયોજિત પ્રતિષ્ઠિત 'ડીઆરએમ ટ્રોફી-૨૦૨૬'નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ગત ૫ ફેબ્રુઆરીથી શરૂ થયેલી આ વિવિધ રમતોની સ્પર્ધામાં ડિવિઝનના અનેક વિભાગોની ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેનું પરિણામ જાહેર થતા એન્જિનિયરિંગ વિભાગ સમગ્ર ટુર્નામેન્ટમાં વિજેતા જાહેર થયો છે.

આ ટુર્નામેન્ટ દરમિયાન ક્રિકેટ સહિત ટેબલ ટેનિસ, બેડમિન્ટન, ચેસ, ફૂટબોલ, સાયકલિંગ અને એથ્લેટિક્સ જેવી રમતગમત ઈવેન્ટ્સ યોજાઈ હતી. પોઈન્ટ ટેબલના આધારે એન્જિનિયરિંગ વિભાગ ૬૩ પોઈન્ટ મેળવી પ્રથમ સ્થાને રહ્યો હતો, જ્યારે RPF વિભાગ ૩૬ પોઈન્ટ સાથે બીજા અને મિકેનિકલ વિભાગ ૨૫ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને રહ્યો હતો. ક્રિકેટ સ્પર્ધાની રોમાંચક ફાઈનલ મેચમાં એન્જિનિયરિંગ વિભાગે ઓપરેટિંગ વિભાગને હરાવી ચેમ્પિયન ટ્રોફી પર કબજો જમાવ્યો હતો.


ક્રિકેટ સ્પર્ધામાં વ્યકિતગત પ્રદર્શનમાં RPFના દીપક મરીચિને 'મેન ઓફ ધ સિરીઝ', મેડિકલ વિભાગના રામકિશન કુમાવતને 'શ્રેષ્ઠ બેટ્સમેન' અને એન્જિનિયરિંગ વિભાગના વિતુલ બારૈયાને 'શ્રેષ્ઠ બોલર' તરીકે નવાજવામાં આવ્યા હતા. રાજકોટ રેલવે ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાયેલા ઈનામ વિતરણ સમારોહમાં ડિવિઝન રેલ પ્રબંધક (DRM) ગિરિરાજ કુમાર મીનાના હસ્તે વિજેતા ટીમો અને ખેલાડીઓને ટ્રોફી, મેડલ અને મોમેન્ટો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે DRM ગિરિરાજ કુમાર મીનાએ તમામ રેલકર્મીઓને ફરજની સાથે રમતગમત દ્વારા સ્વાસ્થ્ય જાળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ સમગ્ર આયોજનને સફળ બનાવવામાં સ્પોર્ટ્સ એસોસિએશનના સચિવ આર.સી. મીણા અને તેમની ટીમ તેમજ પૂર્વ રણજી ખેલાડીઓએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં રેલવેના ઉચ્ચ અધિકારીઓ, મહિલા કલ્યાણ સંગઠનના સભ્યો અને મોટી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સ્પોર્ટ્સ અબતક

# આઈપીએલ પહેલા પ્રેક્ટિસ મેચમાં અભિષેક શર્માનું તોફાન: ૪૨ બોલમાં ૯૪ રન ફટકાર્યા

## અભિષેક પ્રેક્ટિસ મેચમાં ૮ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકાર્યા: ઈશાન કિશને પણ ૨૫ બોલમાં ૭૨ રન ઝૂડ્યા



**અબતક, રાજકોટ**

ટી૨૦ વર્લ્ડ કપમાં નિરાશાજનક પ્રદર્શન કરનાર અભિષેક શર્માનું ફોર્મ આઈપીએલ ૨૦૨૬ શરૂ થતા પહેલા જ પરત આવી ગયું છે. સનરાઈઝર્સ ટીમના ખેલાડીઓ વચ્ચે ઈન્ટ્રાસ્કવોડ (આંતરિક) મેચ રમાઈ હતી, જેમાં અભિષેક શર્માએ ૯૪ રનની તોફાની ઈનિંગ રમી હતી. અભિષેકનું ટી૨૦ વર્લ્ડ કપમાં પ્રદર્શન ખાસ રહ્યું ન હતું, પરંતુ આઈપીએલ ૨૦૨૬ પહેલા તે શાનદાર ફોર્મમાં જોવા મળી રહ્યો છે. પ્રેક્ટિસ મેચમાં તેણે પોતાની ઈનિંગ દરમિયાન ૮ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકાર્યા હતા.


'હૈદ્રાબાદ એ ટીમ તરફથી રમતા અભિષેક શર્માએ લગભગ ૨૨૪ના તોફાની સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરતા માત્ર ૪૨ બોલમાં ૯૪ રન બનાવ્યા હતા. તે પોતાની ટીમ માટે સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન રહ્યો હતો. આ એક સિમ્યુલેશન મેચ હોવાથી, અભિષેક હૈદ્રાબાદર બી માટે પણ બેટિંગ કરવા આવ્યો હતો, પરંતુ આ વખતે તે ૪ બોલમાં માત્ર ૧૨ રન જ બનાવી શક્યો હતો. જ્યાં હૈદ્રાબાદ એ માટે અભિષેકે ૯૪ રન કર્યા, ત્યાં બીજી તરફ હૈદ્રાબાદ બી માટે ઈશાન કિશને મેદાન ગજવ્યું હતું. ઈશાને માત્ર ૨૫ બોલમાં ૭૨ રનની વિસ્ફોટક ઈનિંગ રમીને બધાને પ્રભાવિત કર્યા હતા.ટી૨૦ વર્લ્ડ કપ ટૂર્નામિન્ટમાં અભિષેક શર્માનું એકંદર પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું. ૮ ઈનિંગ્સમાં તે માત્ર ૧૪૧ રન જ બનાવી શક્યો હતો, પરંતુ સારી વાત એ રહી કે તેણે એક શાનદાર ઈનિંગ સાથે વર્લ્ડ કપને વિદાય આપી હતી. ન્યૂઝીલેન્ડ સામેની ફાઈનલ મેચમાં તેણે ૨૧ બોલમાં ૫૨ રનની વિસ્ફોટક ઈનિંગ રમીને ભારતની ૯૬ રનથી મળેલી રેકોર્ડ જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

## ચેન્નાઈના ગ્રાન્ડ સ્લેમમાં ધોનીએ સેમસન, દુબે અને મ્હાત્રેનું કર્યું સન્માન



ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમમાં ત્રણ ખેલાડીઓનો સમાવેશ થાય છે જેમને તાજેતરમાં ટીમ ઈન્ડિયાને વર્લ્ડકપ જીતવામાં મદદ કરી હતી. આ ત્રણ ખેલાડીઓમાં સંજુ સેમસન, શિવમ દુબે અને આયુષ મ્હાત્રેનો સમાવેશ થાય છે. સંજુ સેમસન અને શિવમ દુબેએ ૮ માર્ચે ટીમ ઈન્ડિયાને ટી૨૦ વર્લ્ડકપ જીતવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.સીઝનની શરૂઆત પહેલા ચેન્નાઈ સુપર કિંગ્સે તેમના હોમ ગ્રાઉન્ડ, એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં ''રોર ૨૦૨૬'' નામનો એક કાર્યક્રમ યોજ્યો હતો. એમએસ ધોની સિવાય અંબાતી રાયડુ, મેથ્યુ હેડન, માઈકલ હસી, હરભજન સિંહ, સુરેશ રૈના, લક્ષ્મીપતિ બાલાજી અને મુરલીધરન સહિત ચેન્નાઈના ઘણા ભૂતપૂર્વ મહાન ખેલાડીઓએ આ ખાસ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# એક મિનિટ પણ વ્યર્થ ના કરો: કોહલીનો બેંગ્લોરની ટીમને મંત્ર



## આ વખતે ચેમ્પિયન તરીકે રમી રહ્યા છીએ તેથી હરીફો વધુ આક્રમક બનશે: વિરાટ કોહલી

**અબતક, રાજકોટ**

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ આઈપીએલની આગામી ટી૨૦ ક્રિકેટ સિઝન માટે કમર કસી લીધી છે. ગયા વર્ષના ચેમ્પિયન તરીકે મેદાનમાં ઉતરી રહેલી આ ટીમ માટે વિરાટ કોહલીએ અત્યારથી જ જીતનો પાયો નાખવાનું શરૂ કરી દીધું છે. મહાન બેટ્સમેન વિરાટ કોહલીએ તેના રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના સાથી ખેલાડીઓને ટ્રેનિંગ સેશન દરમિયાન અત્યંત ગંભીર રહેવા અને એક મિનિટ પણ વ્યર્થ ન કરવાની અપીલ કરી છે. એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતેના પ્રથમ પ્રેક્ટિસ સેશન દરમિયાન ટીમને સંબોધતા કોહલીએ ગયા વર્ષે જે તીવ્રતાથી ટાઈટલ જીત્યું હતું, તેને જાળવી રાખવા પર ભાર મૂક્યો હતો.વિરાટ કોહલીએ કહ્યું હતું કે છેલ્લી બે-ત્રણ સિઝનમાં અમે જે હાંસલ કર્યું છે તે માટે અમે સખત મહેનત કરી છે. હવે આ સફર વધુ મુશ્કેલ બનવાની છે કારણ કે અન્ય ટીમો અમારી સામે પૂરી તાકાત સાથે આવશે.રોયલ ચેલેન્જર્સે હરાજીમાં વેંકટેશ ઐયર, મંગેશ યાદવ, જોર્ડન કોક્સ, વિકી ઓસ્તવાલ અને સાત્વિક દેશવાલ જેવા ખેલાડીઓને ટીમમાં સામેલ કર્યા છે. હેડ કોચ એન્ડી ફ્લાવરે આ નવી ટીમ પ્રત્યે સંતોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ફ્રેન્ચાઈઝીએ મુખ્ય ક્ષેત્રોમાં મજબૂતી મેળવી છે.

કોહલીએ ટીમ મિટિંગમાં પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે પોતાને એક્ટિવ કરો અને એક મિનિટ પણ બગાડશો નહીં. આ અઢી મહિના માટે આપણે આપણું ૧૨૦ ટકા યોગદાન આપવું જ પડશે. અમારા શર્ટ પર હવે (ચેમ્પિયનનો) સ્ટાર છે... પણ એ સિઝન હવે વીતી ગઈ છે. તેણે ઉમેર્યું હતું કે આઉટફિલ્ડ શાનદાર, હરિયાળું અને સુંદર દેખાઈ રહ્યું છે.

રોયલ ચેલેન્જર્સની ટીમ ૨૮મી માર્ચે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે અહીંના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતેના પોતાના હોમ ગ્રાઉન્ડ પર રમશે.

ચેમ્પિયન તરીકે ટકી રહેવા માટે ગત વર્ષ કરતા વધુ મહેનતની જરૂર છે. તેમ કહીને ટીમના કોચ એન્ડી ફ્લાવરે સ્પષ્ટ કર્યું હતુ કે ટીમ જૂની સફળતાના આધારે બેસી રહેવા માંગતી નથી પરંતુ નવા પડકારને સ્વીકારીને ફરીથી ટ્રોફી જીતવા માટે મેદાનમાં ઉતરશે. ટીમના વિકેટકીપર જીતેશ શર્માએ પણ પ્રેક્ટિસના પ્રથમ દિવસે ઉત્સાહપૂર્ણ વાતાવરણ હોવાનું જણાવ્યું હતું.

# મીડિયાથી દૂર રહે, બેટિંગ પર ફોકસ કરે: સૂર્યવંશીને કપ્તાન રિયાન પરાગની સલાહ



## ૧૪ વર્ષની ઉંમરે પોતાની વિસ્ફોટક બેટિંગથી પોતાની છાપ છોડી દેનાર વૈભવને ટીમ મેનેજમેન્ટ અને કેપ્ટન રિયાન પરાગ હવે વધુ સમજદાર બનાવવા માંગે છે

**અબતક, રાજકોટ**

આઈપીએલ ૨૦૨૬ની શરૂઆત પહેલા, રાજસ્થાન રોયલ્સના યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી ફરી એકવાર સમાચારમાં છે. ૧૪ વર્ષની ઉંમરે પોતાની વિસ્ફોટક બેટિંગથી પોતાની છાપ છોડી દેનાર, ટીમ મેનેજમેન્ટ અને કેપ્ટન રિયાન પરાગ હવે તેને વધુ મેચ્યોર બનાવવા માગે છે, એટલે જ કારણ છે કે વૈભવને મીડિયાથી દૂર રહેવા અને ફક્ત તેની બેટિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સ્પષ્ટ સલાહ આપવામાં આવી છે.રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રિયાન પરાગ માને છે કે આટલી નાની ઉંમરે વધુ પડતું ધ્યાન કોઈપણ ખેલાડી પર દબાણ લાવી શકે છે. તેથી, ટીમે વૈભવને હાલમાં સત્તાવાર પ્રેસ ઈવેન્ટ્સ અને મીડિયા ઈન્ટરવ્યુથી દૂર રાખવાનો નિર્ણય લીધો છે. તેને સોશિયલ મીડિયાથી દૂર રહેવાની પણ સલાહ આપવામાં આવી છે જેથી બાહ્ય અવાજ, પ્રશંસા અને ટીકા તેની રમતને અસર ન કરે.વૈભવ સૂર્યવંશીએ ગઈ સિઝનમાં તેના ડેબ્યૂથી બધાને આશ્ચર્યચકિત કરી દીધા. ૧૯ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ, તેણે જયપુરમાં લખનઉ સુપર જાયન્ટ્સ સામે રાજસ્થાન રોયલ્સ માટે આઈપીએલ ડેબ્યૂ કર્યું. તે સમયે, તે ફક્ત ૧૪ વર્ષ અને ૨૩ દિવસનો હતો, જેના કારણે તે આઈપીએલના ઈતિહાસનો સૌથી યુવા ખેલાડી બન્યો. રસપ્રદ વાત એ છે કે, તેણે તેનીઆઈપીએલ કારકિર્દીના પહેલા જ બોલ પર છગ્ગો ફટકાર્યો હતો અને લીગમાં પહેલા જ બોલ પર છગ્ગો ફટકારનારા બેટ્સમેનોના જૂથમાં જોડાયો હતો.

જોકે, ભૂતપૂર્વ ભારતીય ઝડપી બોલર લક્ષ્મીપતિ બાલાજીએ ચેતવણી આપી છે કે વૈભવની બીજી સિઝન તેના માટે સરળ નહીં હોય. હવે, વિરોધી ટીમો તેની રમત સમજી ગઈ છે અને તેની નબળાઈઓ પર કામ કરશે. આ ટેકનિક, ધીરજ અને માનસિક શક્તિની સાચી કસોટી હશે. બાલાજી માને છે કે આ સમયગાળા દરમિયાન રાજસ્થાન રોયલ્સના મુખ્ય કોચ અને ક્રિકેટ ડિરેક્ટર કુમાર સંગાકારાનું માર્ગદર્શન મહત્વપૂર્ણ રહેશે.

### ટીમની યોજના અને વૈભવનું મોટું સપનુ

રાજસ્થાન રોયલ્સ પણ વૈભવને યશસ્વી જયસ્વાલ જેવા અનુભવી ઓપનર સાથે પાર્ટનરશિપ બનાવવાની યોજના ધરાવે છે, જેથી યુવા બેટ્સમેન શરૂઆતના સંપૂર્ણ દબાણનો સામનો ન કરે. બીજી તરફ, વૈભવ પોતે મોટા સપનાઓ સાથે મેદાનમાં ઉતરવા માંગે છે. તેણે પહેલેથી જ કહ્યું છે કે તેની નજર ક્રિસ ગેઈલના ૧૭૫ રનના IPL રેકોર્ડ પર છે.

# કિવિને ૧૯ રનથી હરાવી આફ્રિકાએ સિરીઝ સરભર કરી



**અબતક, રાજકોટ**

પ્રવાસી સાઉથ આફ્રિકાના સ્પિનરો સામે ન્યૂઝીલેન્ડની ટીમ લાચાર બની જતાં ચોથી ટી૨૦ ક્રિકેટ મેચમાં સાઉથ આફ્રિકાએ ૧૯ રને વિજય હાંસલ કરીને પાંચ મેચની સિરીઝમાં સ્કોર ફરીથી સરભર કરી દીધો હતો.

આમ હાલમાં બંને ટીમ ૨-૨થી બરાબરી પર આવી ગઈ છે.

વર્તમાન સિરીઝમાં બંને ટીમ એકબીજાને મચક આપતી નથી અને પાછળ રહી ગયા બાદ વળતો પ્રહાર કરીને સ્કોર સરભર કરી દે છે ત્યારે બુધવારે રમાનારી અંતિમ ટી૨૦ મેચ રોમાંચક બની રહેશે. ચોથી ટી૨૦માં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા સાઉથ આફ્રિકાએ કોનોર ઈસ્ટરહ્યુઝેનની શાનદાર અડધી સદીની મદદથી ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૪ રનનો સ્કોર રજૂ કર્યો હતો. જેના જવાબમાં ન્યૂઝીલેન્ડની ટીમ ૧૮.૫ ઓવરમાં ૧૪૫ રન કરી શકી હતી. ઈસ્ટરહ્યુઝેને માત્ર ૩૩ બોલમાં ૫૭ રન ફટકાર્યા હતા જેમાં ત્રણ સિક્સર અને સાત ચોગ્ગા સામેલ હતા. આ સ્કોર બંને ટીમો વચ્ચે મુખ્ય તફાવત સાબિત થયો હતો.

ઈનિંગ્સના બીજા જ બોલે વિકેટ ગુમાવ્યા બાદ તેણે બાજી સંભાળી હતી અને પાવરપ્લેમાં ટીમને ૫૦ રન સુધી પહોંચાડી હતી.ન્યૂઝીલેન્ડની શરૂઆત સારી રહી હતી અને પાવરપ્લે બાદ તેમનો સ્કોર બે વિકેટે ૬૩ રન હતો.

ટિમ રોબિન્સને ૨૨ બોલમાં ૩૨ રન ફટકાર્યા હતા. જોકે, સાઉથ આફ્રિકાના સ્પિનરોએ અહીંથી વળતી લડત આપીને મેચનું પાસું પલટી નાખ્યું હતું.

પ્રેનેલન સુબ્રાયન પોતાની પહેલી જ મેચમાં જ ૧૩ રન આપીને બે મહત્વની વિકેટ ઝડપી તો કેપ્ટન કેશવ મહારાજે ૨૨ રન આપીને બે વિકેટ મેળવી ન્યુઝીલેન્ડના મધ્યક્રમને ધ્વસ્ત કર્યો હતો.

ડેન ક્લીવર ત્રણ વર્ષ બાદ ટીમમાં પરત ફરી રહ્યો હતો અને હતો તેણે ૨૬ રન ફટકાર્યા હતા. ટોમ લાથમને સ્થાને કાર્યકારી સુકાની બનેલા જેમ્સ નીશમને બે જીવનદાન મળ્યા છતાં તે મોટી ઈનિંગ્સ રમી શક્યો નહીં.

## ઈસ્ટરહ્યુઝે માત્ર ૩૩ બોલમાં ૫૭ રન ધમાકેદાર ઈનિંગ રમી: બુધવારે રમાનારી અંતિમ ટી૨૦ મેચ રોમાંચક બની રહેશે

# ઓસ્ટ્રેલિયા આવતા વર્ષે ભારતમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી રમશે



**અબતક, રાજકોટ**

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ તેનું ૨૦૨૬-૨૭નું આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કેલેન્ડર જાહેર કર્યું હતું જે મુજબ તે વિશ્વના મોખરાના ચાર દેશો સાથે ટેસ્ટ સિરીઝ રમશે. જેમાં જાન્યુઆરી ૨૦૨૭માં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે તે પાંચ ટેસ્ટ મેચ રમવા ભારત આવશે. પેટ કમિન્સની ઉંમરલાયક ટીમ માટે આવતા વર્ષે ભારત સામેની પાંચ ટેસ્ટ મેચોની સિરીઝ અભૂતપૂર્વ અને કપરા કાર્યક્રમ માટે નિર્ણાયક તબક્કો બની રહેશે. ઓસ્ટ્રેલિયા ડિસેમ્બર અને માર્ચ વચ્ચે ૧૪ સપ્તાહના ગાળામાં દસ ટેસ્ટ રમવાનું છે, જે તેમના ઈતિહાસના સૌથી પડકારજનક સમયગાળા પૈકીનો એક છે.ઓસ્ટ્રેલિયન ટીમ સિઝનની શરૂઆત ઓગસ્ટ ૨૦૨૬માં બાંગ્લાદેશ સામેની બે ટેસ્ટ મેચથી ઘરઆંગણે કરશે. અને માર્ચ ૨૦૨૭માં મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ઈંગ્લેન્ડ સામેની ૧૫૦મી એનિવર્સરી ટેસ્ટ (ડે-નાઈટ મેચ) સાથે સિઝન પૂર્ણ કરશે.ન્યૂઝીલેન્ડ સામેની હોમ સિરીઝ માત્ર ચાર સપ્તાહમાં જ સમેટાઈ જશે, જ્યારે આ વર્ષના અંતમાં સાઉથ આફ્રિકાનો પ્રવાસ ઓક્ટોબરના અંત સુધી ચાલશે. ત્યારબાદ નવેમ્બરમાં ઈંગ્લેન્ડ સામે આઠ મેચની વ્હાઈટ-બોલ સિરીઝ રમાશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બોર્ડર-ગાવસ્કર ટ્રોફીનો પ્રવાસ કમિન્સ, સ્ટિવ સ્મિથ, મિચેલ સ્ટાર્ક, જોશ હેઝલવૂડ અને નાથન લાયન જેવા ખેલાડીઓ માટે અંતિમ સીમાચિહ્ન સમાન છે, જેઓ ભારતમાં ક્યારેય સિરીઝ જીત્યા નથી.પ્રવાસ પણ ટૂંકો રહેશે કારણ કે ૧૧મી માર્ચથી મેલબોર્નમાં એનિવર્સરી ટેસ્ટ શરૂ થઈ રહી છે. તેમ જણાવીને બોર્ડે તેના નિવેદનમાં ઉમેર્યું હતું કે, સ્ટાર્ક, કમિન્સ અને હેઝલવૂડ ત્રણેયને આગામી આઈપીએલના શરૂઆતના રાઉન્ડમાંથી બહાર રાખવાનો નિર્ણય દર્શાવે છે કે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા આ ત્રિપૂટીને ૨૦૨૬-૨૭ના તીવ્ર પ્રવાસ માટે ફિટ રાખવા બાબતે સાવધ છે.

૨૦૨૬-૨૭ માટેનું ઓસ્ટ્રેલિયાનું સમયપત્રક આ પ્રકારનું રહેશે. ઓગસ્ટ ૨૦૨૬, બે ટેસ્ટ વિ. બાંગ્લાદેશ (ઓસ્ટ્રેલિયામાં). ઓક્ટોબર ૨૦૨૬, ત્રણ ટેસ્ટ વિ. સાઉથ આફ્રિકા (સાઉથ આફ્રિકામાં). ડિસેમ્બર-જાન્યુઆરી (૨૦૨૬-૨૭). ચાર ટેસ્ટ વિ. ન્યૂઝીલેન્ડ (ઓસ્ટ્રેલિયામાં). જાન્યુઆરી-માર્ચ ૨૦૨૭. પાંચ ટેસ્ટ વિ. ભારત (ભારતમાં). ૧૧-૧૫ માર્ચ ૨૦૨૭, ૧૫૦મી એનિવર્સરી ટેસ્ટ વિ. ઈંગ્લેન્ડ (ઓસ્ટ્રેલિયામાં). જૂન ૨૦૨૭, WTC ફાઈનલ (જો ક્વોલિફાય થાય તો). જૂન થી ઓગસ્ટ ૨૦૨૭, પાંચ ટેસ્ટ વિ. ઈંગ્લેન્ડ (એશિઝ, ઈંગ્લેન્ડમાં).

## ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ટીમનો અતિવ્યસ્ત કાર્યક્રમ જાહેર કર્યો, એક વર્ષમાં સાઉથ આફ્રિકા, કિવિ અને ભારત સામે રમશે

# રાજકોટમાં સંતકબીર રોડ પરથી મકાનમાંથી રૂ. ૨૯ લાખનો મોંઘો શરાબ ઝડપાયો

## ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી સ્કોચ, વોડકા સહિત શરાબની ૯૩૬ બોટલ સાથે ખેપિયા રાહુલ પરમારને દબોચ્યો : મુખ્ય સૂત્રધાર બુટલેગર બેલડી યશ ઠાકર અને કરણ પટેલ ફરાર, મકાન માલિકની પણ પૂછપરછ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાંથી ફરીવાર મોંઘા શરાબનો જથ્થો ઝડપાયો છે. શોખીન બંધાણીઓને સપ્લાય કરવા લાવવામાં આવેલી સ્કોચ અને વોડકાની બોટલોનો જથ્થો ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી પાડ્યો છે. સંત કબીર રોડ પર આવેલ મકાનમાં ક્રાઈમ બ્રાન્ચ ત્રાટકી હતી અને વિદેશી દારૂની ૯૩૬ બોટલ સાથે ખેપીયાની ધરપકડ કરી મુખ્ય સૂત્રધાર બે લિસ્ટેડ બુટલેગરની શોધખોળ હાથ ધરી છે.

દારૂના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર શહેર પોલીસ કમિશ્નર બજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી (ક્રાઈમ) જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ બી.બી.બસીયા દ્વારા દારૂ, જુગાર અને આર્મ્સ એકટ મુજબની ગેર કાયદેસર પ્રવૃતી આચરતા શખ્સોને પકડવાની આપેલ સુચનાથી ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ ડી.પી.ઝાલા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં. ત્યારે કોન્સ્ટેબલ મનીષભાઈ ચાવડા, ધર્મરાજસિંહ રાણા અને દિપકભાઈ ડાંગરને સંત કબીર રોડ, શકિત કો.ઓ.હા. સોસાયટી, શેરી નં. ૪ માં આવેલ એક મકાનમાં દારૂનો જથ્થો હોવાની ચોક્કસ બાતમી મળી હતી.



જે બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે શકિત કો.ઓ.હા. સોસાયટી, શેરી નં. ૪ માં આવેલ મકાનમાં દરોડો પાડી સ્કોચ, વોડકા સહિતની મોંઘી વિદેશી દારૂની ૯૩૬ બોટલ રૂ.૨૯.૦૫ લાખનો મુદામાલ પકડી મકાન માલીક રાહુલ જગદીશ પરમાર (ઉવ.૨૮, રહે. ભવાનીનગર, શેરી નં.૨/૩ નો ખુણો, રામનાથપરા પોલીસ લાઈન પાસે, રાજકોટ) ની ધરપકડ કાર્યવાહી કરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, દારૂનો જથ્થો યશ ઉર્ફે કાનો કલ્પેશ ઠાકર (રહે.સીલ્વર બેકરીની બાજુમાં, કોઠારીયા રોડ, રાજકોટ) અને કરણ પટેલ (રહે. પટેલ નગર, સોરઠીયાવાડી સર્કલ, ૫૦ ફુટ રોડ, રાજકોટ) એ મંગાવી મકાનમાં ઉતર્યો હતો. ઝડપાયેલ શખ્સ રાહુલ મુખ્ય સૂત્રધાર યશ ઠાકર કહે ત્યાં સપ્લાય કરવા જવાનું કામ કરતો હતો. તેમજ જે મકાનમાંથી દારૂનો જથ્થો પકડાયો છે તે અક્ષય પટેલ નામના શખ્સનું હોવાનું ખુલ્યું છે, હાલ પોલીસે તેની પૂછતાછ પણ આદરી છે કે, મકાન તેને ભાડે આપેલ હતું કે, પોતે પણ દારૂના ધંધામાં ભાગીદાર છે.

હાલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે મુખ્ય સૂત્રધાર બંને શખ્સોની શોધખોળ હાથ ધરી છે. જે બંને શખ્સો લિસ્ટેડ બુટલેગર હોવાનું પણ સામે આવ્યું છે.

# ૧૭ કરોડની છેતરપિંડીમાં ફાઈનાન્સર બુસા બ્રધર્સને હાઈકોર્ટેની રાહત

## તપાસમાં ખાતરી અપાતા આરોપીઓ સામે દબાણાત્મક કાર્યવાહી નહીં કરાય, ક્વોશિંગ પિટિશનની સુનાવણી આગામી મુદતે હાથ ધરાશે

**અબતક, રાજકોટ**

ત્રણ વર્ષમાં બમણી રકમની લાલચ આપી ૧૭ કરોડની છેતરપિંડીના ગુનામાં દસાડા પંથકના સોલ્ટ કંપનીધારકની અરજીની તપાસ કામે આક્ષેપીત રાજકોટના ત્રણ ફાઈનાન્સરની ક્વોશિંગ પિટિશનમાં હાઈકોર્ટને તપાસમાં સંપૂર્ણ સહકારની ખાતરી અપાતા હાઈકોર્ટે આરોપીઓને કડક પગલામાંથી રાહત આપી છે.શહેરના ઈન્દિરા સર્કલ ચોક સ્વાગત માં રહેતા અને ફાઈનાન્સના ધંધાર્થી છગનભાઈ બુસા, આનંદભાઈ બુસા તથા સંજયભાઈ બુસા સામે જામનગરના રાહુલ દવેએ રકમ રૂપીયા ૧૭ કરોડ રોકડા તેમની પેઢીને આપેલા હોઈ તે પરત કરતા ન હોઈ તે સંબંધે સુરેન્દ્રનગર પોલીસ અધિક્ષક સમક્ષ અરજી દાખલ કરી હતી.જામનગર શહેરમા રહેતા અને દસાડા પંથકમાં સોલ્ટ અને કેમિકલ કંપનીના માલિક પ્રફુલચંદ્ર દવેના જામનગર સ્થિત મિત્ર પિયુષ પટેલ દ્વારા છગનભાઈ બુસાનો સંપર્ક થયો હતો. છગનભાઈ દ્વારા તેમની ફાઈનાન્સ પેઢીમાં રોકાણ કરવા અને રોકાણથી બમણી રકમ ત્રણ વર્ષમાં પરત મળશે તેવી ખાતરી આપતા જેથી રાહુલ દવેએ વિશ્વાસ રાખી વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના સમયગાળામા છગનભાઈની પેઢીમાં કટકે-કટકે રૂપિયા ૧૭ કરોડ સુરેન્દ્રનગર મુકામેથી આપેલા હતા. થોડા સમય બાદ ફરિયાદીના પરિવારને આર્થિક જરૂરિયાત હોવાથી છગનભાઈ બુસાનો સંપર્ક કરી ફરિયાદીએ જમા કરાવેલ રકમની પરત માંગણી કરતા છગનભાઈ દ્વારા જુદા-જુદા વાયદા કરવામાં આવતા અને ફરિયાદીને હિસાબ પણ આપતા ન હોય આથી ફરિયાદીએ સુરેન્દ્રનગર પોલીસ અધિક્ષક સમક્ષ છેતરપિંડીની અરજી કરી હતી. જેની તપાસ સુરેન્દ્રનગરના નાયબ પોલીસ અધિક્ષક દ્વારા કરવામાં આવી રહી હોય અને તેઓ દ્વારા છગનભાઈ, આનંદભાઈ, સંજયભાઈને હાજર રહેવા નોટિસ કરવામાં આવી હતી.

આથી આરોપીઓએ એડવોકેટ સ્તવન મહેતા દ્વારા હાઈકોર્ટમાં ફરિયાદ રદ કરવા માટે કવોશિંગ પિટિશન દાખલ કરી હતી. જેની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે કેસના દસ્તાવેજો અને તપાસની સામગ્રીનું અવલોકન કર્યું હતું. તેમજ સુનાવણી દરમ્યાન આગામી સુનાવણી સુધી અરજદારો સામે કોઈપણ પ્રકારની દબાણાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં. હાઈકોર્ટએ અરજદારોને તપાસ અધિકારી સમક્ષ હાજર રહી સહકાર આપવા નિર્દેશ આપ્યો છે. આ આદેશના પરિણામે અરજદારોને ધરપકડથી રાહત મળી છે. આરોપીઓ વતી હાઈકોર્ટના સિનિયર એડવોકેટ નીરૂપમભાઈ નાણાવટી, સ્તવન મહેતા, ધ્રુવ ટોળીયા, મહેતા એન્ડ શુકલા એડવોકેટસના નિકુંજ શુકલા, બ્રિજેશ ચૌહાણ, નિલરાજ રાણા, નિરંજન ભટ્ટી, સનમ શેખ, પ્રકાશ ચાવડા, મદદનીશ તરીકે નિશાંત ચાવડા, રીષભ રાડિયા, સત્યજીતસિંહ ઝાલા, અભય લખતરીયા અને ઉત્સવ રાઠોડ રોકાયા હતા.

# એમડી ડ્રગ્સના ગુનામાં સપ્લાયરના જામીન મંજૂર

## મોરબી એસઓજીએ ત્રણ વર્ષ પહેલા ટંકારા નજીકથી રૂ.૧.૦૨ લાખના ડ્રગ્સ સાથે એકને ઝડપી લીધો હતો

**અબતક, રાજકોટ**

મોરબી હાઈવે ઉપર ટંકારા પાસે ઝડપાયેલું ૧.૦૨ લાખના એમડી ડ્રગ્સ રાજકોટના પેડલરને સપ્લાય કરવાના ગુનામાં ત્રણ વર્ષ બાદ પકડાયેલા અમદાવાદના નાસીરમીયા સિકંદરમીયા મલેકની જામીન અરજી મોરબી સ્પેશિયલ અદાલત દ્વારા મંજુર કરવામાં આવી છે.મોરબી એસ.ઓ.જી. સ્ટાફે ટંકારા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે રાજકોટથી મોરબી તરફ જતી ઓટો રિક્ષાને રોકીને તલાસી લઈ કતેમાં બેઠેલા જીતેન્દ્ર રામજી પ્રજાપતી (રહે. મોરબી)ની ઝડતી કરતા તેણે પહેરેલા બરમુડાના ખિસ્સામાંથી પ્લાસટીકની થેલીમાં ૧૦.૨૦ ગ્રામ મેફેડ્રોનનો જથ્થો મળી આવેલ હતો. આ ડ્રગ્સ તેણે મિત્ર રવીન્દ્ર રાવલ રાજકોટના અયોધ્યા ચોક ખાતેથી મેળવ્યાંનું જણાવેલ અને પૂછપરછ દરમીયાન અમદાવાદના નાસીરમીયા સીકન્દરમીયા મલેક પાસેથી લાવેલાનું જણાવેલ હતું. તેમાં નાસીરમિયા નાસતો ફરતો હતો, તાજેતરમાં તે ઝડપાઈ જતા ધોરણસરની કાર્યવાહી બાદ આરોપીને જેલ હવાલે કર્યો હતો. ત્યારબાદ નાસીરમીયા સીકન્દરમીયા મલેકે પોતાના એડવોકેટ મારફત જામીન મુક્ત થવા માટે મોરબી એન.ડી.પી.એસ કોર્ટ સમક્ષ જામીન મુક્ત થવા માટે જામીન અરજી કરેલ હતી. જે અન્વયે આરોપીઓ વતી રોકાયેલ એડવોકેટે કરેલ દલીલ તેમજ જામીન અરજી સંદર્ભે હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાનમાં રાખી કોર્ટ દ્વારા આરોપીની જામીન અરજી મંજુર કરવામાં આવી છે. આ કામે આરોપી વતી એડવોકેટ સાહીસ્તાબેન એસ. ખોખર, રણજીતભાઈ એમ. પટગીર, તેમજ મોરબીના ગૌતમભાઈ એમ. વોરા રોકાયા હતા.

# બેંકના રૂ.૧.૩૫ કરોડના વસુલાતના દાવામાં રૂ.૧૦.૯૬ લાખ લોનધારકએ ચૂકવવા હુકમ

## જીવન કોમર્શિયલ બેંકના હિસાબોને સિવિલ કોર્ટે અમાન્ય ઠેરવ્યા: લેણદારને રાહત આપતો ચુકાદો

**અબતક, રાજકોટ**

રાજકોટની સિવિલ કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ ચુકાદામાં જીવન બેંક દ્વારા રજૂ કરવામાં આવેલા લોનધારક પાસે રૂ. ૧.૩૫ કરોડથી વધુની લેણી રકમના કોમ્પ્યુટરાઈઝડ હિસાબોને અમાન્ય રાખી પ્રતિવાદી દેણદારને રાહત આપી માત્ર રૂ. ૧૦.૯૬ લાખની રકમ ચુકવવાની હોવાનું ઠરાવી દરખાસ્તને ફેસલ ફરમાવી હતી.આ કેસની હકીકત મુજબ, જય ખોડિયાર ઈન્ડસ્ટ્રીઝના માલિક દામજીભાઈ હંસરાજભાઈ વેકરીયાએ જીવન કોમર્શિયલ કો-ઓપ. બેંકમાંથી લોન લીધી હતી. આ અંગે બેંકે રજિસ્ટ્રાર બોર્ડ ઓફ નોમીની સમક્ષ દાવો દાખલ કરી લેણી રકમની વસૂલાત માટેની કાર્યવાહી હાથ ધરી હતી. જે રકમની વસુલાત માટે જીવન કોમર્શિયલ કો- ઓપ. બેંક દ્વારા સિવિલ કોર્ટમાં દરખાસ્ત દાખલ કરવામાં આવી હતી. જેમાં બેંકે રજિસ્ટ્રાર બોર્ડ ઓફ નોમીનીના નીવેડાની રૂએ એવો દાવો કરવામાં આવ્યો હતો કે જીવન બેંકની દામજીભાઈ વેકરીયા પાસેથી રૂ. ૧.૩૫ કરોડથી વધુ રકમ લેણી નીકળે છે. બાદ પ્રતિવાદી દામજીભાઈ વેકરીયાના વકીલ દ્વારા કોર્ટમાં દલીલ કરવામાં આવી હતી કે બેંક દ્વારા રજૂ કરવામાં આવેલી વ્યાજની ગણતરી નિયમો મુજબ કરવામાં આવી નથી. જીવન બેંક આવી કોઈજ રકમ માંગવા કે મેળવવા હક્કદાર નથી. જે સાથે સુપ્રીમ કોર્ટના તથા હાઈકોર્ટના અલગ અલગ ચુકાદા ટાંક્યા હતા.એ પ્રિન્સીપલ સિનિયર સિવિલ જજે ગ્રાહ્ય રાખી ઠરાવ્યું હતું કે, હિસાબની યોગ્ય ગણતરી મુજબ માત્ર રૂ. ૧૦.૯૬ લાખની રકમ જ લેણી થતી હોવાનું જાહેર કર્યું છે. પ્રતિવાદી વતી એડવોકેટ જનકકુમાર પંડ્યા, વત્સલભાઈ પંડયા, કુમારભાઈ પંડ્યા, મોનાર્કભાઈ પંડયા, અજયભાઈ પીપળીયા, કરણભાઈ પડીઆ, સલોની કે. પડીઆ અને જયદિપભાઈ ડાભી રોકાયા હતા.

# લગ્નની લાલચ આપી અવારનવાર યુવતી પર દુષ્કર્મ ગુનામાં પોલીસ મેનના આગોતરા જામીન રદ

## ફેસબુક મારફતે પરિચયમાં આવેલી યુવતીને ભક્તિનગરના હેડ કોન્સ્ટેબલ તરીકે ઓળખ આપી આચર્યું કૃત્ય

**અબતક, રાજકોટ**

શહેર પોલીસ બેડામાં ચકચાર દુષ્કર્મ મચાવનાર રેલનગર વિસ્તારમાં રહેતી યુવતીને લગ્નની લાલચ આપી અવારનવાર દુષ્કર્મ આચર્યા અંગેની ફરિયાદમાં અદાલતે પોલીસ ધરપકડની દહેસતથી નાસતા ફરતા ભક્તિનગર પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ અમિતસિંગ ચૌહાણની આગોતરા જામીન અરજી રદ કરી છે. આ અંગેની હકીકત મુજબ, શહેરના રેલનગર વિસ્તારમાં રહેતી અને ખાનગી કંપનીમાં નોકરી કરતી ૩૪ વર્ષીય પરપ્રાંતીય યુવતી પર ફેસબુક ફ્રેન્ડ અને ભક્તિનગર પોલીસ મથકનો હેડ કોન્સ્ટેબલ તરીકે ઓળખ આપી અમિતસિંગ પ્રભાતસિંગ ચૌહાણે અપરિણીત હોવાનું કહી લગ્નની લાલચ આપી મે ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ અમિતે લગ્નની ના પાડી સંપર્ક તોડી નાખ્યો હતો. બાદમાં યુવતીએ દુષ્કર્મ આચર્યા અંગેની પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બાદ આરોપી ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. ગુનાની તપાસ શરૂ કરતા અમિતસિંગ ચૌહાણે ધરપકડથી બચવા સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. આગોતરા જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલ અને આગોતરા જામીન અરજીનો વિરોધ કરી દલીલ કરી હતી કે આરોપી સામે સમાજ વિરોધી ગુનો નોંધાયેલો છે, આરોપી પોલીસ કોન્સ્ટેબલ છે કાયદાના જાણકાર છે, તે કાયદાનું રક્ષણ કરવાના બદલે પોતે જ કાયદાનો ભંગ કરે તે યોગ્ય નથી અને આવા દુષ્કર્મના ગુનામાં આગોતરા જામીન આપવા જોઈએ નહીં, તેથી તેમની આગોતરા જામીન અરજી રદ કરવા રજૂઆત કરી હતી. સરકાર પક્ષની દલીલ અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ સેશન્સ જજ ટી. એસ બ્રહ્મભટ્ટે ભકિતનગર પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ અમિત ચૌહાણની આગોતરા જામીન અરજી રદ કરી છે. સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા.

# રાધિકા હાઈટ્સમાં ગૃહકલેશે પરિણિતાનો ભોગ લીધો

## ઝેરી દવા પી લેતા પરિણીતાએ ખાનગી હોસ્પિટલમાં દમ તોડ્યો, પરિવારમાં શોક છવાયો

**અબતક, રાજકોટ**

લોધિકા તાલુકાના કાંગશિયાળી ગામની સીમમાં આવેલ રાધિકા હાઈટ્સમાં રહેતી ૨૭ વર્ષીય પરિણીતાએ ગૃહ કલેશથી કંટાળી ઝેરી દવા પી લેતા તેનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું છે. આ બનાવથી પટેલ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને એક માસૂમ બાળકીએ માતાની છત્રછાયા ગુમાવી છે.મળતી માહિતી મુજબ, કાંગશિયાળી ગામની સીમમાં રાધિકા હાઈટ્સ, બ્લોક નં. અ-૧૦૧ માં રહેતા નેહલબેન હેપ્પીભાઈ મેનપરા (ઉં.વ. ૨૭) એ ગત તારીખ ૯ માર્ચના રોજ પોતાના ઘરે ચાલી રહેલા ગૃહ કલેશથી કંટાળી જઈ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઝેરની અસર થતા જ નેહલબેનને તાત્કાલિક પ્રથમ ગિરિરાજ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે સિનર્જી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ગંભીર હાલત હોવાને કારણે સારવાર કારગત નીવડી ન હતી અને તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક નેહલબેનના પતિ હેપ્પીભાઈ બિલ્ડીંગ મટીરીયલ્સનો વ્યવસાય સાથે સંકળાયેલા છે. નેહલબેનને સંતાનમાં એક નાની દીકરી છે. માતાના અકાળે મોતથી માસૂમ દીકરી નોંધારી બની ગઈ છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૫૪ | ૬૧૨ | ૧૦૨૯ |
| લીંબુ | ૬૫૯ | ૧૩૧૨ | ૨૬૨૩ |
| સાકરટેટી | ૯૬ | ૧૫૨ | ૩૦૮ |
| તરબુચ | ૧૦૪ | ૨૦૨ | ૪૧૩ |
| પપૈયા | ૩૨ | ૯૨ | ૧૬૨ |
| બટેટા | ૪૪૪૦ | ૯૧ | ૨૫૪ |
| ડુંગળી સુકી | ૨૩૬૩ | ૫૩ | ૨૬૧ |
| ટમેટા | ૧૦૧૦ | ૭૭ | ૨૧૦ |
| સુરણ | ૧૦ | ૮૦૭ | ૧૦૧૬ |
| કોથમરી | ૩૪૮ | ૧૭૬ | ૩૩૨ |
| સકરીયા | ૨૬ | ૫૧૧ | ૭૧૪ |
| મુળા | ૫૯ | ૩૩૨ | ૫૪૧ |
| રીંગણા | ૪૩૯ | ૧૮૮ | ૪૮૨ |
| કોબીજ | ૩૭૭ | ૬૨ | ૧૦૪ |
| ફલાવર | ૨૪૭ | ૨૨૧ | ૫૫૯ |
| ભીંડો | ૧૧૨ | ૬૧૮ | ૮૪૧ |
| ગુવાર | ૧૫૨ | ૪૦૬ | ૮૨૫ |
| ચોળાસીંગ | ૯૪ | ૬૧૯ | ૯૬૧ |
| વાલોળ | ૧૩૫ | ૪૫૮ | ૬૯૧ |
| ટીંડોળા | ૩૯ | ૩૨૬ | ૭૭૮ |
| દુધી | ૩૧૨ | ૧૫૮ | ૨૪૬ |
| કારેલા | ૧૯૩ | ૪૪૯ | ૬૧૮ |
| સરગવો | ૫૪ | ૨૧૨ | ૪૨૬ |
| તુરીયા | ૩૫ | ૪૭૬ | ૫૮૨ |
| પરવર | ૨૧ | ૧૨૧૨ | ૧૪૨૬ |
| કાકડી | ૩૩૨ | ૧૬૪ | ૩૮૯ |
| ગાજર | ૩૪૯ | ૧૬૪ | ૨૯૩ |
| વટાણા | ૨૨૪ | ૭૦૨ | ૧૦૩૯ |
| ગલકા | ૧૨૦ | ૪૧૧ | ૫૨૮ |
| બીટ | ૨૧૮ | ૧૦૪ | ૨૧૨ |
| મેથી | ૨૭૪ | ૧૦૭ | ૨૨૧ |
| વાલ | ૬૧ | ૪૬૮ | ૭૨૧ |
| ડુંગળી લીલી | ૨૫૧ | ૨૬૩ | ૪૧૩ |
| આદુ | ૨૮૧ | ૯૨૪ | ૧૧૨૨ |
| મરચા લીલા | ૧૦૯૨ | ૫૧૧ | ૮૨૪ |
| લસણ લીલું | ૨૬ | ૫૨૧ | ૮૮૩ |
| મકાઈ લીલી | ૧૮૧ | ૧૪૬ | ૨૧૬ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૦૦ | ૧૪૦૦ | ૧૬૪૪ |
| ઘઉં લોકવન | ૯૦૦૦ | ૪૩૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૧૮૦૦૦ | ૪૩૫ | ૬૦૦ |
| જુવાર સફેદ | ૧૭૦૦ | ૮૦૦ | ૧૦૪૦ |
| બાજરી | ૧૮ | ૨૫૦ | ૩૫૧ |
| તુવેર | ૨૪૦૦ | ૧૨૦૦ | ૧૫૫૫ |
| ચણા પીળા | ૦ | ૯૨૦ | ૧૦૬૦ |
| ચણા સફેદ | ૦ | ૧૧૧૦ | ૧૭૪૦ |
| અડદ | ૧૦૦ | ૯૦૦ | ૧૬૫૦ |
| મગ | ૬૬ | ૮૦૦ | ૧૮૨૪ |
| વાલ દેશી | ૪૪ | ૬૦૦ | ૧૦૭૦ |
| ચોળી | ૯ | ૯૯૯ | ૯૯૯ |
| વટાણા | ૧૪૦૦ | ૮૫૦ | ૧૨૨૦ |
| કળથી | ૫૪ | ૩૭૫ | ૩૭૫ |
| રાજમા | ૩૭૦ | ૧૦૫૦ | ૧૮૬૩ |
| મગફળી જાડી | ૪૦૦ | ૧૦૮૦ | ૧૫૪૪ |
| મગફળી જીણી | ૪૦૦ | ૧૦૨૦ | ૧૫૧૫ |
| અળશી | ૪ | ૧૪૦૧ | ૧૪૦૧ |
| તલી | ૨૦૦ | ૧૫૮૦ | ૨૧૩૫ |
| એરંડા | ૨૩૦૦ | ૧૧૮૫ | ૧૨૯૬ |
| સોયાબીન | ૫૦ | ૮૦૦ | ૧૦૨૬ |
| સીંગફાડા | ૪૦૦ | ૧૧૫૦ | ૧૮૫૬ |
| કાળા તલ | ૨૫ | ૨૪૦૦ | ૩૮૦૦ |
| લસણ | ૯૨૦ | ૮૦૦ | ૨૦૦૦ |
| ધાણા | ૧૩૦૦૦ | ૧૯૨૦ | ૨૧૭૦ |
| મરચા સુકા | ૨૮૦ | ૧૮૦૦ | ૬૫૦૦ |
| ધાણી | ૩૦૦૦ | ૨૦૦૦ | ૨૬૦૦ |
| વરીયાળી | ૫૦ | ૧૦૦૦ | ૨૦૨૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૪૫૧ | ૪૧૧૧ |
| રાય | ૩૦૦ | ૯૧૦ | ૧૩૦૦ |
| મેથી | ૮૦૦૦ | ૧૧૦૦ | ૧૪૮૫ |
| અશેરીયો | ૨૫ | ૧૧૩૦ | ૧૧૩૦ |
| કલોંજી | ૯૦૦ | ૨૧૦૦ | ૩૨૧૪ |
| રાયડો | ૮૦૦ | ૮૫૦ | ૧૨૨૫ |

# પૂજા હોબી સેન્ટર-પોદાર પ્રેપના વાર્ષિકોત્સવમાં ૩૦૦થી વધુ બાળકો પરફોર્મન્સ કરવા સજ્જ

## પૂજા હોબી સેન્ટરના ૩૫માં વાર્ષિકોત્સવમાં બેસ્ટ સ્ટુડન્ટ સાથે સાથે દાદા-દાદી નાના-નાની માતા-પિતા ટીચર અને શ્રેષ્ઠભાઈ બહેનોનું પણ કરવામાં આવશે સન્માન

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના શૈક્ષણિક જગતમાં વિદ્યાર્થીઓને ભણતરની સાથે સાથે જીવન ઘડતર ના પાઠ ભણાવતી સસ્તાઓમાં જાણીતી પૂજા ઓફિસ સેન્ટર અને પોદાર પ્રેપ દ્વારા ૩૫ માં વાર્ષિકોત્સવ માં શ્રેષ્ઠ વિદ્યાર્થીઓની સાથે સાથે દાદા દાદી નાના-નાની માતા પિતા ટીચર અને ભાઈ બહેનનું સન્માન કરવા સહિતના એકથી એક ચડિયાતા કાર્યક્રમોની તૈયારીઓ થઈ રહી છે વાર્ષિક ઉત્સવમાં૧૬ કૃતિઓ રજૂ કરવા માટે ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ દ્વારા સતત પ્રેક્ટિસ કરવામાં આવી રહી છે

પૂજા હોબી સેન્ટર ના વાર્ષિક ઉત્સવ માં શાળાના અઢી વર્ષ થી ૧૮ વર્ષ સુધીના બાળકો પરફોર્મન્સ કરશે જેમાં આરતી, મોડેલિંગ, ફેન્સી ડ્રેસ, સેવ ધ ફ્રી, કહેદુ તુમ્હે, મિતવા, સપોર્ટ થીમ, એકરો બેટી કસ, સ્કેટિંગ, વંદે માતરમ મોબાઈલથી, તાળી, યોગ, થેન્ક્યુ ટીચર, ગોવિંદા રિમિક્સ, પાપા કી પરી, દ્વારકાના નાથ જેવી કુર્તીઓ બાળકો રજૂ કરશે

મહત્વ બાળકોના જીવનમાં ખૂબ છે તે ધ્યાને રાખી હોકી ક્રિકેટ બાસ્કેટબોલ જેવી થીમ પર બાળકો પરફોર્મન્સ કરશે ટીચરનું મહત્વ જીવનમાં જરૂરી છે તે માટે નાની નાની દીકરીઓ ક્લાસિકલ ડાન્સ અને પપ્પાની પરિદેવી કૃતિઓ રજૂ કરશે આખા વર્ષ દરમિયાન બેસ્ટ દાદા દાદી નાના-નાની મમ્મી પપ્પા ટીચર બેન ભાઈઓ નેશનલ ઈન્ટરનેશનલ લેવલ સ્કેટિંગ ડાન્સિંગ જીમનેસ્ટીક યોગ ડ્રોઈંગમાં વિજેતા બાળકોનું સન્માન કરવામાં આવશે.

ત્રણ કલાકના ભવ્ય કાર્યક્રમમાં રાજકોટના મહાનુભાવો વાલી ઉપસ્થિત રહેશે ૨૧ થી વધારે કમિટી મેમ્બર આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રાત દિવસ ઉઠાવી રહ્યા છે બાન લેબ પરિવારના મૌલેશ ભાઈ ઉકાણી, યુ ટર્નઓપ્ટિકલ ના ઉમેશભાઈ શેઠ, પ્રાગટ્ય ગ્રુપના દિવ્યેશભાઈ રાઈઠઠ્ઠા, રશ્મિબેન અઢિયા નો સહયોગ આ કાર્યક્રમમાં મળ્યો છે પ્રોગ્રામની વિશેષતા એ છે કે બાળકના જીવનમાં તમામ સહકાર શ્રેષ્ઠ તથા હેલ્ધી ફૂડને અનુરૂપ બધા પર્ફોર્મન્સ તૈયાર કર્યા છે તેથી બાળકોઆ તમામ ભાષા જીવનમાં ઉતારી શકે બે વર્ષથી ૧૮ વર્ષ સુધીના બાળકો એ સ્ટેજ પર ઉચ્ચ કક્ષાની કલાને રજૂ કરવા માટે કમર કસી છે.

વિશ્વના અધિકારથી વધુ દેશોમાં પૂજા ઊભી સેન્ટરના બાળકો પોતાની પ્રતિભા બતાવી ચૂક્યા છે આ તમામને સન્માનિત કરવામાં આવશે પોદાર સ્કૂલના બાળકો નાનપણથી ડેવલપમેન્ટ જેવી પ્રવૃત્તિઓમાં પ્રવૃત્તિ રહે છે. આ વખતે બેસ્ટ ગ્રાન્ડફાધર તરીકે કિશોરભાઈ જોશી દીપકભાઈ ટાંક રમેશભાઈ તંતી, બેસ્ટ ફાધર તરીકે મલાઈ ભાઈ પારેખ વિજય ભાઈ ગેહાની, ગુલાબભાઈ કુંડલીયા પાર્થભાઈ સારથી બેસ્ટ મધર તરીકે અંકિતાબેન ઉદેશી, વિશ્વાબેન પાબારી, રાજેશ્વરી બેન સરવૈયા, નિધિબેન કુંડલીયા, કિર્તીબેન દોશી કિંજલબેન વોરા સોનલબેન વોરા, ઉર્વીશાબેન ચોવટીયા, શ્વેતાબેન ગજેરા, બેસ્ટ ટીચર તરીકે મહેકબેન પઢીયાર હીનાબેન પટણી, બેસ્ટ સ્ટુડન્ટ ઓફ યર ફલક પારેખ, દર્શિતા જાની, શિખા પાબારી, આહના ગેહાણી, મિષ્ટી ગેહાણી, ચાર્મી ઉદેશી, દ્વિતી પારેખ, વામી કા રાણપરા, કૃષિવ સરવૈયા મોહન સરવૈયા, ધ્યાસ કુંડલીયા, વંશ કુંડલીયા, શિવમ પંડ્યા, નકસ સોજીત્રા, પ્રિયાંશી વોરા, અંશ ટાંક, ભાગ્યશ્રી પરિદા, મૈત્રી વાઘમશી, વિયોમાં હર્ષિલ મલકાન અને ત્રિશા લીબડ એ બેસ્ટ નો એવોર્ડ ઉપરાંત સ્કેટિંગ ડાંગ રિયાલિટી શો ઓપન સૌરાજ જીમ્નાસ્ટિક સહિતના એવોર્ડ આપવામાં આવશે આ કાર્યક્રમને સફળ બનાવવા પૂજા ઓફિસ સેન્ટર અને પોદાર પ્રેપઅક્ષર માર્ગના તમામ મેમ્બરો જહેમત ઉઠાવી રહ્યા છે

# માવઠાનો મારઃ કૃષિ વિભાગે સર્વે હાથ ધર્યોઃ રિપોર્ટ બાદ સહાય અંગે વિચારણા

## સર્વે રાજ્યભરમાં થશે અને તેના જે કંઇ રિપોર્ટ આવશે તેના આધારે સરકાર ખેડૂતોને કેવી રીતે મદદરૂપ થઇ શકાય તેનો વિચાર કરશેઃ જીતુ વાઘાણી

### સાત દિવસ બાદ વાતાવરણમાં ફરી પલટો આવશે

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી સાત દિવસ બાદ વાતાવરણમાં ફરી મોટો પલટો આવવાની શક્યતા છે. હાલમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો નોંધાયો છે, અને આગામી ૨૪ કલાક દરમિયાન વધુ ગરમીનો અહેસાસ કરાવશે. માત્ર દિવસનું જ નહીં, પરંતુ રાત્રિના તાપમાનમાં પણ ફેરફાર જોવા મળી રહ્યો છે, ત્યારબાદ તાપમાનમાં સ્થિરતા જોવા મળશે. રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં હાલમાં કોઈ ભારે પવન ફૂંકાવાની શક્યતા નથી.



### રાજ્યભરમાં ગરમીનું જોર વધ્યુંઃ પારો ૪૦ ડિગ્રી સુધી પહોંચશે

**માવઠા અને વાવાઝોડાનો માહોલ વીખાઈ ગયા બાદ રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં તાપમાનનો પારો ચારથી પાંચ ડિગ્રી વધ્યો**

રાજ્યમાં ઉનાળાના પગરવ સાથે હવે ગરમીનો પારો ધીમે-ધીમે ઊંચકાઈ રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આજથી જ તાપમાનમાં નોંધપાત્ર વધારો થવાની શરૂઆત થઈ ગઈ છે. ગત રોજ લઘુતમ તાપમાન ૩૪ ડિગ્રી નોંધાયું હતું, જે આજે વધીને ૩૬ ડિગ્રી સુધી પારો પહોંચી ગયો છે.આગામી બે દિવસો દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં ગરમીનું જોર વધશે અને તાપમાનમાં હજુ પણ ૨ થી ૩ ડિગ્રીનો ઉછાળો જોવા મળી શકે છે.

રાજ્યમાં અમદાવાદ, કેશોદમાં ૩૬ ડિગ્રી સુધી તાપમાન નોંધાયું છે. રાજકોટ, સુરેન્દ્રનગરમાં ૩૬ ડિગ્રી, ગાંધીનગર, ભુજ, ડીસામાં ૩૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે, ગુજરાતમાં હાલ પૂરતું વરસાદનું સંકટ ટળ્યું છે, અને આગામી દિવસોમાં ગરમીનું જોર વધશે તેવી આગાહી સામે આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને રાજસ્થાન પર સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે ૫૦ થી ૭૦ કિમીની ઝડપે ફૂંકાયેલા પવને રાજ્યમાં ધૂળની ડમરીઓ અને વરસાદી માહોલ ઊભો કર્યો હતો.નોંધનીય છે કે,આગામી બે દિવસ દરમિયાન રાજ્યમાં ગરમીનું જોર વધશે અને તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઉછાળો જોવા મળી શકે છે. આ ફેરફાર પાછળ (અનુ. આઠમા પાને)

**અબતક, રાજકોટ**

વિતેલા સપ્તાહમાં ભર ઉનાળે એકાએક વરસેલી આકાશી આફતથી રાજ્યના ખેડૂતોને વધુ એક ગંભીર ફટકો પડ્યો છે. ચોમાસાની મોસમમાં અતિવૃષ્ટી અને દિવાળી ટાણે માવઠાનો માર સહન કરનાર ખેડૂતોને તેજ આંધી પવન અને કરા સાથેના વરસાદથી શિયાળુ પાકનો કોળિયો મોં એ પહોંચે એ પહેલાં જ છીનવાઈ ગયો હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. રાજ્યમાં લગભગ સવા સો તાલુકાઓમાં તો વત્તા ઓછા અંશે વરસાદ નોંધાયો છે જ્યારે આંધી અને પવનના કારણે ઠેકઠેકાણે તબાહી મચી છે. આની વચ્ચે રાજ્યના કૃષિવિભાગે કમોસમી વરસાદથી પાકને નુકશાનીનો સર્વે હાથ ધર્યો છે.કૃષિમંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું છે કે, કલાઈમેટ ચેન્જની સ્થિતિના કારણે વારંવાર બનતી ઘટનાથી ખેડૂતોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે તેમાં શક્ય એટલી સહાય કરવા સરકાર પ્રયાસ કરે છે તેમાં હમણાં થયેલા માવઠાથી ખેતીને ક્યાં કેટલું નુકશાન થયું છે તેનો સર્વે કૃષિ વિભાગને હાથ ધરવાની સૂચના આપવામાં આવી છે. એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું કે, આ સર્વે રાજ્યભરમાં થશે અને તેના જે કંઇ રિપોર્ટ આવશે તેના આધારે સરકાર ખેડૂતોને કેવી રીતે મદદરૂપ થઈ શકાય તેનો વિચાર કરશે. અહીં નોંધવુ જરૂરી છે કે ખરીફ સિઝન વખતે પણ બરાબર આવી જ સ્થિતિ સર્જાઇ હતી. દિવાળીના તહેવારોના લીધે ખેડૂતોએ પાક લણીને અથવા તો તહેવારો પછી તેને લણવાની તૈયારીઓ કરી હતી ત્યાં જ માવઠાએ પરિસ્થિતિ બગાડી મુકી હતી. સરકારે સર્વે કરીને લગભગ દસેક હજાર કરોડના પેકેજની જાહેરાત કરી હતી. જેની ચુકવણી લગભગ થઈ ચૂકી છે.ગત શુક્રવારથી રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો હતો. આમ તો ગુરુવારથી જ ઘણે ઠેકાણે, ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છના ભાગોમાં વાદળો ઘેરાય હતા. શુક્રવારે તેજ આંધી તુફાન સાથે વરસાદ ખાબકી પડ્યો હતો. સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારોમાં ત્રણ ત્રણ દિવસ સુધી વરસાદી માહોલ રહ્યો હતો.

આવી જ સ્થિતિ મધ્ય, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં જોવા મળી હતી. આના કારણે ગીર તલાલા, જૂનાગઢ, અમરેલી કચ્છની પ્રખ્યાત કેરીના પાકને હવે સિઝન શરૂ થાય એ પહેલાં જ ગંભીર ફટકો પડ્યો હતો. આ જ રીતે વલસાડ અને નવસારીમાં હાફૂસ સહિતની જાણીતી કેરીના ફળ પડી ગયા હતા. ચીકુ અને કેળાની વાડીઓને પણમાં છોડ વળી ગયા હતા. ચીકુ ખરી પડ્યા હતા. ખેડૂતોનો ઘઉંનો પાક હવે લણવાની તૈયારીમાં હતો તેના રોપા, ચણા, કપાસ, લસણ, તલ, જીરૂ જેવા પાકને પણ સારું એવુ નુકશાન થયું છે.

# રાજ્યના માછીમારોને બોટ માટે અગાઉ નક્કી કરાયેલા દરે જ ડીઝલ અપાશે

## ભારત પેટ્રોલીયમ દ્વારા ૨૨.૪૩ નો ભાવ વધારો પરત ખેંચાયો

**અબતક, રાજકોટ**

ગુજરાતના દરિયાકાંઠે વસતા માછીમાર ભાઈઓના આર્થિક હિતોના રક્ષણ માટે માછીમારી બોટના ડીઝલના ભાવ વધારા અંગે મહત્વનો ઉકેલ લાવ્યા છે.અને ભારત પેટ્રોલિયમ દ્વારા રૂ. ૨૨.૪૩ નો ભાવ વધારો પરત ખેંચવામાં આવ્યો છે.

ગુજરાત સરકારના મત્સ્ય સંઘ દ્વારા માછીમારોને ડિસ્કાઉન્ટ ભાવે ડીઝલ મળી રહે તે માટે ભારત પેટ્રોલિયમ સાથે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. જોકે, તાજેતરમાં ભારત પેટ્રોલિયમ દ્વારા માછીમારો માટેના ડીઝલના ભાવમાં લિટર દીઠ રૂ. ૨૨.૪૩ નો વધારો કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જેને પગલે માછીમારોમાં કચવાટ ફેલાયો હતો. આ નિર્યનને લઈ સ્થાનિક આગેવાનો અને વિવિધ માછીમારી સંસ્થાઓ દ્વારા રાજયના મત્સ્યોદ્યોગ મંત્રીને રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમા જણાવ્યું હતું કે, જે રીતે રાજ્ય માર્ગ પરિવહન નિગમને ભાવ વધારામાંથી મુક્તિ આપવામાં આવી છે, તે જ રીતે મત્સ્યોદ્યોગ ક્ષેત્રને પણ 'સ્પેશિયલ એકસેપ્શન' ગણીને રાહત આપવી જોઈએ. માછીમારોને 'કન્ઝ્યુમર સેગમેન્ટ'ને બદલે રિટેલ ગ્રાહકોની સમકક્ષ ગણવા આગ્રહ કર્યો હતો. ગુજરાત રાજ્યના માછીમારોની આ વાજબી રજૂઆતને સ્વીકારી છે. જેના પરિણામે, કેન્દ્ર સરકારે ભારત પેટ્રોલિયમને માછીમારોની બોટમાં વપરાતા ડીઝલના ભાવમાં કરાયેલો રૂ. ૨૨.૪૩નો વધારો પાછો ખેંચવા સ્પષ્ટ સૂચના આપી છે. જેથી રાજ્યના માછીમારોને હવે અગાઉ નક્કી થયેલા રાહત દરે જ ડીઝલ પ્રાપ્ત થશે.આ નિર્યન ને લઈ માછીમારોમાં રાહતની લાગણી ફેલાઈ છે.



# રાહુલ ગાંધી આજે વડોદરામાં કાલથી કેજરીવાલ અને માન ગુજરાતને ધમરોળશે

## "આપ"ના બંને નેતાઓનું કાલે સાંજે રાજકોટમાં આગમન બુધવારે અમરેલી અને ગુરૂવારે જામનગરમાં વિજય વિશ્વાસ સભા યોજાશે, શુક્રવારે દાહોદમાં વિશાળ સભા

**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજની ચૂંટણીની પડઘમ વાગી રહ્યા છે ત્યારે ગુજરાતમાં દરેક રાજકીય પક્ષે પોતાનો પ્રચાર આરંભ્યો છે. કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને લોકસભાના વિરોધપક્ષના નેતા આજે ગુજરાતની મુલાકાતે આવ્યા છે.તેઓએ વડોદરા ખાતે પ્રજાજનો સાથે સંવાદ કર્યો હતો. દરમિયાન આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના (અનુ. આઠમા પાને)



# પ્રાથમિક મતદાર યાદી પ્રસિદ્ધ / રાજકોટના ૧૮ વોર્ડમાં ૯,૮૫,૯૫૨ મતદારો

## શહેરમાં કુલ ૧૧૬ મતદાન મથકો વોર્ડ નં.૧૧માં સૌથી વધુ ૯૦,૧૪૮ મતદારો જ્યારે વોર્ડ નં. ૧૫માં સૌથી ઓછા ૪૦,૭૮૯ મતદારો

### ત્રીજી જાતિના માત્ર ૧૮ મતદારોઃ સૌથી વધુ વોર્ડ નં.૭માં

**૧૦ વોર્ડમાં ત્રીજી જાતિના એકપણ મતદાર નથી !**

આજે જાહેર કરવામાં આવેલી પ્રાથમિક મતદાર યાદીમાં શહેરના ૧૮ વોર્ડમાં ત્રીજી જાતીના કુલ ૧૮ મતદારો છે. જે પૈકી સૌથી વધુ પાંચ મતદારો વોર્ડ નં.૭માં વસવાટ કરે છે. આ ઉપરાંત વોર્ડ નં.૧માં ત્રીજી જાતિના એક મતદાર વોર્ડ નં.૩,૪,૮,૧૧, ૧૪ અને ૧૫માં બબ્બે મતદારો છે. નવ વોર્ડમાં ત્રીજી જાતિના મતદારો વસવાટ કરે છે. જ્યારે વોર્ડ નં. ૨,૫, ૬, ૯, ૧૦,૧૨, ૧૩,૧૬, ૧૭ અને ૧૮ માં એકપણ ત્રીજી જાતિને મતદાર નથી.

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ૧૮ વોર્ડની પ્રાથમિક મતદાર યાદી આજે પ્રસિદ્ધ કરવામાં આવી છે. શહેરના ૧૮ વોર્ડમાં કુલ ૯,૮૫,૯૫૨ મતદારો છે. જેમાં પુરુષ મતદારોની સંખ્યા ૫,૧૦,૦૮૬ અને મહિલા મતદારોને સંખ્યા ૪,૭૫,૮૪૮ છે. ત્રીજી જાતિના કુલ ૧૮ મતદારો છે. ૧૦૧૬ મતદાન બુથો ઉભા કરવા પડશે.

સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી હવે ગમે ત્યારે જાહેર કરવામાં આવે તેવી સંભાવના જણાઈ રહી છે.ત્યારે આજે ચૂંટણી પંચ દ્વારા પ્રાથમિક મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જેમાં રાજકોટ મહાપાલિકા તમામ ૧૮ વોર્ડ માટેની મતદાન યાદી પ્રસિદ્ધ કરાય છે. શહેરના વોર્ડ નં.૧માં ૬૭૧૮૫ મતદારો, વોર્ડ નં.૨માં ૪૪૩૧૫ મતદારો, વોર્ડ નં.૩માં ૭૩,૩૩૧ મતદારો, વોર્ડ નં.૪માં ૫૭,૯૮૭ મતદારો,વોર્ડ નં.૫માં ૪૦,૮૦૭ મતદારો, વોર્ડ નં ૬ માં ૪૨,૨૨૬ મતદારો, વોર્ડ નં.૭માં ૪૭,૫૦૭ મતદારો, વોર્ડ નં.૮માં ૫૪,૮૮૬ મતદારો, વોર્ડ નં. ૯માં ૬૫,૧૬૩ મતદારો, વોર્ડ નં. ૧૦માં ૪૮,૮૦૨ મતદારો, વોર્ડ નં. ૧૧માં સૌથી વધુ ૯૦,૧૪૮ મતદારો, વોર્ડ નં. ૧૨માં ૫૮,૦૦૧ મતદાર, વોર્ડ નં .૧૩ માં ૪૯,૦૬૭ મતદાર, વોર્ડ નં.૧૪માં ૪૯,૨૭૧ મતદાર,વોર્ડ નં. ૧૫માં સૌથી ઓછા ૪૦,૭૮૯ મતદારો વોર્ડ નં. ૧૬માં ૪૨૦૧૨ મતદારો, વોર્ડ નં.૧૭માં ૫૦,૦૪૧ મતદાન અને વોર્ડ નં.૧૮માં ૬૪૪૧૪ મતદારો છે. શહેરમાં કુલ ૫,૧૦,૦૮૬ પુરુષ મતદારો અને ૪,૭૫,૮૪૮ મહિલા મતદારો છે. જ્યારે ત્રીજી જાતિના કુલ ૧૮ મતદારો પ્રાથમિક મતદાર યાદીમાં દર્શાવવામાં આવ્યા છે. કુલ ૧,૦૧૬ મતદાન મથકો ઉભા કરવા પડશે.

### ગત ચૂંટણી કરતાં ૧૦૮૦૩૯ મતદારો ઘટ્યા !!

મતદાર યાદી સુધારણા કાર્યક્રમના કારણે છેલ્લા પાંચ વર્ષમાં શહેરમાં મતદારોની સંખ્યામાં વધારો થવાના બદલે ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૨૧માં યોજાયેલી રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૧૦,૯૩,૯૯૧ મતદારો હતા. જેની સામે આજે પ્રસિદ્ધ કરવામાં આવેલી પ્રાથમિક મતદાન યાદીમાં ૯,૮૫,૯૫૨ મતદારો છે. ગત પાંચ વર્ષમાં મતદારોની સંખ્યા ૧,૦૮,૦૩૯ ઘટી ગઈ છે.

### સ્ત્રી મતદારો કરતા પુરુષ વોટરોની સંખ્યા ૩૪૨૩૮ વધુ

શહેરમાં પુરુષ મતદારોને સંખ્યા મહિલા મતદારો કરતા વધુ છે.આજે જાહેર કરાયેલી મતદાન યાદીમાં શહેરના ૧૮ વોર્ડમાં ૯,૮૫,૯૫૨ મતદારો છે.

જેમાં પુરુષ મતદારોને સંખ્યા ૫,૧૦,૦૮૬ અને મહિલા મતદારોની સંખ્યા ૪,૭૫,૮૪૮ છે. પુરુષ મતદારોની સંખ્યા મહિલાઓ કરતા ૩૪૨૩૮ વધુ હોવાનું જાણવા મળી રહ્યું છે.

# નયારાના પંપ બંધઃ પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો ફાળવવાની આઇઓસીની ખાતરી

## છેલ્લા એક સપ્તાહથી આઈઓસી દ્વારા પૂરતા માલની સપ્લાય કરવામાં આવતી ન હોય પેટ્રોલ પંપ એસોસિએશનના હોદ્દેદારોએ અધિકારીઓ સાથે કરી બેઠકઃ આવતીકાલ સવાર સુધીમાં સપ્લાય ચેન વ્યવસ્થિત ગોઠવાઇ જશે તેવી બાહેંધરી







તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

ઈરાન અને ઈઝરાયલ - અમેરિકા વચ્ચે છેલ્લા ૨૪ દિવસથી ચાલી રહેલા ભીષણ યુદ્ધના કારણે હવે ભારત સહિતના દેશોમાં ઈંધણની અછત સર્જાવવા માંડી છે. નયારા અને કેટલાક સ્થળે રિલાયન્સના પેટ્રોલ પંપ પર પેટ્રોલ અને ડિઝલનું વેંચાણ બંધ કરી દેવામાં આવ્યું છે. આઈઓસી દ્વારા પણ છેલ્લા કેટલાક દિવસથી ડીલરોને માલ પૂરતા પ્રમાણમાં સપ્લાય કરવામાં ન આવતો હોવાના કારણે સ્થિતિ થોડીક વિકટ બની છે. દરમિયાન આજે સવારે પેટ્રોલ પંપના એસોસિએશનના હોદ્દેદારો અને ડિલરો આઈઓસીના જનરલ મેનેજરને મળ્યા હતા. જેમાં અધિકારીઓ દ્વારા એવી બાહેંધરી આપવામાં આવી છે કે પેટ્રોલ અને ડિઝલની કોઈ જ અછત નથી. પૂરતા પ્રમાણમાં જથ્થાની ફાળવણી કરવામાં આવશે. સપ્લાય ચેનને વ્યવસ્થિત ગોઠવી દેવામાં આવશે.

ગુજરાત પેટ્રોલીયમ એસોસિએશનના જનરલ સેક્રેટરી ધીમંતભાઈ ઘેલાણીએ જણાવ્યું હતું કે રાજ્યમાં ૫૭% પેટ્રોલ અને ડિઝલનો જથ્થો આઈઓસીએલ દ્વારા સપ્લાય કરવામાં આવે છે. જ્યારે એચપીસીએલ અને બીપીસીએલ દ્વારા ૪૩% જથ્થો સપ્લાય કરવામાં આવે છે. છેલ્લા ઘણા દિવસોથી ડિલરને માલ સપ્લાય કરવામાં આવતો નથી. જેના કારણે થોડી મુશ્કેલી ઉભી થઇ છે. આજે આઈઓસીના અધિકારીઓને આ સંદર્ભે રજૂઆત કરવામાં આવી હતી. જેમાં તેઓએ એવી ખાતરી આપી છે કે આજ સાંજ સુધીમાં અથવા વધીને આવતીકાલ સવાર સુધીમાં સ્થિતિ થાળે પડી જશે. પૂરતા પ્રમાણમાં પેટ્રોલ અને ડિઝલનો જથ્થો (અનુ. આઠમા પાને)

### રાજકોટ જિલ્લામાં ૩૬૧ પેટ્રોલ પંપો પર ઈંધણનો પુરવઠો યથાવતઃ કલેકટર ડો.ઓમપ્રકાશ

**ગેરમાર્ગે ન દોરાવા જિલ્લાવાસીઓને કલેક્ટર ડો. ઓમ પ્રકાશનો અનુરોધ**

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર અને જિલ્લામાં છેલ્લા થોડા સમયથી પેટ્રોલ અને ડીઝલની અછત અંગે વહેતા થયેલા અહેવાલો બાબતે કલેક્ટર ડો. ઓમ પ્રકાશે નાગરિકોને ખાતરી આપતા જણાવ્યું કે જિલ્લાના તમામ પેટ્રોલ પંપો પર ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.



જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં ૨૬૪ અને શહેર વિસ્તારમાં ૯૭ મળીને કુલ ૩૬૧ પેટ્રોલ પંપ કાર્યરત છે. જેમાં પૂરતા પ્રમાણમાં પેટ્રોલ- ડીઝલનો જથ્થો ઉપલબ્ધ છે. તેલ કંપનીઓ દ્વારા પણ પુરવઠો નિયમિત રીતે પૂરો પાડવામાં આવી રહ્યો છે.નાગરિકોએ ગભરાટમાં આવીને પેટ્રોલ પંપો પર ભીડ કરવાની જરૂર નથી.

આ સાથે સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમો દ્વારા ફેલાતી ખોટી માહિતી કે અફવાઓથી ગેરમાર્ગે ન દોરાવા કલેક્ટરશ્રીએ નમ્ર અપીલ કરી છે.

64 માં વર્ષમાં મંગલ પ્રવેશ
રાજકોટ દશાશ્રીમાળી વણીક મહાજન ટ્રસ્ટ જનરલ હોસ્પીટલ
કોઠારીયાનાકા, રાજકોટ. મો.: ૮૪૦૧૭ ૯૯૧૦૯